RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 07-05-2026 I VOL : 12 I Issue : 51 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે... અને, ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે...

3  વિજયની નૌકાને કોંગ્રેસનો સહારો...! : સરકાર બનાવવા સમર્થન જાહેર, પણ મુકાઈ...

4  ઈથેનોલથી દોડશે વાહનો : સરકાર 100 ટકા બ્લેંડિંગ કરવાની તૈયારીમાં

6  પૂજા હેગડેએ કરી હતી થલાપતિ વિજયના 'વિજય'ની ભવિષ્યવાણી

7  ખેલાડીઓએ ફ્રેન્ચ ઓપન બહિષ્કાર કરવાની ચેતવણી આપી

## એક નજર...

### Malaika Arora છવાઈ કાતિલ અદાઓથી



મલાઈકા અરોરાએ તાજેતરમાં એક ગ્લેમરસ ફોટોશૂટ કરાવ્યું છે. તેના ફોટોઝ સોશિયલ મીડિયામાં ઝડપથી વાયરલ થઈ રહ્યા છે. સામે આવેલા દરેક ફોટોમાં મલાઈકાનો ગ્લેમરસ અંદાજ જોવા મળી રહ્યો છે. મલાઈકાએ નવા ફોટોશૂટમાં શાનદાર અને ડિઝાઈનર આઉટફિટ કેરી કર્યા છે. ગ્રીન ગાઉનમાં તે કમાલ દેખાઈ રહી છે.

## NEWS TRACK

### ઇટાલીના પીએમની અશ્લીલ ડીપફેક તસવીર વાયરલ: મેલોની બોલ્યા- આ કોઈની પણ સાથે થઈ શકે છે

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાની અશ્લીલ ડીપફેક તસવીર પર વાંધો ઉઠાવ્યો છે. તેમણે આ તસવીર શેર કરતા લખ્યું કે, આ દિવસોમાં મારી ઘણી નકલી તસવીરો ફેલાઈ રહી છે, જેને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી બનાવવામાં આવી છે અને કેટલાક લોકો તેને અસલી ગણાવીને શેર કરી રહ્યા છે. મેલોનીએ કહ્યું, 'મારે સ્વીકારવું પડશે કે જેણે આ તસવીરો બનાવી છે, તેણે કેટલાક કિસ્સાઓમાં મને વધુ સારી બતાવી છે. પરંતુ અસલી વાત એ છે કે હવે લોકો કોઈના પર હુમલો કરવા અને જૂઠ ફેલાવવા માટે કંઈ પણ કરવા લાગ્યા છે.' તેમણે કહ્યું કે આ ફક્ત મારા વિશે નથી. ડીપફેક એક ખતરનાક વસ્તુ છે, કારણ કે તે લોકોને છેતરી શકે છે, તેમને ગેરમાર્ગે દોરી શકે છે અને કોઈને પણ નિશાન બનાવી શકે છે. હું તો પોતાનો બચાવ કરી શકું છું, પરંતુ ઘણા લોકો આવું કરી શકતા નથી. મેલોનીએ લોકોને કહ્યું કે એક વાત હંમેશા યાદ રાખવી જોઈએ: પહેલા તપાસ કરો, પછી ભરોસો કરો અને ભરોસો કર્યા પછી જ શેર કરો કારણ કે આજે આ મારી સાથે થઈ રહ્યું છે, કાલે આ કોઈની પણ સાથે થઈ શકે છે.

### કંગાળ પાકિસ્તાને 50 વર્ષ પછી ફરી દારૂ વેચવાનું શરૂ કર્યું:બિન-મુસ્લિમ દેશોને સપ્લાય કરશે

દેવાથી ઝઝૂમી રહેલા પાકિસ્તાને 50 વર્ષ પછી ફરીથી અન્ય દેશોને દારૂ વેચવાનું શરૂ કર્યું છે. દેશની એકમાત્ર સ્થાનિક કંપની મરી બ્રુઅરીએ એપ્રિલ 2026માં બ્રિટન, જાપાન, પોર્ટુગલ અને થાઈલેન્ડ જેવા દેશોને બિયર અને અન્ય આલ્કોહોલિક ડ્રિંક્સની નિકાસ કરી છે. કંપનીના એક્સપોર્ટ મેનેજર રમીઝ શાહના જણાવ્યા અનુસાર, હાલમાં શરૂઆતમાં વિદેશોમાં નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે અને ભવિષ્યમાં ઉત્પાદન વધારવાની યોજના છે. પાકિસ્તાનમાં મુસ્લિમ વસ્તી માટે લગભગ 50 વર્ષ પહેલાં ઈસ્લામિક નિયમોનો હવાલો આપીને દારૂ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પછી દારૂની નિકાસ પણ બંધ થઈ ગઈ હતી. જોકે, પાકિસ્તાનમાં બિન-મુસ્લિમો માટે કેટલીક છૂટ હતી. પાકિસ્તાન સરકારે 2025માં દારૂની નિકાસની મંજૂરી આપી હતી.

## કેન્દ્ર સરકારનો ઐતિહાસિક નિર્ણય

# હવે 'વંદે માતરમ્'ને પણ રાષ્ટ્રગીત જેવો દરજ્જો

- રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ્'ને 150 વર્ષ
- બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત 'વંદે માતરમ્' પર એ જ નિયમો અને પ્રતિબંધો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રગીત 'જન ગણ મન' માટે છે

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં પ્રચંડ જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની પહેલી બેઠક યોજાઈ હતી, જેમાં દેશભક્તિ અને રાષ્ટ્રીય ભાવનાનું ઐતિહાસિક પ્રતીક રાષ્ટ્રીય ગાન 'વંદે માતરમ્'ને દેશની એકતા અને સાર્વભૌમત્વનું પ્રતીક રાષ્ટ્રગીત 'જન ગણ મન' જેવો જ દરજ્જો આપવાની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. બેઠકમાં ઉપસ્થિત મંત્રીઓએ બંગાળમાં ભાજપની જીત બદલ પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા છે. કેબિનેટની બેઠકમાં સરકારે 'રાષ્ટ્રીય ગૌરવ અપમાન નિવારણ અધિનિયમ'માં સુધારાનો



પ્રસ્તાવ સ્વીકારી લીધો છે. આ સુધારો લાગુ થયા બાદ બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત 'વંદે માતરમ્' પર એ જ નિયમો અને પ્રતિબંધો લાગુ થશે જે અત્યારે રાષ્ટ્રગીત 'જન ગણ મન' માટે છે. તેનું ઉલ્લંઘન સંજ્ઞેય ગુનો માનવામાં આવશે. સંજ્ઞેય એટલે કે પોલીસને વોરંટ વગર ધરપકડ કરવાનો અને કોર્ટની મંજૂરી વગર કેસની તપાસ શરૂ કરવાની સત્તા હોય છે. વર્તમાન કાયદા હેઠળ રાષ્ટ્રધ્વજ, બંધારણ અથવા રાષ્ટ્રગાનના અપમાન પર જેલ, દંડ અથવા બંને સજાની જોગવાઈ છે. વર્તમાન ફેરફાર પછી 'વંદે માતરમ્'ને પણ આ જ દાયરામાં સામેલ કરવામાં આવશે

## ધાની મીડિયા પરિવારનું ગૌરવ: પવન માકનની સુપુત્રીઓએ મારી મેદાન, માતાની તપસ્યા ફળી

ગાંધીનગર/અમદાવાદ

કહેવાય છે કે 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ', આ ઉક્તિને સાર્થક કરી બતાવી છે ધણી મીડિયાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પવન માકનજીના પરિવારે. તાજેતરમાં જાહેર



થયેલ SSC પરીક્ષાના પરિણામોમાં માકન પરિવારની દીકરીઓએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરીને સમગ્ર સમાજ અને મીડિયા જગતમાં ખુશીની લહેર પ્રસરાવી દીધી છે.

દીકરીઓએ વધાર્યું પરિવારનું માન

dhani મીડિયાના MD પવન માકનની મોટી દીકરી ધણી માકને SSCની પરીક્ષામાં શાનદાર સફળતા મેળવીને પિતાનું નામ રોશન કર્યું છે. માત્ર ધણી જ નહીં, પરંતુ તેમની સાથે સાચી અંશી માકને પણ ખૂબ જ સારા ગુણ મેળવીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. આ બંને દીકરીઓની સફળતાએ સાબિત કરી દીધું છે કે જો મનમાં મક્કમ નિર્ધાર હોય તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી.

માતા સરબજીત માકનની કઠોર મહેનત અને સમર્પણ

આ ભવ્ય સફળતા પાછળ કોઈનો સૌથી મોટો હાથ હોય તો તે છે તેમના માતા શ્રીમતી સરબજીત માકન. સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે તેમણે દિવસ-રાત જોયા વગર કરેલી મહેનત આજે રંગ લાવી છે. પોતાના સંતાનોને શિક્ષણ પ્રત્યે પ્રેરિત કરવા અને તેમને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવા માટે સરબજીતજીએ જાતે રાત-દિવસ એક કર્યા હતા.

'સંતાનોની સફળતા એ માતાના સંસ્કાર અને તેની મહેનતનું પ્રતિબિંબ હોય છે.'

### સર્વત્ર અભિનંદનનો વરસાદ

માકન પરિવારની આ બેવડી ખુશીને વધાવવા માટે સ્નેહીજનો અને મિત્રવર્તુળ તરફથી અભિનંદનનો ધોધ વહી રહ્યો છે. આવી માતાઓને વંદન છે જેઓ પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારો આપીને રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપી રહી છે.

'પાક્કો ગુજરાત' તરફથી ધણી માકન, સાચી અંશી માકન અને સમગ્ર માકન પરિવારને આ સુવર્ણ સફળતા બદલ ખૂબ ખૂબ અભિનંદન અને ભવિષ્ય માટે અનેકગણી શુભેચ્છાઓ!

## આર્મી કેમ્પ-BSF હેડક્વાર્ટરની બહાર IED બ્લાસ્ટ, CM માન બોલ્યા- BJPએ કરાવ્યા

જલંધર

જલંધરમાં BSF હેડક્વાર્ટરની બહાર મંગળવારે રાત્રે વિસ્ફોટ થયો. તેમાં ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED)નો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું કહેવાય છે. સદનસીબે, વિસ્ફોટમાં કોઈને ઈજા થઈ નથી. આ બ્લાસ્ટનો વીડિયો પણ સામે આવ્યો છે. તે જ સમયે, અમૃતસરમાં આર્મી કેમ્પની અંદર પણ ગ્રેનેડ હુમલાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તે દિવાલ સાથે અથડાઈને ફાટી ગયો. DGP ગૌરવ યાદવે અમૃતસર પહોંચીને સ્થળનું નિરીક્ષણ કર્યું. તેમણે સ્વીકાર્યું કે જલંધર અને અમૃતસરમાં IED બ્લાસ્ટ થયા હતા. તેમણે કહ્યું કે જલંધરમાં ટાઈમર કે રિમોટથી બ્લાસ્ટ કરવામાં આવ્યો હોવાની શક્યતા છે. તેમાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓનો હાથ છે. ઓપરેશન સિંદૂરની વર્ષગાંઠને કારણે વિસ્ફોટો કરવામાં આવ્યા હોઈ શકે છે. DGP હવે જલંધર પહોંચ્યા છે. તે જ સમયે, શ્રી આનંદપુર સાહિબથી શુક્રાના યાત્રા દરમિયાન પંજાબના CM ભગવંત માને કહ્યું કે આ બ્લાસ્ટ ભાજપની ચૂંટણીની તૈયારી છે. ભાજપ નાના-મોટા બ્લાસ્ટ કરાવીને લોકોને ડરાવીને વોટ મેળવવા માંગે છે. આ ભાજપની સ્ટાઈલ છે. ચૂંટણીવાળા રાજ્યોમાં બ્લાસ્ટ અને રમખાણો કરાવી દો. આ દરમિયાન, જલંધર AAP નેતૃત્વએ પુષ્ટિ કરી છે કે CMએ તેમનો જલંધર પ્રવાસ રદ કર્યો છે. તેઓ અહીં શુક્રાના કાર્યક્રમમાં ભાગ લેવાના હતા. વિસ્ફોટ બાદ ચંદીગઢમાં હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તે જ સમયે, જલંધર બ્લાસ્ટની જવાબદારી ખાલિસ્તાન લિબરેશન આર્મી (KLA)એ એક પોસ્ટ શેર કરીને લીધી.

## બારડોલીનું ગંગાધરા બન્યું 'જુગારનું હોટસ્પોટ'? સ્થાનિકોમાં રોષ, તંત્ર પર ગંભીર સવાલો




બારડોલીના ગંગાધરા ગામમાંથી ઉઠેલા અવાજોએ હવે ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ગામમાં ગેરકાયદેસર જુગારધામ ચાલી રહ્યું હોવાના આરોપો વચ્ચે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. સ્થાનિક સૂત્રો અને ચર્ચાઓ મુજબ, ગામમાં નિયમિત રીતે ત્રિપત્તી, વરલી મટકા જેવા જુગાર રમાડાતા હોવાના દાવા થઈ રહ્યા છે. સૌથી ચોંકાવનારી વાત એ છે કે આ પ્રવૃત્તિઓ સાથે ગામના પ્રભાવશાળી લોકોના નામ જોડાઈ રહ્યા હોવાની ચર્ચા છે, જેના કારણે મામલો વધુ સંવેદનશીલ બની ગયો છે. ગામના લોકોનો આરોપ છે કે બહારથી પણ જુગારીયો અહીં પહોંચે છે અને રોજ લાખો રૂપિયાની હેરફેર થતી હોવાની શંકા છે. જો આ દાવાઓ સાચા સાબિત થાય, તો આ માત્ર કાનૂની નહીં પરંતુ સામાજિક રીતે પણ ગંભીર પ્રશ્ન ઊભો કરે છે. આ મુદ્દે સૌથી મોટો સવાલ કાયદો અને વ્યવસ્થા પર ઊભો થાય છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે જવાબદાર તંત્ર સુધી આ બાબત પહોંચી હોવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી જોવા મળી નથી. જેના કારણે લોકોમાં અસંતોષ અને નિરાશા વધી રહી છે.

### યુવાનો પર ખતરો?

ગામના જાગૃત નાગરિકો ચેતવણી આપી રહ્યા છે કે આવા ગેરકાયદેસર ધંધા યુવા પેઢીને ખોટી દિશામાં ધકેલી શકે છે. જો સમયસર પગલાં નહીં લેવાય તો પરિસ્થિતિ વધુ વિકટ બની શકે છે.

### પાક્કો ગુજરાતનો સવાલ:

શું ગંગાધરા ગામમાં ચાલતી આ ચર્ચાઓ માત્ર અફવા છે કે હકીકતમાં કોઈ મોટું ગેરકાયદેસર નેટવર્ક કાર્યરત છે?

### માગ ઉઠી:

સ્થાનિકોએ ઉચ્ચ અધિકારીઓ પાસે નિષ્પક્ષ તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.

## રેલવેના પાટા પર વહેતી 'ઇંગ્લિશ' દારૂની નદી: વાપીથી સુરત સુધી 'પ્રવીણ'નું સમાંતર શાસન!

# ધડાકો: ખાકીની 'કૃપા' અને વહીવટદારના 'હપ્તા'એ ગુજરાતની દારૂબંધીના ધજાગરા ઉડાડ્યા; રોજ ઉતરે છે 800 પેટી દારૂ

[પવન માકન | વલસાડ/વાપી]

ગુજરાતમાં કહેવા માટે તો દારૂબંધી છે, પરંતુ વાસ્તવિકતામાં અહીં રેલવેના પાટા પર જાણે 'મયખાનું' દોડી રહ્યું છે. વાપીથી લઈને સુરત સુધીનો રેલવે સેક્શન હાલમાં દારૂના તસ્કરો માટે 'ગ્રીન કોરિડોર' બની ગયો છે. મહાનગર મેટ્રોને મળેલી પાકી માહિતી મુજબ, આ આખા કાળા સામ્રાજ્યનો બેતાજ બાદશાહ 'પ્રવીણ' નામનો કથિત વહીવટદાર છે, જેના ઈશારે કાયદાની આંખમાં ધૂળ નાખીને દરરોજ કરોડોનો કારોબાર થઈ રહ્યો છે.




### પાર્સલની આડમાં 'ઝેર'ની સપ્લાય

સૂત્રોનો દાવો છે કે વાપી લાઈનથી પાર્સલની આડમાં મોટા પાયે વિદેશી દારૂની હેરાફેરી કરવામાં આવી રહી છે. દરરોજ 500 થી 800 પેટી દારૂ વાપી, વલસાડ, ઉદવાડા, અતુલ અને પારડી જેવા સ્ટેશનો પર બિન્દાસ ઉતારવામાં આવે છે. રેલવે સ્ટેશનો પર તૈનાત સુરક્ષા એજન્સીઓ કાં તો આંખ આડા કાન કરી રહી છે અથવા તો આ રમતમાં બરાબરની ભાગીદાર છે.

### સિન્ડિકેટના 'ચહેરા' આવ્યા સામે

આ ગેરકાયદેસર વ્યવસાય ચલાવવા માટે એક સંગઠિત ગેંગ કામ કરી રહી છે. માહિતી મુજબ:

* આકાશ, વિનોદ, સાગર અને વિજય: આ એ નામ છે જે ગ્રાઉન્ડ લેવલ પર દારૂના ધંધાનું સંચાલન કરે છે.

* ગોવા કનેક્શન: આ ગેરકાયદે લાઈનને ગોવા સાથે જોડનારા મુખ્ય સાગરીતો બાબુ માજરો, જીતુ માલ્યા અને ટીનુ છે.

આ બધાનો મુખ્ય સૂત્રધાર પ્રવીણ વહીવટદાર હોવાનું કહેવાય છે, જે ઉપરથી નીચે સુધી 'મેનેજમેન્ટ'નું કામ જુએ છે.

### લાખોનો 'હપ્તો' અને સિસ્ટમની ચૂપકીદી

સૌથી ચોંકાવનારો ખુલાસો એ છે કે આ ગેરકાયદેસર ધંધાને સંરક્ષણ આપવાના બદલામાં રેન્જ આઈજી, રેલવે એસપી, આરપીએફ (RPF) અને જીઆરપી (GRP) ના નામે લાખો રૂપિયાનો હપ્તો વસૂલવામાં આવે છે.

સૂત્રોનું કહેવું છે કે પ્રવીણ વહીવટદાર દર મહિને મોટી રકમ પોલીસના વિવિધ વિભાગો સુધી પહોંચાડે છે, જેના કારણે આજ દિન સુધી આ તસ્કરો પર કોઈ મોટી કાર્યવાહી થઈ નથી.

'શું આ ગુજરાતની દારૂબંધી છે કે માત્ર પૈસાની રમત? જો રેલવે સ્ટેશનો પર ખુલ્લેઆમ દારૂની પેટીઓ ઉતરતી હોય, તો ઉચ્ચ અધિકારીઓની ભૂમિકા પર સવાલ ઉઠવો સ્વાભાવિક છે.'

1. જ્યારે સ્ટેશનો પર સીસીટીવી અને મોટો પોલીસ કાફલો હોય છે, તો 800 પેટીઓ કેવી રીતે ગાયબ થઈ જાય છે?
2. પ્રવીણ જેવા 'વહીવટદાર' પર કોના રાજકીય આશીર્વાદ છે?
3. શું રેન્જ આઈજી અને એસપી સ્તર સુધી પહોંચતા 'હપ્તા'ની જાણ સરકારને છે?

આ ખુલાસા બાદ હવે જોવાનું એ રહે છે કે પ્રશાસન આ દારૂ માફિયાઓ પર લગામ કસે છે કે પછી ગાંધીના ગુજરાતમાં પાટા પર આ જ રીતે દારૂનો 'નશો' દોડતો રહેશે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# ‘હું ચલાવું છું’ એ અહંકાર છોડો, એક-બે ભ્રષ્ટાચારીઓ આખા વિભાગને બદનામ કરે છે...! : CM ભૂપેન્દ્ર પટેલ

## અડાલજ ચિંતન શિબિરમાં મુખ્યમંત્રીની અધિકારીઓને લાલ આંખ : ‘સિસ્ટમથી કામ કરો, વ્યક્તિગત મનસ્વીપણું નહીં ચાલે’



ગાંધીનગર/અડાલજ

રાજ્યના વહીવટી તંત્રને વેગવંતું બનાવવા અને પારદર્શિતા લાવવા માટે અડાલજ ખાતે આયોજિત *’ચિંતન શિબિર’*માં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓનો ઉધડો લીધો છે. મુખ્યમંત્રીએ અત્યંત મક્કમ લહેજામાં અધિકારીઓને ટકોર કરી છે કે, સરકારી વિભાગો કોઈની પેઢી નથી. ‘હું ચલાવું છું’ અને ‘મારા વગર નહીં ચાલે’ એવી માનસિકતામાંથી બહાર આવવાની CMએ કડક સૂચના આપી છે.

“એક-બે સડેલા સફરજન આખી ટોપલી બગાડે છે”

મુખ્યમંત્રીએ ભ્રષ્ટાચાર અને અનિયમિતતા પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, કોઈ એક કે બે લોકોની ખોટી નીતિ કે લાલચના કારણે આખા વિભાગની છબી ખરાબ થાય છે. મહેનતુ અને પ્રામાણિક અધિકારીઓની શાખ પર પણ આવા તત્વોને કારણે સવાલ ઉઠે છે, જે હવે સાંખી લેવામાં નહીં આવે.

અહંકાર ત્યાગો: ‘હું આખું ડિપાર્ટમેન્ટ ચલાવું છું‘ એ ભ્રમમાંથી અધિકારીઓ બહાર આવે. કામ સિસ્ટમથી થવું જોઈએ, વ્યક્તિથી નહીં.

છબી સુધારો: સરકારી કચેરીઓમાં આવતા સામાન્ય માણસને ધક્કા ન ખાવા પડે અને પારદર્શક વહીવટ થાય તે જોવાની જવાબદારી અધિકારીઓની છે.

જવાબદારી નક્કી થશે: જો કોઈ વિભાગમાં ગેરરીતિ જણાશે, તો માત્ર નાના કર્મચારીઓ જ નહીં, પણ ઉચ્ચ અધિકારીઓએ પણ જવાબ દેવો પડશે.

વહીવટમાં ‘ચિંતન’ની જરૂર કેમ પડી?

સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા કેટલાક સમયથી સચિવાલય અને જિલ્લા સ્તરે અધિકારીઓ વચ્ચેના સંકલનનો અભાવ અને કેટલીક નકારાત્મક ફરિયાદો મુખ્યમંત્રી સુધી પહોંચી હતી. ચિંતન શિબિરના મંચ પરથી CMએ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે, જનતાના કામમાં આળસ કે અહંકાર આડે આવશે તો તેની ખેર નથી. મુખ્યમંત્રીની આ ટકોર પછી શું સરકારી બાબુઓ પોતાની કાર્યશૈલી બદલશે? શું એ ‘એક-બે લોકો’ જે વિભાગની છબી બગાડે છે, તેમના પર કડક તવાઈ આવશે? “વહીવટમાં વટ નહીં, પણ વહિવટમાં પારદર્શિતા હોવી જોઈએ. જનતાનો સેવક બનીને કામ કરશો તો જ ચિંતન શિબિર સાર્થક ગણાશે.”

# ડભોઇના સાઠોદમાં સનસનાટી: સીમમાંથી અજાણ્યા આધેડની કોહવાયેલી લાશ મળી

ડભોઇ, (ફકીરા ખત્રી)

ડભોઈ તાલુકાનું સાઠોદ ગામ આજે એક ભયાનક ઘટનાથી ધ્રૂજી ઉઠ્યું છે. ગામની સીમમાંથી એક અજાણ્યા આધેડ વયના વ્યક્તિની અત્યંત કોહવાયેલી અને દુર્ગંધ મારતી હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ ડભોઇ પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો અને ભેદી મોતના રહસ્ય પરથી પડદો ઊંચકવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

સાઠોદથી પીસાઈ ગામ તરફ જવાના રસ્તા પર પ્રવીણભાઈ કનુભાઈ ડોડીયાનું ખેતર આવેલું છે. આજે સીમમાં મજૂરી કામ કરી પરત ફરી રહેલા મજૂરોને ખેતરના શેઢા પાસેથી અસહ્ય દુર્ગંધ આવતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. મજૂરોએ તપાસ કરતા ત્યાં એક અજાણ્યા શખ્સની લાશ પડી હોવાનું જણાયું હતું. લાશ એટલી હદે ’ડી-કમ્પોઝ’ (કોહવાઈ) ગઈ હતી કે તેની ઓળખ કરવી મુશ્કેલ બની છે.

ઘટનાની જાણ થતા જ ડભોઈ પોલીસે સ્થળ પર પહોંચી લાશનો કબજો મેળવ્યો હતો. લાશ લાંબા સમયથી પડી રહી હોવાનું અનુમાન છે. પોલીસે હાલમાં નીચેના પાસાઓ પર તપાસ કેન્દ્રિત કરી છે:

કોહવાયેલી હાલતમાં લાશ મળી હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા સાઠોદ અને આસપાસના ગ્રામજનોના ટોળેટોળા ખેતરે ઉમટી પડ્યા હતા. લોકોમાં આ ઘટનાને લઈને અનેક તર્ક-વિતર્ક સર્જાઈ રહ્યા છે. પોલીસે હાલમાં *’અકસ્માત મોત’*નો ગુનો નોંધી લાશને પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપી છે.

# પોરબંદરમાં માનવતા લજાઇ : 4 વર્ષની બાળકી પર 12 વર્ષના કિશોરે આચર્યું દુષ્કર્મ

પોરબંદર

ગાંધીભૂમિ પોરબંદરમાંથી એક એવી ઘટના સામે આવી છે જે સાંભળીને કોઈપણનું હૃદય દ્રવી ઊઠે. પાડોશમાં રહેતી માત્ર ૪ વર્ષની માસૂમ બાળકી પર પાડોશમાં જ રહેતા એક ૧૨ વર્ષના કિશોરે દોઢ મહિનાના ટૂંકા ગાળામાં ત્રણ-ત્રણ વખત દુષ્કર્મ આચર્યું હોવાની હકીકત બહાર આવતા ચકચાર મચી ગઈ છે. આ સમગ્ર મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે મકાન વેચવાની તકરારમાં પોલીસે દરમિયાનગીરી કરી હતી.

મળતી વિગતો અનુસાર, પોરબંદરમાં પાડોશમાં રહેતા ૧૨ વર્ષના કિશોરે ૪ વર્ષની બાળકીને પોતાની હવસનો શિકાર બનાવી હતી. આ અંગે જ્યારે બાળકીના વાલીઓને જાણ થઈ, ત્યારે તેમણે સામાજિક પ્રતિષ્ઠા અને પડોશી સંબંધોને ધ્યાને રાખી કિશોરના વાલીઓને આ બાબતે રજૂઆત કરી હતી. ગભરાઈ ગયેલા કિશોરના વાલીઓએ તાત્કાલિક તે મકાન ખાલી કરી દીધું હતું અને અન્ય સ્થળે રહેવા ચાલ્યા ગયા હતા.

કિશોરના વાલીઓ મકાન ખાલી કરીને ગયા બાદ તે મકાન વેચવા માંગતા હતા. આ મકાન વેચવાની પ્રક્રિયા દરમિયાન કોઈ બાબતે માથાકૂટ થતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જ્યારે પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી અને ઊંડાણપૂર્વક પૂછપરછ કરી, ત્યારે આ અત્યંત ગંભીર ગુનો છુપાવવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સમગ્ર હકીકત જાણ્યા બાદ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ૪ વર્ષની બાળકી સાથે બનેલી આ કરુણ ઘટના અંગે પોલીસે પોક્સો (POCSO) એક્ટ અને અન્ય ગંભીર કલમો હેઠળ ફરિયાદ નોંધી છે.

## સુરતના વરાછામાં લોહીના વેપારનો પર્દાફાશ

# ગેરકાયદે ગર્ભપાતનું મસમોટું રેકેટ ઝડપાયું, 'પાપના પંક્તિ'માં કોણ કોણ?

સુરત, (પાક્કો ગુજરાત ડેસ્ક)

ડાયમંડ સિટી સુરત ફરી એકવાર કલંકિત થઈ છે. સુરતના વરાછા વિસ્તારમાં સ્વાસ્થ્ય વિભાગ અને પોલીસે સંયુક્ત દરોડા પાડીને ગેરકાયદેસર ગર્ભપાત (Abortion) કરાવતા એક મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. રૂપિયાની લાલચમાં માસૂમ જીવની હત્યા કરવાનું આ વ્યવસ્થિત પાપ કેટલા સમયથી ચાલતું હતું, તે જાણીને તમે પણ ચોંકી જશો. બાતમીના આધારે જ્યારે ટીમે વરાછાના રહેણાંક વિસ્તારમાં દરોડા પાડ્યા, ત્યારે ત્યાં ગેરકાયદેસર રીતે ગર્ભપાત કરવાની કિટ, પ્રતિબંધિત દવાઓ અને સાધનો મળી આવ્યા હતા. કોઈ પણ પ્રકારની ડિગ્રી કે માન્યતા વગર, ગલીના ખૂણે ચાલતા આ ’મૃત્યુના કારખાના’માં અનેક મહિલાઓના જીવ જોખમમાં મૂકવામાં આવતા હતા. આ માત્ર એક રેકેટ નથી, પણ સમાજની વિકૃત માનસિકતાનું પ્રતિબિંબ છે. લાલચુ લોકો થોડા રૂપિયા માટે કોઈના જીવ સાથે રમત રમે છે. જો તમે પણ તમારી આસપાસ આવી કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ જોતા હોવ, તો તરત જ અવાજ ઉઠાવો. તમારી એક સતર્કતા કોઈ માસૂમનો જીવ બચાવી શકે છે. પોલીસે હાલમાં શંકાસ્પદ લોકોની અટકાયત કરી છે અને મુદ્દામાલ જપ્ત કર્યો છે. પણ સવાલ એ છે કે શું આ લોકો જેલમાં જશે કે પછી રાજકીય વગ વાપરીને છૂટી જશે? ’પાક્કો ગુજરાત’ આ કેસની પળેપળની અપડેટ આપતું રહેશે.

## જળ, જંગલ અને જમીનનો 'માલિક' આજે પોતાના જ ખેતરમાં 'મજૂર' કેમ?

# આદિવાસી ખેડૂતોના શોષણનું વરવું સત્ય, પ્રકૃતિના રક્ષકો સામે અસ્તિત્વનું સંકટ સર્જાયું

નર્મદા, પવન માકન (ગ્રુપ એડિટર)

જે સમાજે સદીઓથી પ્રકૃતિને ભગવાન માની પૂજી છે, જેણે જળ, જંગલ અને જમીનનું જતન કરીને પર્યાવરણને બચાવ્યું છે, તેવો આદિવાસી ખેડૂત આજે શોષણની ચક્કીમાં પીસાઈ રહ્યો છે. ’પાક્કો ગુજરાત’ના ગ્રાઉન્ડ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, જે આદિવાસી સમાજ આ જમીનનો અસલી ’માલિક’ છે, તેને સિસ્ટમ અને વચેટિયાઓએ મળીને આજે પોતાના જ ખેતરમાં ’મજૂર’ બનાવી દીધો છે.

માલિકી હકની લડાઈ અને શોષણનું ચક્ર

આદિવાસી વિસ્તારોમાં ખેડૂતોની ભોળપણનો લાભ લઈને કોર્પોરેટ જગત અને માથાભારે તત્વો તેમની જમીનો હડપવાના પેતરા રચી રહ્યા છે. કાયદાકીય આંટીઘૂંટી અને વહીવટી તંત્રની ઉદાસીનતાને કારણે હજારો ખેડૂતો હજુ પણ પોતાના જમીન હક (7/12) માટે સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે.

મુખ્ય મુદ્દાઓ જે ખેડૂતને પાયમાલ કરી રહ્યા છે:

* વચેટિયાઓની જાળ: ખેત પેદાશોના પૂરતા ભાવ ન મળવા અને માર્કેટિંગ યાર્ડ સુધી પહોંચવામાં પડતી મુશ્કેલીઓનો લાભ વચેટિયાઓ ઉઠાવે છે.
* જળનું સંકટ: જંગલ વિસ્તારમાં હોવા છતાં સિંચાઈના અભાવે ખેડૂતોએ વરસાદી ખેતી પર નિર્ભર રહેવું પડે છે, જેના કારણે વર્ષના બાકીના મહિનાઓમાં સ્થળાંતર કરવાની નોબત આવે છે.
* કરોડોની જમીન, કોડીની કિંમત: વિકાસના નામે આદિવાસીઓની કિંમતી જમીનો છીનવી લેવામાં આવે છે, પરંતુ વળતરમાં તેમને માત્ર આશ્વાસનો જ મળે છે.

પ્રકૃતિનો રક્ષક હવે લાચાર

આદિવાસી એટલે જે આદિકાળથી વસે છે તે. તેમની સંસ્કૃતિમાં જમીન એ વેચવાની વસ્તુ નથી પણ ’મા’ સમાન છે. પરંતુ આજે આર્થિક તંગી અને દેવાના બોજ તળે દબાયેલો આદિવાસી યુવાન ખેતી છોડી શહેરોમાં મજૂરી કરવા મજબૂર બન્યો છે. માલિકીનો ગર્વ છીનવાઈ રહ્યો છે અને મજૂરીની લાચારી વધી રહી છે.

‘શું આ જ વિકાસ છે? જ્યાં જમીનનો અસલી વારસદાર રસ્તા પર આવી જાય અને વચેટિયાઓ માલેતુજાર બની જાય? પાક્કો ગુજરાત સવાલ પૂછે છે કે આદિવાસીઓના અધિકારની વાતો કાગળ પરથી ક્યારે ઉતરશે?‘

સરકારે માત્ર યોજનાઓ બહાર પાડવાને બદલે ગ્રાઉન્ડ લેવલ પર આદિવાસી ખેડૂતોને સીધી મદદ પહોંચાડવી પડશે. જો જળ, જંગલ અને જમીનનો રક્ષક નહીં બચે, તો કુદરતનો પ્રકોપ રોકવો મુશ્કેલ બનશે. આદિવાસીને મજૂર નહીં, ફરી સન્માનજનક ’માલિક’ બનાવવાની જરૂર છે.

# સરહદી પંથકમાં નર્મદા કેનાલનું પાણી બંધ, ખેડૂતોની માંગ : વધુ 15 દિવસ પાણી છોડવામાં આવે

થરાદ

વાવ અને ધરણીધર તાલુકાના સરહદી વિસ્તારમાં 30 એપ્રિલથી નર્મદા કેનાલમાં પાણીનો પ્રવાહ બંધ કરવામાં આવતા ખેડૂતોમાં ચિંતાનો માહોલ ફેલાયો છે. આ નિર્ણયના કારણે ઉનાળુ બાજરીના પાકને નુકસાન થવાનું જોખમ ઊભું થયું છે. વિસ્તારના મોટાભાગના ખેડૂતો ખેતી પર આધારિત હોવાથી તેમની સ્થિતિ વધુ નાજુક બની છે.



ખેડૂતોના જણાવ્યા મુજબ, જો નર્મદા કેનાલમાં વધુ પંદર દિવસ સુધી પાણી ચાલુ રાખવામાં આવ્યું હોત, તો ઉનાળુ બાજરીનો પાક સારી રીતે તૈયાર થઈ શક્યો હોત.

પરંતુ 30 એપ્રિલે પાણી બંધ થતા પાક સુકાઈ જવાની ભીતિ સર્જાઈ છે, જેના કારણે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન સહન કરવું પડી શકે છે.

ઉલ્લેખનીય છે કે, ખેડૂતો પહેલાથી જ ચોમાસામાં પૂર અને શિયાળામાં કમોસમી વરસાદ જેવી પરિસ્થિતિઓનો સામનો કરી ચૂક્યા છે. આ પડકારો વચ્ચે તેમણે ભારે મહેનતથી ઉનાળુ પાક તૈયાર કર્યો હતો, પરંતુ હવે પાણીના અભાવે ફરી એકવાર સંકટ ઊભું થયું છે.

ખેડૂતોની મુખ્ય માંગ છે કે નર્મદા કેનાલમાં ઓછામાં ઓછા 15 દિવસ માટે પાણી ફરીથી છોડવામાં આવે. આ પગલાથી બાજરીના પાકને પૂરતું પાણી મળી રહેશે તેમજ પશુઓ માટે ઘાસચારો ઉપલબ્ધ રહેશે, જેથી ખેડૂતોને નુકસાનથી રાહત મળી શકે.

## ગુજરાત બનશે ગ્લોબલ હબ

# મોદી કેબિનેટનો મોટો નિર્ણય, વધુ 2 સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને લીલીઝંડી

## વાડીનારમાં શિપ રિપેરિંગની હાઈટેક સુવિધાને પણ મંજૂરી: હજારો યુવાનો માટે રોજગારીના ખુલશે દ્વાર

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટે ગુજરાતના વિકાસને રોકેટ ગતિ આપતા ત્રણ મોટા પ્રોજેક્ટ્સ પર મંજૂરીની મહોર મારી દીધી છે. ગુજરાત હવે માત્ર ભારતનું જ નહીં, પણ વિશ્વનું ’સેમિકન્ડક્ટર હબ’ બનવા તરફ મક્કમ ડગલાં માંડી રહ્યું છે. કેબિનેટે રાજ્યમાં વધુ બે નવા સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ અને વાડીનારમાં આધુનિક શિપ રિપેરિંગ સુવિધા સ્થાપવાની જાહેરાત કરી છે.

સેમિકન્ડક્ટરમાં ગુજરાતની ’સુપર સિક્સર’ અગાઉ માઈક્રોન અને ટાટાના પ્રોજેક્ટ્સ બાદ હવે વધુ બે સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સને મંજૂરી મળતા ગુજરાત આ ક્ષેત્રમાં મોનોપોલી સર્જવા જઈ રહ્યું છે.

પ્લાન્ટ્સની ખાસિયત: આ પ્લાન્ટ્સમાં આધુનિક ચીપ ડિઝાઈનિંગ અને પેકેજિંગનું કામ થશે.

રોકાણ: આ પ્રોજેક્ટ્સ પાછળ કરોડો રૂપિયાનું રોકાણ કરવામાં આવશે, જે ગુજરાતના અર્થતંત્રને નવી ઊંચાઈ પર લઈ જશે.

રોજગારી: આ પ્લાન્ટ્સ શરૂ થવાથી આઈટી અને એન્જિનિયરિંગ ક્ષેત્રના હજારો યુવાનોને ઘરઆંગણે જ હાઈ-પ્રોફાઈલ નોકરીઓ મળશે.

કેબિનેટે દેવભૂમિ દ્વારકાના વાડીનાર ખાતે શિપ રિપેરિંગ (Ship Repairing) સુવિધાને પણ મંજૂરી આપી છે.

1. અત્યાર સુધી મોટા જહાજોને રિપેરિંગ માટે વિદેશ જવું પડતું હતું, હવે એ કામ વાડીનારમાં થશે.
2. આ સુવિધાથી બ્લુ ઈકોનોમીને વેગ મળશે અને દરિયાકાંઠાના વિસ્તારોનો સર્વાંગી વિકાસ થશે.
3. શિપિંગ ઉદ્યોગમાં ગુજરાતનું વર્ચસ્વ વધુ મજબૂત બનશે.

આ મંજૂરી બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનનો આભાર માનતા જણાવ્યું હતું કે, ગુજરાત ’મેક ઈન ઈન્ડિયા’ અને ’આત્મનિર્ભર ભારત’ અભિયાનનું નેતૃત્વ કરી રહ્યું છે. સેમિકન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત જે રીતે આગળ વધી રહ્યું છે તેનાથી આગામી સમયમાં વિશ્વની મોટી ટેક કંપનીઓ ગુજરાતમાં લાઈનો લગાવશે.

જ્યારે વિશ્વ ચીન પરની નિર્ભરતા ઘટાડવા માંગે છે, ત્યારે ભારત અને ખાસ કરીને ગુજરાત સેમિકન્ડક્ટર ક્ષેત્રે મજબૂત વિકલ્પ તરીકે ઉભરી આવ્યું છે. મોદી કેબિનેટનો આ નિર્ણય માત્ર ઉદ્યોગ માટે જ નહીં, પણ રણનીતિક દૃષ્ટિએ પણ ભારત માટે ગેમ ચેન્જર સાબિત થશે.

## મુખ્યમંત્રી નિવાસસ્થાને ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની 3 દિવસીય બેઠક

# રાજ્યની 15 મનપા, 84 ન.પા, 34 જિ.પં. અને 260 તા.પંચાયતો માટે પદાધિકારીઓની પસંદગી પર મથામણ

ગાંધીનગર

આજે 6 મેથી 8 મે સુધી મુખ્યમંત્રીના નિવાસસ્થાને ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની મહત્વપૂર્ણ ત્રણ દિવસીય બેઠક યોજાવાની છે. સવારે 10:30 વાગ્યાથી શરૂ થનારી આ બેઠકને લઈને રાજકીય વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે. રાજ્યમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સત્તા મજબૂત બનાવવા માટે આ બેઠક અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. માહિતી મુજબ, આ બેઠકમાં ગુજરાતની કુલ 393 સ્થાનિક સ્વરાજ સંસ્થાઓ માટે પદાધિકારીઓની પસંદગી અંગે ચર્ચા થશે. જેમાં 15 મહાનગરપાલિકા, 34 જિલ્લા પંચાયત, 84 નગરપાલિકા અને 260 તાલુકા પંચાયતનો સમાવેશ થાય છે. ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતના અગત્યના હોદ્દાઓ માટે નામોને અંતિમ સ્વરૂપ આપવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ, પાર્ટી દ્વારા આ વખતે સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી અનુભવી નેતાઓ સાથે યુવા અને નવી પેઢીને પણ મહત્વ આપવામાં આવશે. સામાજિક અને પ્રાદેશિક સંતુલન જળવાઈ રહે તે માટે ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. સાથે જ કાર્યકર્તાઓમાં સંતુલન અને સમાધાન જળવાઈ રહે તે માટે પણ ટોચના નેતાઓ દ્વારા ચર્ચા કરવામાં આવશે.



બેઠક દરમિયાન દરેક જિલ્લા અને શહેર માટે અલગ-અલગ નામોની યાદી પર વિસ્તૃત ચર્ચા થશે અને ત્યારબાદ અંતિમ પસંદગી પર મંજૂરી આપવામાં આવશે. મુખ્યમંત્રી, પ્રદેશ ભાજપના અગ્રણીઓ તેમજ પાર્લામેન્ટરી બોર્ડના સભ્યો હાજર રહી આ પ્રક્રિયાને અંતિમ સ્વરૂપ આપશે.

આ બેઠકના નિર્ણયો આગામી સમયમાં સ્થાનિક રાજકારણની દિશા નક્કી કરશે અને ભાજપના સંગઠન માટે મહત્વપૂર્ણ સાબિત થશે. ખાસ કરીને મેયર અને પંચાયત પ્રમુખોની પસંદગી પર સૌની નજર ટકેલી છે, કારણ કે તે આગામી રાજકીય સમીકરણો પર સીધી અસર પાડશે.

# મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડ SSCનું 83.40% પરિણામ જાહેર...

ઓલપાડ

ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત મહાદેવ શાસ્ત્રી વિદ્યાલય, ઓલપાડે SSC બોર્ડ માર્ચ 2026ની પરીક્ષામાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. શાળાનું કુલ પરિણામ 83.40% રહ્યું છે, જ્યારે બોર્ડનું કુલ પરિણામ 83.86% રહ્યું છે. પરિણામમાં નીચેના વિદ્યાર્થીઓએ ટોચના ક્રમાંક મેળવ્યા છે:

પ્રથમ ક્રમે - પટેલ રુદ્ર પરેશભાઈ સંસ્કૃત વિષયમાં 100 માંથી 99 વિજ્ઞાનમાં 100 માંથી 98 સાથે
94.66% (99.02 PR) - A1 ગ્રેડ

દ્વિતીય ક્રમે - શર્મા પૂજા કૈલાશ વિજ્ઞાન વિષયમાં 100 માંથી 99 સંસ્કૃત અને ગણિતમાં 100 માંથી 98 સાથે
94.00% (98.61 PR) - A1 ગ્રેડ

તૃતીય ક્રમે - પટેલ હર્ષ અનિલભાઈ વિજ્ઞાનમાં 100 માંથી 99 સાથે
93.66% (98.38 PR) - A1 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે.

આ ઉપરાંત ગોહિલ ધ્વનિ હિરેનકુમાર (91.16%) સહિતના વિદ્યાર્થીઓએ પણ ઉત્તમ પરિણામ પ્રાપ્ત કર્યું છે. શાળાના વિદ્યાર્થીઓએ સારા પ્રદર્શન સાથે વિવિધ ગ્રેડમાં સફળતા મેળવી છે. જેમાં A1 ગ્રેડમાં 4, A2 ગ્રેડમાં 15, B1 ગ્રેડમાં 37 અને B2 ગ્રેડમાં 51 વિદ્યાર્થીઓ સફળ રહ્યા છે. આ ઉત્કૃષ્ટ પરિણામ બદલ ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળના પ્રમુખશ્રી ધનસુખભાઈ પટેલ, મંત્રીશ્રી જયંતીભાઈ પટેલ, સ્થાનિક અને વાલી મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલ, મંત્રીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને સભ્યશ્રીઓએ તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેમજ આચાર્યશ્રી ભરતભાઈ પટેલ, સુપરવાઇઝરશ્રી, પંકજભાઈ પટેલ શિક્ષકગણ તથા સમગ્ર શાળા પરિવારને પણ આ સફળતા બદલ અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ સિદ્ધિ માટે વિદ્યાર્થીઓની મહેનત, શિક્ષકોનું માર્ગદર્શન અને વાલીઓનો સહકાર મહત્વપૂર્ણ રહ્યો છે. ભવિષ્યમાં પણ શાળા વધુ ઉત્તમ પરિણામ સાથે શિક્ષણક્ષેત્રે પ્રગતિના નવા શિખરો સર કરશે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવે છે.

# સુરત મનપાનું 11 હજાર કરોડનું આંધણ

## તિજોરી છલકાય છે પણ સુવિધાઓ દમ તોડી રહી છે, જવાબદાર કોણ?

સુરત

કહેવાય છે કે સુરત મહાનગર પાલિકા દેશની સૌથી ધનિક નગરપાલિકાઓમાંની એક છે. વર્ષે 11,000 કરોડ રૂપિયાનું અધધ બજેટ રજૂ કરવામાં આવે છે. પણ શું આ આંકડાઓ માત્ર કાગળ પર ચમકવા માટે છે? પાક્કો ગુજરાતના ગ્રાઉન્ડ રિપોર્ટમાં જે સત્ય સામે આવ્યું છે તે સુરતના કરદાતાઓના હોશ ઉડાવી દે તેવું છે. લોકોના લોહી-પરસેવાની કમાણીના ટેક્સના પૈસાથી બનેલા કરોડોના પ્રોજેક્ટ્સ આજે મેન્ટેનન્સના અભાવે ધૂળ ખાઈ રહ્યા છે. જે એક્વેરિયમ જોવા માટે આખા દક્ષિણ ગુજરાતમાંથી લોકો આવતા હતા, તે પાલ એક્વેરિયમ આજે ખંડેર હાલતમાં છે. કરોડોના ખર્ચે લાવેલી માછલીઓ અને ટેકનોલોજી રામભરોસે છે. પાલિકા પાસે નવા પ્રોજેક્ટ્સના ખાતમુહૂર્ત કરવાના પૈસા છે, પણ ચાલુ પ્રોજેક્ટને સાચવવાની દાનત નથી. વિદેશી ધરતી પર હોય તેવા ગાર્ડનના સપના બતાવીને બનાવેલો ફ્લોરલ ગાર્ડન આજે બંધ હાલતમાં છે. છોડવાઓ સુકાઈ રહ્યા છે અને સ્ટ્રક્ચર કટાઈ રહ્યું છે. એવી જ હાલત સાયન્સ સેન્ટરની છે, જ્યાં પ્રદર્શનના નામે મીંડું છે. બાળકોને વિજ્ઞાન સમજાવવા માટે બનાવેલી સિસ્ટમ પોતે જ ’કોમા’ માં જતી રહી હોય તેવું લાગે છે.

પાક્કો ગુજરાતનો સીધો પ્રહાર:

વિકાસ એટલે માત્ર રોડ-રસ્તા કે ફ્લાયઓવરની જાહેરાતો નથી. વિકાસ એટલે જનતાના પૈસાથી બનેલી મિલકતોનું જતન. સુરત મનપાના શાસકોએ સમજવું પડશે કે આ ટેક્સપેયરના પૈસા છે, કોઈની જાગીર નથી. જો આ પ્રોજેક્ટ્સ જલ્દી શરૂ નહીં થાય, તો જનતા આગામી દિવસોમાં હિસાબ માંગતા અચકાશે નહીં.

## અર્જુનસિંહ ચૌહાણે પોતે મેદાનમાં ઉતરી પોલ ખોલી!

# ધારાસભ્યની હથોડીનો ઘા અને ભ્રષ્ટાચારના ગાબડાં, રૂપિયા 2 કરોડની કેનાલમાં 'લોટ, પાણી ને લાકડાં'....

ખેડા (પાક્કો ગુજરાત ડેસ્ક)

ગુજરાતમાં ભ્રષ્ટાચારના બાંધકામો પર હવે નેતાઓ પોતે ’હથોડી’ લઈને નીકળ્યા હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. ખેડા જિલ્લાના મહેમદાવાદના ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે મહી સિંચાઈ વિભાગની માઈનોર કેનાલના કામમાં ભ્રષ્ટાચારની ગંધ આવતા જ લાલ આંખ કરી છે. રૂ. 2 કરોડના ખર્ચે તૈયાર થયેલી આ કેનાલની મજબૂતીની પોલ ધારાસભ્યની એક હથોડીએ ખોલી નાખી છે. મહેમદાવાદ પંથકમાં મહી સિંચાઈની જે કેનાલનું કામ ચાલતું હતું, તેમાં હલકી ગુણવત્તાનું મટીરિયલ વપરાતું હોવાની ફરિયાદ ખેડૂતોએ કરી હતી. ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે કોઈ અધિકારીની રાહ જોયા વગર પોતે સાઈટ પર પહોંચ્યા અને હથોડી વડે કેનાલનું સ્તર ચેક કરવાનું શરૂ કર્યું. જેવી હથોડી મારી કે તરત જ કેનાલના પોપડા ઉખડવા માંડ્યા અને સિમેન્ટના નામે માત્ર રેતી જ બહાર આવવા લાગી!

ખેડૂતોના હિત માટે જે કેનાલ પાછળ સરકાર 2 કરોડ રૂપિયા ખર્ચી રહી છે, તેમાં કોન્ટ્રાક્ટરો અને મિલીભગત રાખતા અધિકારીઓએ મલાઈ ખાવાનું બાકી રાખ્યું નથી. ધારાસભ્યની આ કાર્યવાહીએ સાબિત કરી દીધું છે કે: કેનાલના સ્તરમાં પૂરતા પ્રમાણમાં સિમેન્ટનો વપરાશ થયો નથી.



પાક્કો ગુજરાત

ગુરુવાર । 07 મે 2026 । અમદાવાદ

દક્ષિણમાં મોટો ધડાકો

# વિજયની નૌકાને કોંગ્રેસનો સહારો...! : સરકાર બનાવવા સમર્થન જાહેર, પણ મુકાઈ 'ખાસ' શરત!

ચેન્નઈ, (પાક્કો ગુજરાત ડેસ્ક)

દક્ષિણ ભારતના રાજકારણમાં એક નવો ઈતિહાસ લખાઈ રહ્યો છે. સુપરસ્ટાર વિજયની પાર્ટી TVK (તમિલગ વેત્રી કઝગમ) ને હવે દિલ્હીના દરબારમાંથી લીલી ઝંડી મળી ગઈ છે.

કોંગ્રેસે સત્તાવાર પત્ર લખીને વિજયને સરકાર બનાવવા માટે સમર્થન જાહેર કર્યું છે. પરંતુ, આ સમર્થન મફતમાં નથી મળ્યું! કોંગ્રેસે આ સમર્થન સાથે એક એવી શરત જોડી દીધી છે જે સીધો જ 'કોમવાદી શક્તિઓ' પર પ્રહાર કરે છે.

કોંગ્રેસે સમર્થન પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં લખ્યું છે કે, TVK અને આ ગઠબંધન એવી કોઈ પણ શક્તિઓને પોતાનાથી દૂર રાખશે જે: ભારતના બંધારણમાં વિશ્વાસ ધરાવતી નથી, સમાજમાં કોમવાદનું ઝેર ઘોળવાનું કામ કરે છે.

સીધી વાત છે કે કોંગ્રેસે આ શરત મૂકીને ભાજપ અને તેની વિચારધારા સાથે જોડાયેલા પક્ષો માટે ગઠબંધનના દરવાજા કાયમ માટે બંધ કરી દીધા છે.

અભિનેતામાંથી નેતા બનેલા વિજય માટે આ એક મોટી સફળતા છે.



કોંગ્રેસની 'માસ્ટર સ્ટ્રોક' શરત : કોમવાદને નો એન્ટ્રી!

કોંગ્રેસ જેવી રાષ્ટ્રીય પાર્ટીનું સમર્થન મળતા જ TVK હવે તમિલનાડુમાં સત્તાના સિંહાસન તરફ મજબૂત ડગ માંડી રહી છે.

વિજયે હંમેશા 'બિનસાંપ્રદાયિક સામાજિક ન્યાય'ની વાત કરી છે, અને કોંગ્રેસની આ શરત વિજયની પોતાની વિચારધારા સાથે સુસંગત હોવાનું જણાય છે.

ભાજપ માટે ફટકો: કોંગ્રેસ અને વિજયનું આ ગઠબંધન ભાજપના તમિલનાડુમાં પગપેસારો કરવાના સપના પર પાણી ફેરવી શકે છે.

દ્રવિડિયન રાજકારણમાં નવો વળાંક: અત્યાર સુધી ડીએમકે (DMK) સાથે રહેલી કોંગ્રેસ હવે વિજય તરફ ઝૂકી રહી હોય તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

પાક્કો ગુજરાતનો સવાલ:

1. શું સુપરસ્ટાર વિજય કોંગ્રેસની આ શરતોનું પાલન કરીને મજબૂત સરકાર આપી શકશે?
2. શું તમિલનાડુમાં 'બિનસાંપ્રદાયિક' ગઠબંધન ભાજપના ગણિત બગાડશે?
3. શું આ ગઠબંધન ૨૦૨૬ની ચૂંટણીમાં ક્લીન સ્વીપ કરશે?

વિજયની સ્ટાઈલ અને કોંગ્રેસનો સાથ... હવે જોવાનું એ રહેશે કે દક્ષિણની આ જોડી દેશના રાજકારણમાં કેવા નવા રંગ પૂરે છે!

કોલકાતામાં 'બુલડોઝર' પોલિટિક્સ

# ન્યૂ માર્કેટમાં TMC ઓફિસ અને મીટ શોપ જમીનદોસ્ત!

કોલકાતા, (પાક્કો ગુજરાત ડેસ્ક)

પશ્ચિમ બંગાળના રાજકારણમાં અત્યારે ગરમાવો વ્યાપી ગયો છે. કોલકાતાના હાર્દ સમાન 'ન્યૂ માર્કેટ' વિસ્તારમાં અચાનક બુલડોઝર ગુંજ્યા અને જોતજોતામાં તૃણમૂલ કોંગ્રેસ (TMC) ની ઓફિસ સહિત કેટલીક મીટ શોપને તોડી પાડવામાં આવી. આ ઘટના બાદ રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપોનો દૌર શરૂ થયો છે અને મામલો સુપ્રીમ કોર્ટ કે કાયદાના શરણે જાય તેવી પૂરી શક્યતા છે.



આ તોડફોડ બાદ TMC સમર્થકો અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વિપક્ષો અને પીડિતોનો સીધો આરોપ છે કે, 'આ કોઈ કાયદેસરની કાર્યવાહી નથી, પરંતુ ભાજપના ઈશારે કરાયેલું રાજકીય કાવતરું છે.

'આક્ષેપ એવો પણ છે કે કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના (Notice) આપ્યા વગર અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના સીધું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે.

બંગાળના રાજકારણમાં હિંસા અને તોડફોડ નવી વાત નથી, પણ જ્યારે રાજકીય પક્ષોની ઓફિસો પર બુલડોઝર ચાલવા લાગે ત્યારે સવાલ ઉઠે છે કે શું દેશમાં કાયદાનું શાસન છે કે જેની લાઠી તેની ભેંસ?

સવાલ ૧: શું બુલડોઝર ફેરવતા પહેલા કોર્ટના આદેશો કે મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમોનું પાલન થયું હતું?

સવાલ ૨: શું કોઈ ચોક્કસ વિચારધારાને નિશાન બનાવવા માટે જ આ કાર્યવાહી કરવામાં આવી છે?

એક તરફ ભાજપ શાસિત રાજ્યોમાં બુલડોઝર મોડેલની ચર્ચાઓ થાય છે, ત્યારે બંગાળ જેવા રાજ્યમાં આવું થવું તે આગામી ચૂંટણીઓ પહેલા મોટા તોફાનના સંકેત આપે છે. જો આ તોડફોડ ગેરકાયદેસર સાબિત થશે, તો જવાબદાર અધિકારીઓ અને તેની પાછળ રહેલા નેતાઓએ જનતાના દરબારમાં જવાબ આપવો પડશે.

વિકાસના નામે બુલડોઝર ફેરવવા અને રાજકીય કિન્નાખોરીના નામે બુલડોઝર ફેરવવા વચ્ચે બહુ પાતળી રેખા છે. શું કોલકાતાની આ ઘટના માત્ર દબાણ હટાવવાની કાર્યવાહી છે કે પછી વિરોધ પક્ષનો અવાજ દબાવવાની કોશિશ?

સત્ય ગમે તે હોય, પણ જ્યારે બુલડોઝર ચાલે છે ત્યારે લોકશાહીના પાયા હચમચી જાય છે.

દુબઈમાં સૌરભ ચંદ્રાકાર ઝડપાયો

# "મહાદેવ બેટિંગ સામ્રાજ્ય પર ઈન્ટરપોલનો પ્રહાર!"

દુબઈ

ઑનલાઈન સટ્ટાબાજીના કાળા સામ્રાજ્ય પર આખરે આંતરરાષ્ટ્રીય કાયદાની ગાજ તૂટી છે. મહાદેવ બેટિંગ એપનો મુખ્ય સૂત્રધાર Saurabh Chandrakar ને દુબઈમાં ઈન્ટરપોલ દ્વારા રેડ કોર્નર નોટિસના આધારે ઝડપવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે।



આ કાર્યવાહી Interpol ની મદદથી સ્થાનિક દુબઈ પોલીસે અંજામ આપી, જેમાં ચંદ્રાકર અને તેના નેટવર્ક સાથે જોડાયેલા કેટલાક સાથીઓને પણ કાબૂમાં લેવામાં આવ્યા હોવાની ચર્ચા છે।

સૂત્રો મુજબ, દરોડા દરમિયાન અનેક લક્ઝરી કાર, સોનાના જથ્થા અને અબજોની રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે. આ જપ્તી એ દર્શાવે છે કે મહાદેવ એપ માત્ર એક સટ્ટાબાજી પ્લેટફોર્મ નહીં, પરંતુ વિશાળ આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર નાણાકીય નેટવર્ક બની ચૂક્યું હતું।

ભિલાઈમાં જ્યુસ વેચનાર તરીકે શરૂઆત કરનાર ચંદ્રાકર થોડા જ વર્ષોમાં હજારો કરોડોના કાળા સામ્રાજ્યનો માલિક બની ગયો–પણ હવે તેનું આ સામ્રાજ્ય ધરાશાયી થવાની કગાર પર છે।

મહત્વપૂર્ણ વાત એ છે કે મહાદેવ એપના નેટવર્કમાં ગુજરાતના અનેક "પેનલ ઓપરેટર્સ" પણ તપાસ એજન્સીઓના રડારમાં આવી ગયા છે. રાજ્યમાં ટૂંક સમયમાં મોટા પાયે દરોડા અને ધરપકડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે।

તપાસ એજન્સીઓ માટે હવે સૌથી મોટો પડકાર છે–આ નેટવર્કના રાજકીય, આર્થિક અને આંતરરાષ્ટ્રીય કનેક્શન્સને બહાર લાવવાનો।

શું આ ધરપકડ પછી મહાદેવ એપના કાળા કારોબારનો આખરે અંત આવશે? કે હજુ પણ કોઈ મોટું નામ પડદાની પાછળ છે?

આ ન્યાય છે કે નાટક? કાયદો સમાન તો અમલવારીમાં ભેદભાવ કેમ?

# અનુરાગ ઠાકુર અને પરવેશ વર્માને સુપ્રીમની ક્લીનચિટ: શું 'ગોલી મારો...'ના નારા હિંસા ઉશ્કેરવા માટે પૂરતા નથી..?

નવી દિલ્હી,

ભારતીય લોકશાહીના ઈતિહાસમાં 29 એપ્રિલ 2026નો દિવસ કાયદાના નિષ્ણાતો અને સામાન્ય જનતા માટે ચર્ચાનો વિષય બન્યો છે. 2020ના CAA વિરોધી આંદોલન વખતે ભાજપના નેતા અનુરાગ ઠાકુર અને પરવેશ વર્માએ આપેલા વિવાદાસ્પદ ભાષણો મામલે સુપ્રીમ કોર્ટે FIR નોંધવાની ના પાડી દીધી છે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખતા જે તર્ક આપ્યા છે, તે સાંભળીને સામાન્ય નાગરિકના મનમાં એક જ સવાલ ઉઠે છે - શું આ ન્યાય છે કે માત્ર ટેકનિકલ મુદ્દાઓનું નાટક?




અદાલતે સ્પષ્ટ કર્યું કે 'દેશ કે ગદ્દારો કો, ગોલી મારો...' જેવા નારા કોઈ ચોક્કસ સમુદાય વિરુદ્ધ નહોતા અને તેનાથી હિંસા ભડકી હોય તેવા સીધા પુરાવા રેકોર્ડ પર નથી. કોર્ટે એમ પણ કહ્યું કે હેટ સ્પીચ બંધારણીય મૂલ્યોની વિરુદ્ધ છે, પણ આ કેસમાં કાનૂની કાર્યવાહી માટે પુરાવા ખૂટે છે. આ ઉપરાંત, CrPCની કલમ 196નો હવાલો આપીને જણાવ્યું કે જાહેર સેવક વિરુદ્ધ કેસ ચલાવવા સરકારની પૂર્વ મંજૂરી જરૂરી છે.

અહીં સૌથી મોટો અને વેધક સવાલ એ છે કે, જો આ જ નારા વિપક્ષના કોઈ નેતા કે સામાન્ય એક્ટિવિસ્ટે લગાવ્યા હોત તો શું પોલીસ આટલી જ ઉદારતા બતાવત? શું ત્યારે પણ પોલીસ FIR નોંધવા માટે 'સીધા પુરાવા' અને 'સરકારની પૂર્વ મંજૂરી'ની રાહ જોત? ઈતિહાસ સાક્ષી છે કે અનેક એક્ટિવિસ્ટ્સને માત્ર સોશિયલ મીડિયા પોસ્ટ કે અસંમતિના સૂર બદલ UAPA જેવા કડક કાયદા હેઠળ જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. તો પછી સત્તાધારી પક્ષના નેતાઓ માટે આટલી બધી કાનૂની કાળજી કેમ?

કોર્ટે ભલે તેને ટેકનિકલ રીતે ગુનો ન માન્યો હોય, પણ શું પરવેશ વર્માનું 'સંપૂર્ણ બહિષ્કાર'નું આહ્વાન સામાજિક વિભાજન પેદા કરનારું નથી? શું આવા શબ્દો સમાજમાં ભય અને નફરતનું વાતાવરણ ઊભું નથી કરતા? નફરત હંમેશા તલવાર લઈને નથી આવતી, તે ક્યારેક શબ્દોના સ્વરૂપમાં ધીમે ધીમે સમાજના માનસમાં ઉતરે છે અને પછી કોઈ મોટી દુર્ઘટનાનું કારણ બને છે.

અભિવ્યક્તિની સ્વતંત્રતા ચોક્કસપણે લોકશાહીનો આત્મા છે, પણ જ્યારે આ સ્વતંત્રતા બીજાના અસ્તિત્વને નકારવા કે ડરાવવા માટે વપરાય ત્યારે તે જોખમી બની જાય છે. જો દ્વેષપૂર્ણ ભાષણના કાયદાઓ સત્તા જોઈને બદલાતા રહે, તો ન્યાયતંત્ર પરથી જાહેર વિશ્વાસ નબળો પડે છે. કાયદો માત્ર પુસ્તકોમાં સમાન હોવો પૂરતો નથી, તેની અમલવારી પણ સમાન હોવી જોઈએ.

UPSCમાં હવે જ્ઞાતિનું 'પોસ્ટમોર્ટમ'?

# SC-ST અને OBCમાં પેટા-જ્ઞાતિના ઉલ્લેખની ભલામણથી ખળભળાટ!

નવી દિલ્હી, (પાક્કો ગુજરાત ડેસ્ક)

દેશની સૌથી પ્રતિષ્ઠિત ગણાતી UPSC (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) ની પરીક્ષાઓમાં હવે એક મોટો વળાંક આવી શકે છે. અત્યાર સુધી અનામતનો લાભ લેવા માટે માત્ર મુખ્ય કેટેગરી (SC, ST કે OBC) દર્શાવવી પડતી હતી, પણ હવે ભલામણ કરવામાં આવી છે કે ઉમેદવારોએ પોતાની 'પેટા-જ્ઞાતિ' (Sub-caste) નો પણ ઉલ્લેખ કરવો પડશે. આ ભલામણે દેશના શૈક્ષણિક અને રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા છેડી દીધી છે.




આ ભલામણ પાછળનું મુખ્ય કારણ એ છે કે અનામતનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે.

અસમાન વહેંચણી: આક્ષેપ છે કે SC-ST અને OBC કેટેગરીમાં પણ અમુક ચોક્કસ જ્ઞાતિઓ જ વર્ષોથી મલાઈ ખાઈ જાય છે, જ્યારે તે જ કેટેગરીની અન્ય નાની અને પછાત પેટા-જ્ઞાતિઓ હજુ પણ પાછળ છે. ડેટાનું વિશ્લેષણ: જો પેટા-જ્ઞાતિનો ઉલ્લેખ થાય, તો સરકાર પાસે સચોટ આંકડા આવે કે કઈ જ્ઞાતિના કેટલા અધિકારીઓ બની રહ્યા છે અને ખરેખર કોને મદદની જરૂર છે. યાદ રહે કે થોડા સમય પહેલા જ સુપ્રીમ કોર્ટે પણ રાજ્યોને SC-ST અનામતમાં 'પેટા-વર્ગીકરણ' (Sub-classification) કરવાની છૂટ આપી છે. UPSC માં આ ભલામણ તે જ દિશામાં આગળ વધતું એક કદમ મનાઈ રહ્યું છે. જેનો હેતુ 'પછાતમાં પણ અતિ પછાત' ને ન્યાય અપાવવાનો છે.

માતાનો મિજાજ: સિસ્ટમ હારી પણ મા ન હારી..!

# પુત્રના હત્યારાને પકડવા માતા બની 'ડિટેક્ટિવ', દોઢ વર્ષની તપસ્યા બાદ ન્યાયના દ્વાર ખખડાવ્યા

દેહરાદૂન, (પાક્કો ગુજરાત ડેસ્ક)

કહેવાય છે કે દુનિયામાં માતાના પ્રેમથી મોટું કોઈ બળ નથી, અને દેહરાદૂનની આ ઘટનાએ તે સાબિત કરી દીધું છે. જ્યાં ખાખી વર્દીધારી પોલીસ 'તપાસ શક્ય નથી' તેમ કહીને હાથ ઊંચા કરી દીધા, ત્યાં એક લાચાર માતાએ પોતે જ તપાસની કમાન સંભાળી અને પુત્રના હત્યારા ડમ્પરને શોધી કાઢ્યું. આ વાર્તા છે લલિતા ચૌધરીની, જેની હિંમત સામે આજે આખી સિસ્ટમ નતમસ્ત છે.

ઘટના 16 ફેબ્રુઆરી 2024ની છે. લલિતાબેનનો 18 વર્ષનો દીકરો ક્ષિતિજ ચૌધરી પ્રેમનગર વિસ્તારમાં રસ્તો ઓળંગી રહ્યો હતો, ત્યારે એક અજાણ્યા ડમ્પરે તેને જોરદાર ટક્કર મારી અને ચાલક ફરાર થઈ ગયો. ગંભીર રીતે ઘાયલ ક્ષિતિજે બીજા દિવસે હોસ્પિટલના બિછાને દમ તોડ્યો. એક માતા માટે આ આઘાત જીરવવો અશક્ય હતો, પણ લલિતાબેને આંસુ સારવાને બદલે સંકલ્પ કર્યો કે તેઓ પોતાના દીકરાના હત્યારાને જેલના સળિયા પાછળ મોકલીને જ જંપશે.

દુર્ઘટના બાદ લલિતાબેન જ્યારે પોલીસ પાસે ગયા, ત્યારે તેમને ન્યાયને બદલે નકાર મળ્યો. શરૂઆતમાં FIR નોંધવામાં ઠાગાઠૈયા કરાયા અને બાદમાં તપાસ અધિકારીએ એમ કહીને કેસ બંધ કરી દીધો કે, 'નંબર વગર અજાણ્યું વાહન શોધવું અશક્ય છે.' પણ લલિતાબેન માટે અશક્ય શબ્દ જેવો કોઈ શબ્દ જ નહોતો.

પોલીસે ફાઈલ બંધ કરી દીધી, પણ માતાએ તપાસ ચાલુ રાખી. લલિતાબેન પોતે જ રસ્તા પર ઉતર્યા. તેમણે મહિનાઓ સુધી અકસ્માત વાળા વિસ્તારની ગલીએ-ગલીએ ફરીને CCTV ફૂટેજ તપાસ્યા. શંકાસ્પદ વાહનોની યાદી બનાવી અને ડમ્પર માલિકો સુધી પહોંચવા માટે દિવસ-રાત એક કર્યા. અંતે, દોઢ વર્ષની કઠોર મહેનત બાદ તેઓ એ ડમ્પર અને તેના માલિક સુધી પહોંચવામાં સફળ રહ્યા જેણે તેમના દીકરાનો જીવ લીધો હતો. જ્યારે લલિતાબેન તમામ પુરાવાઓ સાથે SSP પ્રમેન્દ્ર સિંહ ડોબાલ પાસે પહોંચ્યા, ત્યારે ઉચ્ચ અધિકારી પણ આ માતાના સાહસ અને મક્કમતા જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા. માતાની હિંમત જોઈને SSPએ તાત્કાલિક કેસ ફરી ખોલવાનો આદેશ આપ્યો છે અને આરોપી સામે કડક કાર્યવાહીની ખાતરી આપી છે.

એક 'ભૂલે' ખોલી નાખ્યો પાપનો ઘડો..!

# પત્નીની લાશ પર પાર્ટી કરતો રહ્યો પાષાણ હૃદયનો પતિ

## સ્વામી શ્રદ્ધાનંદ હત્યાકાંડ: જ્યાં પત્નીને જીવતી દફનાવી, ત્યાં જ મહેફિલો જમાવી ડાન્સ કરતો હતો 'નરપિશાચ'

બેંગલુરુ, પવન માકન (ગ્રુપ એડિટર)

ક્રાઈમની દુનિયામાં અનેક કિસ્સાઓ તમે સાંભળ્યા હશે, પણ સ્વામી શ્રદ્ધાનંદ (સાચું નામ: મુરલી મનોહર મિશ્રા) નામના આ શખ્સે જે ક્રૂરતા આચરી હતી, તે સાંભળીને પથ્થર દિલના માણસની પણ આંતરડી કકળી ઉઠે. જે પત્નીએ તેના પર વિશ્વાસ મૂકીને કરોડોની સંપત્તિ સોંપી, તે જ પત્નીને આંગણામાં જીવતી દફનાવી દીધી અને તેની કબર પર આ હત્યારો મહિનાઓ સુધી પાર્ટીઓ કરતો રહ્યો!

ઘટનાની વિગત એવી છે કે, શ્રદ્ધાનંદે બેંગલુરુના રાજવી પરિવાર સાથે સંબંધ ધરાવતી શકરેહ ખલીલી સાથે લગ્ન કર્યા હતા. શકરેહ પાસે કરોડોની મિલકત હતી, જે હડપવા માટે શ્રદ્ધાનંદે આખું ષડયંત્ર રચ્યું હતું. 1991માં તેણે પોતાની પત્નીને નશીલી દવા આપી, બેભાન કરી અને આંગણામાં ખોદેલા એક ઊંડા ખાડામાં જીવતી દફનાવી દીધી હતી. આ હત્યાકાંડ પછી શ્રદ્ધાનંદ એટલો બેફિકર હતો કે તેણે આંગણામાં જ્યાં પત્નીને દફનાવી હતી, ત્યાં જ પાકું ફ્લોરિંગ કરાવી દીધું. તે જ સ્થળે તે પોતાના નિકટના મિત્રો અને મહેમાનો સાથે પાર્ટીઓ કરતો, દારૂની મહેફિલો જમાવતો અને મોડી રાત સુધી ડાન્સ કરતો.

જે જમીનની નીચે તેની પત્ની છેલ્લો શ્વાસ લઈ રહી હતી, તેની ઉપર આ શખ્સ નિર્લજ્જતાથી નાચતો હતો. શ્રદ્ધાનંદે દુનિયાને એવું કીધું હતું કે શકરેહ હૈદરાબાદ ગઈ છે. પણ વર્ષો સુધી જ્યારે તે પાછી ન આવી, ત્યારે તેની દીકરીએ પોલીસમાં ફરિયાદ કરી. શ્રદ્ધાનંદની સૌથી મોટી ભૂલ એ હતી કે તે સતત એવું રટણ કરતો કે શકરેહ તેને પત્ર લખે છે, પણ એ પત્રો તે ક્યારેય બતાવી શક્યો નહીં. પોલીસને શંકા ગઈ અને જ્યારે આંગણામાં ખોદકામ કરવામાં આવ્યું, ત્યારે જે દ્રશ્ય સામે આવ્યું તેણે આખા દેશને હચમચાવી દીધો. જમીનની નીચેથી શકરેહનો કંકાલ મળી આવ્યો. ફોરેન્સિક તપાસમાં સામે આવ્યું કે જ્યારે તેને દફનાવવામાં આવી ત્યારે તે જીવતી હતી, કારણ કે તેના હાથ કંકાલની સ્થિતિમાં એવી રીતે હતા જાણે તે જમીન ખોદીને બહાર નીકળવાનો પ્રયાસ કરી રહી હોય!

લગ્નની પહેલી રાત્રે 'નણંદ'ની જિદ્દ પાછળનું ખૌફનાક સત્ય

# ભાઈ-બહેન નહીં પણ પ્રેમી-પંખીડા નીકળ્યા લૂંટારા!

જયપુર, (પાક્કો ગુજરાત ડેસ્ક)

લગ્નની પહેલી રાત દરેક છોકરી માટે સપનાઓથી ભરેલી હોય છે, પણ જયપુર પાસેના એક ગામમાં એક નવવધૂ માટે આ રાત જિંદગીની સૌથી ડરામણી રાત સાબિત થઈ. સુહાગરાતે નણંદની એક 'અજીબ' જિદ્દ અને વહુની સમયસૂચકતાએ એક એવા હાઈટેક લૂંટારા ગેંગનો પર્દાફાશ કર્યો છે, જે સાંભળીને તમારા પણ રૂવાંટા ઊભા થઈ જશે.

લગ્ન બાદ પહેલી રાત્રે જ્યારે નવવધૂ રૂમમાં ગઈ, ત્યારે તેની નણંદ મીનાક્ષીએ એક વિચિત્ર માંગણી કરી. તેણે કહ્યું કે, 'હું અને મારો ભાઈ આરવ બાળપણથી ક્યારેય અલગ નથી સૂતા, એટલે આજે પણ હું તમારી વચ્ચે જ સૂઈશ.' નવાઈની વાત તો એ હતી કે સાસુએ પણ આ વાતમાં સાથ આપ્યો. મજબૂરીમાં વહુ પલંગના ખૂણે સૂઈ ગઈ, પણ તેના મનમાં ફાળ પડી હતી.

વહુને દૂધમાં ઘેનની ગોળી આપી દેવામાં આવી હતી, પણ નસીબજોગે તેણે દૂધ પીધું નહોતું. રાત્રે ૨ વાગ્યે જ્યારે તેની આંખ ખૂલી ત્યારે સામેનું દ્રશ્ય જોઈ તેનું લોહી થીજી ગયું. પલંગ પરથી પતિ અને નણંદ બંને ગાયબ હતા! રૂમના ખૂણામાં બંને જણા દાગીના અને રોકડ સમેટી રહ્યા હતા. વહુએ જે સાંભળ્યું તે તેના હોશ ઉડાવવા માટે પૂરતું હતું. જેને તે 'નણંદ' સમજતી હતી તે હકીકતમાં તેના પતિ આરવની પ્રેમિકા હતી! આરવ તેને કહી રહ્યો હતો, 'જાન, તારો વચ્ચે સૂવાનો આઈડિયા કામ કરી ગયો, પેલી મૂર્ખ છોકરી ઊંઘમાં છે.' વધુમાં, નીચે સૂતેલી સાસુ પણ ભાડે લાવેલી નકલી માતા હતી. આ એક રીઢા ગુનેગારોની ગેંગ હતી જે લગ્ન કરીને છોકરીઓને લૂંટી લેતી હતી. ગભરાવાને બદલે વહુએ હિંમત બતાવી. ઊંઘવાનો ઢોળ કરતા રહી તેણે ધીમેથી પોલીસ (112) ને મેસેજ કર્યો અને ભાઈને લાઈવ લોકેશન મોકલ્યું. ૨૦ જ મિનિટમાં પોલીસે ઘરને ઘેરી લીધું અને નકલી પતિ, નકલી નણંદ અને નકલી સાસુને રંગેહાથ દાગીના સાથે ઝડપી લીધા.

## તંત્રી લેખ...

# અભિવ્યક્તિ: 'હું' અને 'તું' ના મિલનનો મધુર સંગાથ

જીવનના દરેક વળાંક પર એકબીજાના પૂરક બનીને રહેવાની સુંદર કેમેસ્ટ્રી એટલે 'આપણે'

સંબંધોની દુનિયામાં શબ્દો જ્યારે લાગણીનું રૂપ ધારણ કરે છે, ત્યારે સર્જાય છે એક અનોખી કવિતા. ઘણીવાર આપણને પ્રશ્ન થાય કે 'હું અને તું' એટલે શું? શું આ માત્ર બે વ્યક્તિઓનો મેળાપ છે? ના, આ તો બે અસ્તિત્વનું એવું મિલન છે જ્યાં એક વિના બીજું અધૂરું છે. જ્યારે આ સવાલનો જવાબ શોધવા નીકળીએ ત્યારે સમજાય છે કે આ તો પૂરક હોવાનો ઉત્સવ છે.

સંવાદ અને ધબકારનું સગપણ

જો હું એક 'સ્વર' હોઉં, તો એ સ્વરને અર્થ આપતો 'સંવાદ' તું છે.



એકલો સૂર ગુંજી શકે, પણ ગીત બનવા માટે સંવાદની જરૂર પડે છે. એ જ રીતે, જો હું શરીરનો 'શ્વાસ' હોઉં, તો એ શ્વાસ જેની માટે ચાલે છે એ 'ધબકાર' તું છે. શ્વાસ અને ધબકારનું આ જે જોડાણ છે, એ જ તો જીવનની સાચી ગતિ છે.

શણગારથી સત્ય સુધીની સફર

સ્ત્રી અને પુરુષ કે બે પ્રેમાળ હૃદય વચ્ચેનો સંબંધ માત્ર ઉપરછલ્લો નથી હોતો. જો હું એક સામાન્ય 'શૃંગાર' હોઉં, તો એને પૂર્ણતા આપતા 'સોળ શણગાર' તું છે. આપણા સપનાઓની વાત કરીએ તો, 'હું' કદાચ એક બંધ આંખે જોયેલું 'સ્વપ્ન' હોઈ શકું, પણ એ સપનાને હકીકતની ધરતી પર ઉતારનારું 'સત્ય' તું છે.

ઝરણું અને સંસારનો સાર

જીવન એક વહેતી સરિતા જેવું છે. હું જો પથ્થરો વચ્ચેથી માર્ગ કાઢતું 'વહેતું ઝરણું' હોઉં, તો એ પ્રવાહની અવિરત 'ધાર' તું છે. અંતે તો વાત ત્યાં આવીને અટકે છે કે, જો હું આ જીવનનો 'સાર' હોઉં, તો મારો આખો 'સંસાર' તું જ છે.

'હું એકલો હોઈ શકું, પણ એકાકી નહીં... કારણ કે મારા અસ્તિત્વના દરેક કણ સાથે જીવનભરનો સંગાથ બનીને તું વણાયેલું છે.'

'હું અને તું' એ માત્ર સર્વનામ નથી, પણ એકબીજામાં ઓગળી જવાની પ્રક્રિયા છે. આ લેખ એ તમામ હૃદયોને સમર્પિત છે જેઓ એકબીજામાં પોતાનું વિશ્વ શોધે છે. જ્યારે 'હું' અહંકાર છોડીને 'તું' માં ભળે છે, ત્યારે જ સાચો 'અમે' જન્મે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ભારત કોમર્શિયલ જહાજ બનાવી શકતું નથી!

**કોમર્શિયલ જહાજ બનાવવામાં ચીન અને સાઉથ કોરિયાનો દબદબો છે. તેમણે આ સેક્ટરમાં ૮૦ ટકા કબજો પોતાની પાસે રાખેલો છે. એક અહેવાલ જણાવે છે કે, ભારત પાસે 1500ની આસપાસ પોતાના કોમર્શિયલ જહાજો છે જે વૈશ્વિક સંખ્યાના 1.2 ટકા જ થાય છે : ચીન, જાપાન અને સાઉથ કોરિયાની સરખામણીએ ભારતમાં બેન્કોના વ્યાજદરો ઘણા વધારે છે. વધારે વ્યાજના કારણે શિપયાર્ડ્સ માટેનો રસ્તો પહેલેથી જ કપરો થઈ જાય છે. આ સિવાય ચીન અને સાઉથ કોરિયામાં જહાજ બનાવતા ગ્રૂપ અને કંપનીઓને સરકાર દ્વારા 2 થી 3 ટકા ઓછા વ્યાજદરે લોન આપવામાં આવે છે.**

ભારતમાં ક્રૂડની અને ગેસની અછત પાછળ માત્ર વૈશ્વિક કારણ જ નહીં પણ આંતરિક કારણો પણ જવાબદાર છે. ભારત પાસે પોતાના કોમર્શિયલ જહાજો નથી. તે બીજા દેશોના અને વિદેશી કંપનીઓના જહાજો દ્વારા માલસામાનની આયાત-નિકાસ કરે છે. તેના કારણે દર વર્ષે અબજો રૂપિયાનું વિદેશી હુંડિયામણ ખર્ચાય છે અને સાથે પોતાની જરૂરિયાતના સમયે માલસામાન મળતો નથી. તાજેતરમાં પણ ઈરાન યુદ્ધને પગલે જે અછત સર્જાઈ છે તેમાં જોવા મળ્યું કે, ભારતના ગણતરીના જ કોમર્શિયલ જહાજો છે જ્યારે ચીન પાસે મોટી સંખ્યામાં જહાજોનો કાફલો છે. વાત એવી છે કે, થોડા સમય પહેલાં જ ભારતે આઈએનએસ અરિદમન નામની સ્વદેશિ ન્યૂક્લિયર પાવર સંચાલિત બેલાસ્ટિક મિસાઈલ સબમરિન પોતાના નૌસેનાના કાફલામાં જોડી હતી. મહત્ત્વની વાત એ છે કે, ન્યૂક્લિયર પાવર ધરાવતી સબમરિન બનાવવી તે ખૂબ જ પડકારજનક અને જટિલ એન્જિનિયરિંગ ધરાવતું કામ છે. ભારતનો સમાવેશ દુનિયાના એવા ગણતરીના દેશોમાં થાય છે જેની પાસે પોતાની સ્વદેશી બનાવટની ન્યૂક્લિયર પાવર સબમરી છે. આઈએનએસ અરિદમન આ કેટેગરીની ત્રીજી સબમરીન છે. હવે સવાલ એવો થાય છે કે, આપણી પાસે પરમાણુ ઊર્જાથી ચાલતી સબમરીન બનાવવાની ટેક્નોલોજી અને આવડત છે પણ આપણે વિશાળ કોમશયલ જહાજો બનાવી શકતા નથી. જાણકારો માને છે કે તેની પાછળ ટેક્નોલોજી, આર્થિક બાબતો, અન્ય રણનીતિ અને બીજી ઘણી બાબતો સંકળાયેલી છે. ભારતનો મોટાભાગનો આંતરરાષ્ટ્રીય વેપાર દરિયાઈ માર્ગે જ થાય છે. ભારત પાસે આ વેપાર કરવા માટેના કોમર્શિયલ જહાજોની સંખ્યા ખૂબ જ ઓછી છે. વૈશ્વિક કોમર્શિયલ જહાજ નિર્માણમાં ભારતની ભાગીદારી ૧ ટકા કરતા પણ ઓછી છે. કોમર્શિયલ જહાજ બનાવવામાં ચીન અને સાઉથ કોરિયાનો દબદબો છે. તેમણે આ સેક્ટરમાં ૮૦ ટકા કબજો પોતાની પાસે રાખેલો છે. એક અહેવાલ જણાવે છે કે, ભારત પાસે ૧૫૦૦ની આસપાસ પોતાના કોમર્શિયલ જહાજો છે જે વૈશ્વિક સંખ્યાના ૧.૨ ટકા જ થાય છે. જાણકારો એવું માને છે કે, સબમરીન બનાવી શકતું, ૪૫૦૦૦ ટનના વજનનું વિમાનવાહક યુદ્ધજહાજ બનાવી શકતું ભારત કોમર્શિયલ જહાજ બનાવી શકતું નથી અથવા તો બનાવતું નથી તે એક વિચારવા જેવું પાસું છે. તે સામાન્ય જહાજના નિર્માણ ક્ષેત્રમાં સંઘર્ષ કરે છે તે નવાઈ પામવા જેવી બાબત છે છતાં તેની પાછળ ઘણા કારણો જવાબદાર છે. આઈક્રાના અહેવાલ અનુસાર ભારત દર વર્ષે જહાજોના આવાગમન પાછળ જ ૯૦ અબજ રૂપિયાનો ખર્ચ કરે છે. ભારત પાસે પૂરતી સંખ્યામાં જહાજ નથી તેથી કરોડો ડોલરનું વિદેશી હુંડિયામણ વિદેશી કંપનીઓ



અને વિદેશી જહાજો લઈ જાય છે. બીજી તરફ રણનીતિક જાણકારો માને છે કે, પરમાણુ સબમરીન બનાવવી તે દેશની સુરક્ષા અને રણનીતિ માટે જરૂરી છે. તેમાં સરકારનું સમર્થન હોય છે અને તેમાં બજેટની પણ કોઈ મર્યાદા હોતી નથી. તેમાં ઉદ્દેશ પૈસા કમાવાનો નહીં પણ દેશની સુરક્ષાનો હોય છે. બીજી તરફ કોમશયલ જહાજો સંપૂર્ણ રીતે નફાખોરી, કુશળતા અને ડિલિવરીના સમય ઉપર આધાર રાખે છે. વૈશ્વિક સ્તરે રહેલી શિપિંગ કંપનીઓ એવા જ દેશો અને કંપનીઓ પાસેથી જહાજ ખરીદે છે જેઓ સત્તામાં અને ઓછા સમયમાં જહાજ તૈયાર કરીને આપે છે. ચીન અને સાઉથ કોરિયા જ આ સેક્ટરમાં આવું કામ કરી શકે છે. તેઓ મોટી સંખ્યામાં જહાજો બનાવે છે જેથી પ્રોડક્શન કોસ્ટ ઘટે છે. ભારતીય શીપયાર્ડ આ ક્ષેત્રમાં આટલી વ્યાપક રીતે કામ કરી શકતું નથી. ચિંતાજનક વાત એવી પણ છે કે, માલસામાન લાવવા લઈ જવા માટે વિદેશી કંપનીઓ ઉપર જ આધાર રાખવો પડે છે. વિદેશી જહાજોના ભાડા અત્યંત વધારેહ ય છે અને તેના કારણે દર વર્ષે ૯૦ અબજ રૂપિયાનો ખર્ચો થાય છે. તે વિદેશી હુંડિયામણ સ્વરૂપે વિદેશોમાં જ જતું રહે છે. શિપબિલ્ડિંગ એક શ્રમ પ્રધાન ઉદ્યોગ છે. જો ભારતમાં જહાજ બનાવવાનું શરૂ કરવામાં આવે તો લાખો યુવાનોને રોજગાર મળે તેમ છે. શિપ બિલ્ડિંગ, વેલ્ડિંગ, ડિઝાઈનિંગ, ફિટિંગ અને અન્ય સેક્ટરમાં સીધો રોજગાર મળે તેમ છે. વૈશ્વિક મહામારી અને યુદ્ધના સમયે વિદેશી શિપિંગ કંપનીઓ મનમાની કરીને ભાડા વસુલે છે તેના કારણે ભારતમાં આવતી વસ્તુઓ વધારે મોંઘી થઈ જાય છે. તે ઉપરાંત સપ્લાય ચેઈન તૂટવાનો ભય રહે છે. ભારત વૈશ્વિક સ્તરે કોમર્શિયલ જહાજોના નિર્માણમાં ભલે પાછળ હોય છતાં તેને એક લાંબો ઈતિહાસ છે. સ્વતંત્ર ભારતના ઈતિહાસ ઉપર નજર કરીએ તો પહેલું આધુનિક સ્ટીમશિપ, એસએસ જલ ઉષા ૧૯૪૮માં હિન્દુસ્તાન શિપયાર્ડ લિમિટેડ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે. ૧૯૮૦ના દાયકામાં કોચીન શિપયાર્ડે ભારતનું પહેલું સ્વદેશી ક્રૂડ ટેન્કર, એમવી રાની પદ્મિની બનાવ્યું હતું. કોચીન શિપયાર્ડ કંપનીએ હાલમાં જ ફ્રાંસીસી કંપની સીએમએ સીજીએમ સાથે ૬ એલએનજી ઈંધણ ધરાવતા ફીડર કન્ટેનર જહાજોના નિર્માણનો એક ઐતિહાસિક કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. તે ઉપરાંત મઝગાંવ ડોક લિમિટેડે પણ ડેનિશ કંપની માટે મલ્ટિ પર્પઝ કાર્ગો જહાજોનું નિર્માણ કરી રહી છે. જાણકારોના મતે આયાત ઉપર નિર્ભરતા ઓછી કરવા માટે અને વિદેશી હુંડિયામણ વિદેશમાં અને વિદેશી કંપનીઓને જતું ઓછું કરવા માટે સરકારે ઘણા નીતિગત ફેરફારો કર્યા છે. સપ્ટેમ્બર ૨૦૨૫માં સરકારે અંદાજે ૭૦ હજાર કરોડ રૂપિયા શિપબિલ્ડિંગ અને મરિન રિફોર્મ પેકેજ તરીકે જાહેક કર્યા હતા. તેમાં ઘણી યોજનાઓ જાહેર કરવામાં આવી હતી. આ ઉપરાંત રોકાણ અને ફાઈનાન્સિંગ સપોર્ટ માટે સરકારે ૨૫,૦૦૦ કરોડના મરિન ડેવલપમેન્ટ ફંડની જાહેરાત કરી હતી. જહાજોના નિર્માણ અને અન્ય વ્યવસ્થાપન માટે આર્થિક સહાય અને શિપ બ્રેકિંગ ક્રેડિટ પણ જાહેર કરવામાં આવી હતી. તેના માટે પણ અંદાજે ૨૫ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. મરીન ક્લસ્ટરના વિકાસ અને શિપયાર્ડ્સના માળખાગત વિકાસ માટે પણ ૨૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી હતી. મોટા મોટા જહાજોના નિર્માણ કાર્યને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં રાખવામાં આવ્યા છે જેથી તેમને સરળતાથી અને ઓછા વ્યાજદરે લોન મળી શકે. એકંદરે જોવા જઈએ તો ભારત પાસે સારી એન્જિનિયરિંગ અને ટેકનિકલ ક્ષમતા છે પણ હવે તેમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટનો સાથ આપવાની જરૂર છે. જો સંરક્ષણ ક્ષેત્રની જેમ જ કોમશયલ શિપબિલ્ડિંગને પણ યોગ્ય નીતિગત સમર્થન, સસ્તા વ્યાજદરે લોન અને ટેક્સમાં રાહત આપવામાં આવે તો ભારત પણ આ સેક્ટરમાં આગળ વધી શકે તેમ છે. ભારતમાં માનવશ્રમની કોઈ અછત નથી. જો ભારતે ખરેખર આયાત અને નિકાસ માટે વિદેશી જહાજો ઉપર આધાર રાખવાનું ઘટાડવું હોય તો કોમર્શિયલ જહાજોનું પણ સ્વદેશી નિર્માણ શરૂ કરી દેવું જોઈએ. તેના દ્વારા રોજગારનો મોટો પ્રશ્ન ઉકેલાશે તથા જો વ્યાપક નિર્માણ થશે તો વૈશ્વિક સ્તરે ચીન અને સાઉથ કોરિયાની જેમ જહાજોના ઓર્ડર પણ મળી શકે તેમ છે. તેનાથી પણ મોટી બાબત એ છે કે, વિદેશી હુંડિયામણ પેટે વિદેશોમાં ઠલવાતા ૯૦ અબજ રૂપિયાનો બચાવ થશે.

# ઈથેનોલથી દોડશે વાહનો : સરકાર 100 ટકા બ્લેંડિંગ કરવાની તૈયારીમાં

**પેટ્રોલની ઓળખ હવે E10/E થી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે : ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે.**

અમેરિકા અને ઈરાનના યુદ્ધના કારણે દુનિયાભરમાં પેટ્રોલ અને ડીઝલની તંગી સર્જાયેલી છે. બીજી તરફ જે દેશો પાસે સ્ટોક છે તે ખુટવા લાગ્યો છે. ઘણા દેશો દ્વારા વૈકલ્પિક ઈંધણોના ઉપયોગની કવાયત હાથ ધરવામાં આવી છે. ભારતે પણ પેટ્રોલ અને ડીઝલના વિકલ્પો અને તેની સાથે અન્ય કેમિકલ્સ અને પદાર્થોની ભેળસેળ કરીને નવા ફ્યુઅલ વિકસાવવાની દિશામાં અને તેનો ઉપયોગ કરવાની દિશામાં પ્રયાસ કરાઈ રહ્યા છે. એક તરફ સ્ટોક ઘટી રહ્યો છે અને બીજી તરફ પેટ્રોલના અને ડીઝલના ભાવમાં તોતિંગ વધારો ઝિંકાવાની શક્યતાઓ છે ત્યાં સરકારે પેટ્રોલ અને ડીઝલ ઉપર નિર્ભરતા ઓછી કરવા નવું સાહસ કરવાનું નક્કી કર્યું છે. તાજેતરમાં જ રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય (MoRTH) દ્વારા એક નવું નોટિફિકેશન જારી કરવામાં આવ્યું છે. મંત્રાલય દ્વારા મોટર વ્હીકલ એક્ટ હેઠળ એક ડ્રાફ્ટ નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે જેમાં પેટ્રોલમાં વધુ માત્રામાં ઈથેનોલ ભેળવવાના નિયમોનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. જો આ પ્રસ્તાવ લાગુ થશે, તો આગામી સમયમાં વાહનો સંપૂર્ણપણે ઈથેનોલથી પણ ચાલી શકશે. સરકાર ૧૦૦ ટકા ઈથેનોલથી જ વાહનો ચલાવવાની તૈયારીમાં છે.

જાણકારોના મતે આ ડ્રાફ્ટ નોટિફિકેશનનો હેતુ કાર્બન ઉત્સર્જન સંબંધિત નિયમો, ફ્યુઅલ ક્લાસિફિકેશન અને હાઈ ઈથેનોલ બ્લેન્ડ સાથે જોડાયેલા ટેકનિકલ શબ્દોમાં ફેરફાર કરવાનો છે. સેન્ટ્રલ મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯માં સુધારો કરીને E85 અથવા E100 સુધીના ઈંધણ માટે વાહન સ્ટાન્ડર્ડનો સમાવેશ કરવાની વાત આ પ્રસ્તાવમાં કરવામાં આવી છે. ડ્રાફ્ટમાં ઈંધણની નવી કેટેગરી નક્કી કરવાનો પણ પ્રસ્તાવ છે. જેમ કે પેટ્રોલની ઓળખ હવે E10/E થી બદલીને E10/E20 કરવામાં આવશે. આ સાથે જ E85 અને E100ને પણ સત્તાવાર રીતે



નિયમોમાં સામેલ કરવામાં આવશે. તેવી જ રીતે બાયોડીઝલને B10થી વધારીને B100 સુધી અપડેટ કરવાનો પ્રસ્તાવ છે. અહેવાલો પ્રમાણે ઊર્જા જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા લાવવાના પ્રયાસ રૂપે જ ૧૦૦ ટકા ઈથેનોલ બ્લેંડિંગ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જો ખરેખર તેવું શક્ય બનશે તો એનર્જી સેક્ટરમાં એક મોટું અને ક્રાંતિકારી પરિવર્તન આવશે. તેનાથી ક્રૂડ ઉપરની નિર્ભરતા ઓછી થશે અને પર્યાવરણ બચાવવામાં અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં મોટી સફળતા મળશે. તે ઉપરાંત ખેડૂતોની આવકમાં પણ મોટો વધારો થશે જેના દ્વારા અર્થતંત્રને જ વેગ મળશે. ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ બ્લેંડિંગનો અર્થ છે પેટ્રોલમાં ઈથેનોલ ભેગું કરવું. ભારતમાં હાલમાં જે પેટ્રોલ એન્જિન છે તેની ક્ષમતા E20 છે. તેનો અર્થ એ છે કે, પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ભેળવી શકાય છે. ઈથેનોલ બ્લેંડેડ પેટ્રોલ હેઠળ સરકારે ગત વર્ષે ૧ એપ્રિલથી આ નીતિ લાગુ કરી દીધી હતી. હાલમાં પેટ્રોલમાં ૨૦ ટકા ઈથનેલો ભેળવવામાં આવે છે. સરકાર હવે તેને વધારીને ૮૫ અને ૧૦૦ ટકા લઈ જવા માગે છે. સરકાર ઈચ્છે છે કે, નવા એન્જિન વિકસાવવામાં આવે જે પેટ્રોલના સ્થાને સંપૂર્ણ રીતે ઈથેનોલ ઉપર જ કામ કરે. ઉલ્લેખનીય છે કે, ઈથેનોલ એક પ્રકારનો આલ્કોહોલ જ ગણાય છે જે શેરડી, મકાઈ અને ચોખામાંથી બનાવવામાં આવે છે. પહેલાં તેમાંથી સુગર દૂર કરવામાં આવે છે અને ત્યારબાદ તેમાં યીસ્ટ ભેળવવામાં આવે છે. યીસ્ટ આ સુગરને ઈથેનોલ અને ગેસમાં પરિવર્તિત કરી દે છે. આ પ્રક્રિયાને ફર્મેન્ટેશન કહેવામાં આવે છે. ત્યારબાદ જે મિશ્રણ તૈયાર થાય છે તેને ડિસ્ટિલેશન કરીને તેમાંથી પાણી અલગ કરવામાં આવે છે. આ પ્રોસેસ થયા બાદ જે ઈથેનોલ વધે છે તેનો ઉપયોગ ફ્યૂઅલ તરીકે અથવા તો અન્ય ઈંધણ તરીકે કરવામાં આવે છે. ભારત ઈથેનોલના ઉત્પાદનમાં સતત નવા રેકોર્ડ બનાવી રહ્યો છે. ૨૦૧૪માં ભારતની ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા માત્ર ૨૦૦ કરોડ લિટર હતી. જે હાલમાં અંદાજે ૧૮૦૦થી ૨૦૦૦ કરોડ લિટર સુધી પહોંચી ગઈ છે. દેશમાં હવે E20 બ્લેંડિંગ ફરજિયાત કરવામાં આવ્યું છે જેના માટે ૧૦૦૦ કરોડ લિટરની જ જરૂર પડે છે. સરકાર આગામી પાંચ વર્ષોમાં ઉત્પાદનને પાંચ ગણું કરવા માગે છે અને તેનો વપરાશ પણ પાંચ ગણો વધે તે દિશામાં કામ કરી રહી છે. તેના માટે ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીને ફ્લેક્સ ફ્યૂઅલ ટેક્નોલોજી અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી રહી છે. તેના માટે નવી નીતિઓ પણ બનાવઈ રહી છે. જાણકારો માને છે કે, E100 પોલિસી લાગુ થયા બાદ વાહનોમાં પેટ્રોલના સ્થાને ૧૦૦ ટકા ઈથેનોલનો ઉપયોગ કરવામાં આવશે.

# હેલ્થ ઇન્ડસ્ટ્રીનો નવો ટ્રેન્ડ- મશરૂમ સપ્લિમેન્ટ

**હેલ્થ અને ફિટનેસની દુનિયામાં આ દિવસોમાં એક નવો ટ્રેન્ડ પોપ્યુલર થઈ રહ્યો છે- 'મશરૂમ સપ્લિમેન્ટ.' સોશિયલ મીડિયાથી લઈને જીમ સુધી, દરેક જગ્યાએ તેના ફાયદાઓની ચર્ચા થઈ રહી છે. કોઈ તેને ઇમ્યુનિટી બૂસ્ટર કહી રહ્યું છે તો કોઈ બ્રેઇન ફંક્શન અને એનર્જી માટે ગેમ-ચેન્જર.**

હેલ્થ અને ફિટનેસની દુનિયામાં આ દિવસોમાં એક નવો ટ્રેન્ડ પોપ્યુલર થઈ રહ્યો છે- 'મશરૂમ સપ્લિમેન્ટ.' સોશિયલ મીડિયાથી લઈને જીમ સુધી, દરેક જગ્યાએ તેના ફાયદાઓની ચર્ચા થઈ રહી છે. કોઈ તેને ઈમ્યુનિટી બૂસ્ટર કહી રહ્યું છે તો કોઈ બ્રેઈન ફંક્શન અને એનર્જી માટે ગેમ-ચેન્જર. સવાલ એ છે કે શું આ ખરેખર એટલું અસરકારક છે કે માત્ર એક ટ્રેન્ડ છે? નિષ્ણાતો આ વિશે શું કહી રહ્યા છે? આવા તમામ પ્રશ્નોના જવાબ જાણવા જરૂરી છે, જેથી તમે સ્વાસ્થ્ય માટે સાચો અને સુરક્ષિત નિર્ણય લઈ શકો. મશરૂમ સપ્લીમેન્ટ અને ખાવાવાળા મશરૂમ (એડિબલ મશરૂમ), બંને એક જ સોર્સમાંથી આવે છે, પરંતુ તેમનો ઉપયોગ, પ્રોસેસિંગ અને અસર અલગ હોય છે. 1. ઉદ્દેશ્ય, ખાવાવાળા મશરૂમ: જેમ કે બટન મશરૂમ. તેનું શાક બને છે. મશરૂમ સપ્લીમેન્ટ: ઈમ્યુનિટી, બ્રેઈન, એનર્જી જેવા હેલ્થ બેનિફિટ્સ માટે લેવામાં આવે છે. 2. બનાવવાની રીત, ખાવાવાળા મશરૂમ: સીધા ઉગાડીને-પકાવીને ખાવામાં આવે છે. મશરૂમ સપ્લીમેન્ટ: મશરૂમને સૂકવીને, પીસીને અથવા તેનો એક્સટ્રેક્ટ કાઢીને કેપ્સ્યુલ/પાવડરમાં બદલવામાં આવે છે. 3. ન્યુટ્રિઅન્ટ્સ ખાવાના મશરૂમ: સામાન્ય પોષણ (પ્રોટીન, ફાઈબર, વિટામિન) પૂરું પાડે છે.

મશરૂમ સપ્લિમેન્ટ: તેમાં બીટા-ગ્લુકન્સ જેવા ખાસ સક્રિય સંયોજનો હોય છે.

4. અસર ખાવાના મશરૂમ: ધીમે ધીમે સ્વાસ્થ્યને ટેકો આપે છે. મશરૂમ સપ્લિમેન્ટ: યાદશક્તિ, રોગપ્રતિકારક શક્તિ, ઊર્જા જેવા ચોક્કસ લક્ષ્યો માટે બનાવવામાં આવે છે. મશરૂમ એક 'સુપરફૂડ' છે. તેથી તેનાથી બનેલા સપ્લિમેન્ટ્સ લોકોનું ધ્યાન ખેંચી રહ્યા છે. તેના ઘણા કારણો છે- મશરૂમ સપ્લિમેન્ટને જ્ઞાનાત્મક સ્વાસ્થ્ય અને તણાવ નિયંત્રણ સાથે જોડવામાં આવી રહ્યું છે. કેમિકલ સપ્લિમેન્ટ્સને બદલે લોકો કુદરતી અને આયુર્વેદિક વિકલ્પો અપનાવી રહ્યા છે. મશરૂમને 'એડેપ્ટોજન' માનવામાં આવે છે. એટલે કે આ શરીરને પરિસ્થિતિ અનુસાર ઢાળવા માટે તૈયાર કરે છે. કોવિડ પછી રોગપ્રતિકારક શક્તિ પર ધ્યાન વધ્યું છે, જેના કારણે ફિટનેસ ફ્રીક લોકોમાં મશરૂમ સપ્લિમેન્ટ્સ ઝડપથી લોકપ્રિય થયા છે. માર્કેટ રિસર્ચ અને કન્સલ્ટિંગ કંપની 'ગ્રાન્ડ વ્યૂ રિસર્ચ' અનુસાર, ભારતમાં વર્ષ 2023માં મશરૂમ સપ્લિમેન્ટ્સનું બજાર લગભગ 5,800 કરોડ રૂપિયા હતું. તેના વર્ષ 2030 સુધીમાં વધીને 11,800 કરોડ રૂપિયા થવાની સંભાવના છે. તે લગભગ દર વર્ષે 10-11% વૃદ્ધિ કરી રહ્યું છે. મશરૂમ સપ્લિમેન્ટ્સ કેટલીક દવાઓ સાથે પ્રતિક્રિયા આપી શકે છે. આ દરેક વ્યક્તિમાં થતું નથી, પરંતુ વિજ્ઞાન અને ક્લિનિકલ રિપોર્ટ્સ અનુસાર કેટલાક સંયોજનોમાં સાવચેતી જરૂરી છે. જેમ કે- બ્લડ થિનર દવાઓ સાથે. ડાયાબિટીસની દવાઓ સાથે. બ્લડ પ્રેશરની દવાઓ સાથે. ઈમ્યુનોસપ્રેસન્ટ દવાઓ સાથે. સેડેટિવ અને સ્લીપ મેડિસિન સાથે. કીમોથેરાપી અથવા કેન્સર ડ્રગ સાથે. મશરૂમ સપ્લિમેન્ટ્સ FDA (ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન) અને FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા) બંને હેઠળ અમુક અંશે નિયંત્રિત છે. પરંતુ આ ફૂડ સપ્લિમેન્ટ્સ છે, તેથી તે સંપૂર્ણપણે ટેસ્ટેડ અને મંજૂર હોતા નથી. તેને ખરીદતી વખતે જાતે સ્માર્ટ રહેવું જરૂરી છે. ખાવાલાયક મશરૂમ વધુ સારા અને સુરક્ષિત વિકલ્પો છે, પરંતુ કેટલીક ખાસ પરિસ્થિતિઓમાં સપ્લીમેન્ટ પણ કામ આવી શકે છે. જેમ કે- મેમરી, સ્ટેમિનાના ચોક્કસ લક્ષ્યો હોય. ડોક્ટર ભલામણ કરે. આહારમાંથી પૂરતું પોષણ ન મળતું હોય.

# ઈરાનમાં ક્રૂડ સંકટ : ઉત્પાદન અટકે તેમ નથી અને સપ્લાય થતું નથી

**ઈરાન પાસે પોતાનું ક્રૂડ રાખવાની જગ્યા નથી. તેની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા સતત ઘટી રહી છે અને સપ્લાય ઠપ્પ થઈ ગયેલો છે તેના પગલે હવે તે ક્રૂડ સ્ટોરેજ કરવામાં ફસાઈ ગયું છે. ઈરાનની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા 1.3 કરોડ બેરલ જેટલી છે. તેની સામે દરરોજ 11થી 12 લાખ બેરલ જેટલું ઉત્પાદન થાય છે. તેની પાસે દસથી બાર દિવસ જેટલો જ સમય છે : હોર્મુઝમાં અમેરિકાની નાકાબંદી છે.**

અમેરિકા અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ હવે કોલ્ડ વોરમાં પરિણમ્યો છે. તેમની વચ્ચે કૂટનીતિક વાતચીત થઈ રહી નથી. સમાધાન અને શાંતિ માટેના પ્રયાસો નિષ્ફળ જઈ રહ્યા છે. પહેલી શાંતિવાર્તા નિષ્ફળ ગયા બાદ બીજી વખત શાંતિવાર્તા થઈ નથી. આ ઉપરાંત ફરીથી યુદ્ધ વિરામનો સમય લંબાવાયો છે. ઈરાન હજી પણ પોતાની શરતો મુક્યા કરે છે અને અમેરિકા પોતાની શરતો મુક્યા કરે છે. તેના કારણે આ સ્થિતિનો ઉકેલ આવતો નથી. બીજી તરફ હોર્મુઝની ખાડીમાં પણ બંનેએ શિંગડા ભરાવ્યા છે જેના પગલે સ્થિતિ વધારે વણસેલી છે. દુનિયાભરના દેશોને ક્રૂડ મળતું નથી અને હાલત ખરાબ થઈ રહી છે. મહત્ત્વની વાત એ છે કે, હોર્મુઝની ખાડીમાં જે રીતે અમેરિકાએ ઈરાનનું નાક દબાવ્યું છે તેના કારણે તેની સ્થિતિ વધારે ખરાબ થઈ રહી છે. એક બાજું તે જહાજો ઉપર ટોલ ટેક્સ વસુલવાની ફિરાકમાં હતું ત્યાં અમેરિકાએ તેના જ જહાજોનો બહાર જવાનો રસ્તો બંધ કરી દીધો છે. આ સંજોગોમાં ઈરાનમાં મોટું ક્રૂડ સંકટ સર્જાયેલું છે. મૂળ વાત એવી છે કે, ઈરાન પાસે પોતાનું ક્રૂડ રાખવાની જગ્યા નથી. તેની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા સતત ઘટી રહી છે અને સપ્લાય ઠપ્પ થઈ ગયેલો છે તેના પગલે હવે તે ક્રૂડ સ્ટોરેજ કરવામાં ફસાઈ ગયું છે. હવે આગામી દસ દિવસથી વધારે તે ક્રૂડ સ્ટોરેજ કરી શકે તેમ નથી. દરરોજ લાખો બેરલનું ઉત્પાદન થઈ રહ્યું છે અને તેની સામે સપ્લાય થતો નથી તેથી ક્રૂડ સ્ટોર કરવું પડે છે અને હવે તેના સ્ટોરેજ ફુલ થઈ રહ્યા છે. તેની પાસે જમીનમાં સ્ટોર કરવાની ક્ષમતા ઓછી થવા લાગી છે. જાણકારોના મતે ઈરાને હોર્મુઝની ખાડીમાં સર્જાયેલા કપરા સંકટનો ઉકેલ લાવવા માટે કામચલાઉ ઉપાય કર્યો છે પણ તેનાથી ખાસ લાભ થાય તેમ નથી. ઈરાને હવે મજબુરીમાં પોતાના જૂના ક્રૂડ ટેન્કરોનો ઉપયોગ કરવાની શરૂઆત કરી છે. તેણે હવે જૂના ક્રૂડ ટેન્કરોનો ઉપયોગ ફ્લોટિંગ સ્ટોરેજ તરીકે કરવાની શરૂઆત કરી છે. તેણે તાજેતરમાં પોતાનું એક નાશા નામના એક જહાજને હોર્મુઝની ખાડીમાં ઉતાર્યું છે. તેણે ૩૦ વર્ષ જૂના જહાજનો ઉપયોગ હવે ક્રૂડ સ્ટોર કરવા માટે શરૂ કર્યો છે. ખાસ કરીને ખર્ગ આઈલેન્ડ પાસે જ્યાં ક્રૂડનું સૌથી વધુ ઉત્પાદન થાય છે ત્યાં આ જહાજ ઉતાર્યું છે જેથી ક્રૂડ સ્ટોર કરી શકાય. ખર્ગ આઈલેન્ડમાં ઉત્પાદિત થતું ક્રૂડ ૯૦ ટકા નિકાસ થતું હોય છે પણ વર્તમાન સમયમાં ત્યાં ઉત્પાદન ચાલુ છે પણ નિકાસ થતી નથી. તેના કારણે ક્રૂડનો ભરાવો થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, હાલમાં ઈરાનની ક્રૂડ સ્ટોરેજ ક્ષમતા ૧.૩ કરોડ બેરલ જેટલી છે. તેની સામે દરરોજ ૧૧થી ૧૨ લાખ બેરલ જેટલું ઉત્પાદન થાય છે. તેની પાસે દસથી બાર દિવસ જેટલો જ સમય છે અને ત્યારબાદ તેની સ્ટોરેજ ક્ષમતા પૂરી થઈ જાય તેમ છે. હોર્મુઝમાં અમેરિકાની નાકાબંદી છે અને ત્યાંથી ઈરાનના જહાજો જઈ શકે તેવી



સ્થિતિ નથી. હોર્મુઝની ખાડીની હાલત એવી છે કે, ત્યાં યુદ્ધ પહેલાં દરરોજ ૧૪૦થી વધારે જહાજો પસાર થતા હતા. હાલમાં રોજના પાંચ જહાજ પણ પરાણે પસાર થઈ રહ્યા છે. તેમાંય ઈરાનના પોતાના જહાજો તો નિકળી શકે તેવી સ્થિતિ જ નથી. બીજી તરફ એવું પણ છે કે, ઈરાને પોતાનો રસ્તો ખોલવા માટે કેટલાક જહાજો જપ્ત કર્યા છે અને અમેરિકા ઉપર દબાણ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. જાણકારોના મતે તેનાથી ખાસ અસર પડે તેમ દેખાતું નથી. અમેરિકા હવે કોઈપણ ભોગે ઈરાનને ફસાવવા માગે છે. અહેવાલો જણાવે છે કે, જ્યાં સુધી સ્થિતિનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી કોઈને પણ ક્રૂડ મળશે નહીં અને કોઈ ક્રૂડ વેચી શકશે નહીં. આ સંજોગોમાં ઈરાને કોઈક ઉકેલ લાવવો પડશે. હાલમાં તો તે માત્ર પોતાના ઉત્પાદન ઉપર જ ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. ઈરાન માટે તો કોઈપણ સંજોગોમાં ક્રૂડનું ઉત્પાદન ચાલુ રાખવું મજબૂરી છે. ખર્ગ આઈલેન્ડમાં તેના ક્રૂડ ઉત્પાદનનું ૯૦ ટકા જેટલું ઉત્પાદન થાય છે. અહીંયા તમામ રિફાઈનરીઓ અને તેની મશીનરીઓ કામ કરતી રહે છે. તેઓ દરરોજ ૧૦થી ૧૨ લાખ બેરલ ક્રૂડ તૈયાર કરે છે. આ સંજોગોમાં જો કામ બંધ કરવામાં આવે તો તેલના કુવાઓ ખરાબ થઈ જાય. મશિનરી એક વખત બંધ કરવામાં આવે તો તેને ફરી શરૂ કરવાનું મુશ્કેલ થઈ જાય. તે ઉપરાંત લાંબો સમય જો મશિનરી બંધ રહે તો ખરાબ થવાની પૂરતી શક્યતાઓ છે. આ કારણે તેની પાસે કોઈ વિકલ્પ જ નથી. તે પ્રોડક્શન ઘટાડશે તો પણ તેને સ્ટોર કરવાનું જોખમ તો મોટું છે જ. તેના કારણે તે હાલમાં તો ફ્લોટિંગ સ્ટોરેજનો વિકલ્પ પસંદ કર્યો છે પણ લાંબો સમય તેના ઉપર ટકી શકે તેમ નથી. અન્ય એક અહેવાલ જણાવે છે કે, ઈરાન પાસે કુલ જમીન ઉપર ૯.૫ કરોડ બેરલ સ્ટોર કરવાની કેપેસિટી છે. તેમાંથી ૫ કરોડ બેરલ ક્રૂડ તો તેણે પહેલેથી જ સ્ટોર કરેલું છે. યુદ્ધ દરમિયાન પણ સતત તેનું ઉત્પાદન ચાલુ છે અને તેણે ઉત્પાદિત કરેલો સ્ટોક એક્સપોર્ટ કરી શક્યું નથી. આ સંજોગોમાં તેના પાસે મોટા પ્રમાણમાં ભરાવો થયો છે. તેની પાંચ કરોડ બેરલની સ્ટોરેજ કેપેસિટી પૂરી થઈ ગયાનો આંકડો પણ એપ્રિલની શરૂઆતનો હતો. હાલમાં તો મે મહિનો આવી ગયો. હવે તેની પાસે વધારે જગ્યા વધી નથી. આ ઉપરાંત તે સિરી અને લવાન ખાતે કિનારાઓ ઉપર ક્રૂડ સાચવી શકે તેમ નથી. આ સિવાય સાઉથ પાર્સ ગેસ ફિલ્ડ ખાતે પણ અબ્બાસ બંદરે વધારે ક્રૂડ સ્ટોર કરી શકે તેમ નથી. આ સંજોગોમાં તેની પાસે ૧.૫ કરોડ બેરલની સ્ટોરેજ કેપેસિટી ઓછી થઈ ગઈ છે અને ઓનશોર કેપેસિટી કુલ તો ૨.૫ કરોડ બેરલ જેટલી ઓછી થઈ ગઈ છે. તેણે દરિયામાં પર્સિયનની ખાડી પાસે અને અન્ય કેટલાક સ્થળે વેરી લાર્જ ક્ડ કેરિયર્સ એટલે કે મોટા ક્રૂડ જહાજોમાં ક્રૂડ સ્ટોર કર્યું છે પણ તેનો આંકડો માત્ર ૧.૫ કરોડ બેરલ છે. હાલમાં તે ફ્લોટિંગ સ્ટોરેજ બન્યું છે પણ લાંબો સમય તેનો ઉપયોગ થાય તેમ નથી. ઓનશોર અને ઓફશોર કેપેસિટી ગણીએ તો તે ૨૨ દિવસથી વધારે ક્રૂડ સ્ટોર કરી શકે તેમ નથી.

પાક્કો ગુજરાત
ગુરુવાર I 07 મે 2026 I અમદાવાદ

ખેડૂતો અને વેપારીઓ ચિંતાતુર બન્યા

# ઊંઝા ગંજબજારમાં જીરાના ભાવમાં મોટું ગાબડું : તેજી ગાયબ

■ એક જ સપ્તાહમાં ભાવમાં રૂ.200 સુધીનો ઘટાડો: 17 હજાર બોરીની આવક સામે લેવાલી નહિવત, માલ વખારોમાં પડ્યો




ઊંઝા

એશિયાના સૌથી મોટા મસાલા બજાર તરીકે જાણીતા ઊંઝા ગંજબજારમાં અત્યારે જીરાના ભાવને લઈને 'મંદીનું ગ્રહણ' લાગ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જીરાના ગઢ ગણાતા ઊંઝામાં છેલ્લા એક અઠવાડિયામાં જ ભાવમાં જોરદાર ગાબડું પડતા ખેડૂતો અને વેપારીઓના આર્થિક સરવૈયા ખોરવાયા છે. ૧૭ થી ૧૮ હજાર બોરીની મબલખ આવક વચ્ચે ગરાકી ન હોવાથી જીરાના ભાવ તળિયે બેસી રહ્યા છે. માર્કેટ યાર્ડના સૂત્રોના જણાવ્યા અનુસાર, છેલ્લા સાત દિવસમાં જ જીરાના ભાવમાં પ્રતિ ૨૦ કિલો દીઠ રૂ. ૧૫૦ થી ૨૦૦નો ઘટાડો નોંધાયો છે. જે જીરું અગાઉ રૂ. ૪૦૦૦ થી ૪૧૦૦ના ભાવે વેચાતું હતું, તે હવે ઘટીને રૂ. ૩૮૦૦ થી ૩૯૦૦ના સ્તરે પહોંચી ગયું છે. આ મંદીને કારણે ખેડૂતોને સીધું ૨૦૦ થી ૨૫૦ રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

ઊંઝા યાર્ડમાં હાલમાં પ્રતિદિન ૧૭ હજાર બોરીથી વધુની આવક થઈ રહી છે, પરંતુ તેની સામે વેપાર માત્ર ૭ થી ૮ હજાર બોરીનો જ થઈ રહ્યો છે. બાકીનો માલ વેચાણ વગર વખારોમાં પડ્યો રહ્યો છે. લેવાલી ઓછી હોવાના કારણે યાર્ડમાં માલના ભરાવા જેવી સ્થિતિ સર્જાઈ છે.

વેપારીઓના મતે જીરામાં મંદી આવવાના મુખ્ય બે કારણો છે :

1. વૈશ્વિક અશાંતિ: આંતરરાષ્ટ્રીય સ્તરે યુદ્ધની સ્થિતિને કારણે એક્સપોર્ટ (નિકાસ) લગભગ બંધ જેવી છે.

2. સ્થાનિક ગરાકીનો અભાવ: સ્થાનિક બજારમાં પણ અત્યારે ગરાકી નહિવત હોવાથી જીરાના ભાવ ઉંચકાતા નથી.

ખેડૂતો પોતાની કાળી મજૂરીનો પાક લઈને આશા સાથે ઊંઝા યાર્ડમાં આવે છે, પરંતુ અહીંના ભાવ જોઈને તેમની આંખોમાં આંસુ આવી જાય તેવી સ્થિતિ છે. ઊંચા ભાવની આશાએ માલ પકવીને લાવનારા ખેડૂતો અત્યારે લાચાર બનીને નીચા ભાવે માલ આપવા મજબૂર બન્યા છે અથવા માલ પાછો લઈ જઈ રહ્યા છે.

ખેડા LCBની મોટી સફળતા

# ચોરીના મોટરસાયકલ સાથે રીઢો તસ્કર દબોચાયો

નડીયાદ ટાઉન વિસ્તારમાંથી બાઇકની ચોરી કરનાર મીત રાઠોડ 'પાંજરે' પુરાયો

નડીયાદ

ખેડા જિલ્લામાં વધી રહેલી મિલકત સંબંધી ગુનાખોરીને ડામવા માટે જિલ્લા પોલીસ વડાની સૂચનાથી LCB (Local Crime Branch) પોલીસ એક્શન મોડમાં આવી છે. નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશનની હદમાંથી મોટરસાયકલની ચોરી કરનાર શખ્સને LCB પોલીસે ગણતરીના દિવસોમાં મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



મળતી વિગતો અનુસાર, નડીયાદ ટાઉન વિસ્તારમાંથી GJ 07 CP 8470 નંબરના મોટરસાયકલની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ હતી. આ મામલે ખેડા-નડીયાદ LCB પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન બાતમીદારો અને ટેકનિકલ સર્વેલન્સની મદદથી શંકાસ્પદ હિલચાલ ધરાવતા એક યુવકની અટકાયત કરવામાં આવી હતી.

પોલીસે નડીયાદની સુંદરવન સોસાયટીમાં રહેતા મીત જયેશભાઇ રાઠોડની સઘન પૂછપરછ હાથ ધરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી ચોરીનું મોટરસાયકલ મળી આવ્યું હતું. પોલીસે બાઈક જપ્ત કરી આરોપીની ધરપકડ કરી છે. આરોપીનું નામ: મીત જયેશભાઇ રાઠોડ, રહેવાસી: સુંદરવન સોસાયટી, નડીયાદ, મુદ્દામાલ: GJ 07 CP 8470 નંબરનું મોટરસાયક. LCB પોલીસે આરોપી મીત રાઠોડને મુદ્દામાલ સાથે ઝડપી પાડી આગળની તપાસ માટે નડીયાદ ટાઉન પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી છે.

ડભોઇનું ગૌરવ: દયારામ શારદા મંદિરની મુક્તાકુમારી રાઠવા કેન્દ્રમાં પ્રથમ

# બોર્ડના પરિણામમાં ડભોઇના તેજસ્વી તારલાઓનો દબદબો..!

ડભોઇ, (ફકીરા ખત્રી)

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-10નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતનું પરિણામ 80.86% આવ્યું છે, ત્યારે ઐતિહાસિક નગરી ડભોઇમાં પણ વિદ્યાર્થીઓએ શિક્ષણનો પરચમ લહેરાવ્યો છે. ડભોઇ શહેર અને તાલુકાના કેન્દ્રનું પરિણામ 73.86% નોંધાયું છે, જેમાં ડભોઇની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી એમ.એચ. દયારામ શારદા મંદિરના વિદ્યાર્થીઓએ મેદાન માર્યું છે.



મુક્તાકુમારી રાઠવા: ડભોઇ કેન્દ્રની નવી 'ટોપર'

શ્રી એમ.એચ. દયારામ શારદા મંદિરની વિદ્યાર્થિની મુક્તાકુમારી પ્રવિણભાઇ રાઠવાએ 99.87 PR મેળવીને સમગ્ર ડભોઇ કેન્દ્રમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળા અને પરિવારનું નામ રોશન કર્યું છે. આ સફળતા બાદ શાળા પરિવાર દ્વારા મીઠાઈ ખવડાવી મુક્તાકુમારીનું સન્માન કરવામાં આવ્યું હતું, જેનાથી વાલીઓમાં પણ ભારે ખુશી વ્યાપી ગઈ હતી.

નર્મદાનો નેજવો : રાજ્યમાં 90.85% સાથે ટોપ પર

# ટાઈલ્સ ફિટિંગ કરનારનો દીકરો સમગ્ર ગુજરાતમાં બીજા ક્રમે!

રાજપીપળા, (દીપક જગતાપ)

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના ધોરણ-10ના પરિણામોમાં આ વખતે નર્મદા જિલ્લાએ ઈતિહાસ રચી દીધો છે. સમગ્ર રાજ્યમાં 90.85% પરિણામ સાથે નર્મદા જિલ્લો પ્રથમ ક્રમે રહ્યો છે. પણ આ આંકડાઓ કરતા પણ મોટી વાત એ છે કે, રાજપીપળાની જય અંબે સ્કૂલનો વિદ્યાર્થી અરવિંદ ભોયારામ શૈની સમગ્ર રાજ્યમાં બીજા ક્રમે અને જિલ્લામાં પ્રથમ ક્રમે આવ્યો છે.



અરવિંદના પિતા ભોયારામ શૈની ટાઈલ્સ ફિટિંગનું કામ કરીને ઘર ચલાવે છે. આર્થિક સંકડામણ વચ્ચે પણ અરવિંદે સાબિત કર્યું કે 'મન હોય તો માળવે જવાય'. અરવિંદે 98% અને 99.98 PR મેળવી નર્મદાનું ગૌરવ વધાર્યું છે. તેણે ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન અને સંસ્કૃત - એમ ચાર વિષયોમાં 100 માંથી 100 ગુણ મેળવી અદભૂત સિદ્ધિ હાંસલ કરી છે. દીકરાની સફળતા જોઈ પિતાની આંખો ખુશીથી છલકાઈ ગઈ હતી.

જય અંબે સ્કૂલનું શ્રેષ્ઠ પ્રદર્શન માત્ર અરવિંદ જ નહીં, પણ જય અંબે સ્કૂલના અન્ય ત્રણ વિદ્યાર્થીઓ પ્રિયાંશી ચૌધરી, ધીયાં પટેલ અને દ્રષ્ટિ પટેલ (ત્રણેય 97%) પણ ટોપ ટેનમાં આવ્યા છે. શાળાના કુલ 41 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવતા કેમ્પસ ડાયરેક્ટર મહેશભાઈ આહીર અને આચાર્યશ્રીએ તમામનું ફેંટો પહેરાવી સન્માન કર્યું હતું.

શિક્ષણ જગતમાં નર્મદાનો દબદબો ટીંબાપાડા કેન્દ્ર: 97.16% સાથે જિલ્લામાં મોખરે. 100% પરિણામ: જિલ્લાની 41 શાળાઓએ 100% પરિણામ મેળવ્યું છે. A1 ગ્રેડ: જિલ્લામાં કુલ 149 વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ મેળવ્યો છે.

ડીઈઓ ડો. કિરણ પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'એક્ઝામ વોરિયર્સ' મંત્રો અને શિક્ષકોની પૂરતી ભરતીને કારણે આ આદિવાસી બાહુલ્ય ધરાવતો જિલ્લો આજે ગુજરાતમાં અગ્રેસર રહ્યો છે.

'પાક્કો ગુજરાત' તરફથી અરવિંદ અને નર્મદાના તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન!

6 જ દિવસમાં ત્યજી દીધા પ્રાણ!

# સાસુ-વહુના અતૂટ પ્રેમનો કરુણ અંત : વહુના અકાળ અવસાનનો આઘાત સાસુ જીરવી ન શક્યા

હિંમતનગર, (પાક્કો ગુજરાત ડેસ્ક)

સાબરકાંઠા જિલ્લાના જશવંતગઢ પાટિયા પાસે થયેલા એક ભીષણ અકસ્માતે માત્ર બે જીવ જ નથી લીધા, પણ એક હસતા-રમતા પરિવારના માળાને વિખેરી નાખ્યો છે. સામાન્ય રીતે સાસુ-વહુના ઝઘડાના કિસ્સાઓ સંભળાતા હોય છે, ત્યારે આ કિસ્સો સાબિત કરે છે કે જો સંબંધમાં નિખાલસતા હોય તો તે માતા-પુત્રીના હેતને પણ ટક્કર આપી શકે છે. વહુના વિયોગમાં સાસુએ પણ 6 દિવસમાં પ્રાણ ત્યજી દેતા સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે.



થોડા દિવસો પહેલા હિંમતનગર પાસે જશવંતગઢ પાટિયા નજીક એક ખાનગી બસ અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પરિવારની વહુનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. વહુના અકાળે થયેલા અવસાનના સમાચાર ઘરમાં પહોંચતા જ જાણે વીજળી પડી હોય તેવી સ્થિતિ સર્જાઈ હતી.

ઘરની પુત્રવધૂને પોતાની દીકરી સમાન માનતા સાસુ આ આઘાત સહન કરી શક્યા નહીં. વહુના ગયા પછી સાસુ સતત શોકમગ્ન હાલતમાં રહ્યા અને મનથી એ સ્વીકારી જ ન શક્યા કે તેમની વહુ હવે આ દુનિયામાં નથી. અંતે, વહુના અવસાનના માત્ર 6 જ દિવસમાં સાસુનું પણ નિધન થયું હતું.

આ કરુણ ઘટનાને પગલે પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. આસપાસના ગ્રામજનો પણ આ અતૂટ પ્રેમ અને સંબંધનો આવો અંત જોઈને અચંબો અનુભવી રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે, 'આવા સાસુ-વહુના સંબંધો આજના જમાનામાં વિરલ છે.'

પાક્કો ગુજરાતની ભાવભીની શ્રદ્ધાંજલિ : સમાજમાં જ્યારે સંબંધોના મૂલ્યો ઘટતા જાય છે, ત્યારે આ સાસુ-વહુનો અતૂટ પ્રેમ એક જીવંત ઉદાહરણ પૂરો પાડે છે.

જોકે, આ પ્રેમનો અંત અત્યંત કરુણ રહ્યો છે. બંને આત્માઓને પ્રભુ શાંતિ આપે અને આ દુઃખની ઘડીમાં પરિવારને શક્તિ આપે તેવી પ્રાર્થના.

ડભોઇના 60 ગામોમાં 'ગુજરાત મોડલ'ના લીરેલીરા

# જર્જરિત બસ સ્ટેશનો નીચે મોતનો છાંયો, મુસાફરો રામભરોસે!

છત પરથી સિમેન્ટ નહીં, 'મોત'ના પોપડા ખરે છે..! : ન પીવાનું પાણી, ન બેસવા માટે બાંકડા કે ન સ્વચ્છ શૌચાલય

ડભોઇ, (ફકીરા ખત્રી)

એક તરફ સરકાર ગુજરાતને 'આધુનિક' અને 'મોડલ સ્ટેટ' તરીકે દુનિયા સામે રજૂ કરી રહી છે, ત્યારે બીજી તરફ ડભોઇ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એસ.ટી. તંત્રની ઘોર નિષ્કાળજીનો વરવો નમૂનો જોવા મળી રહ્યો છે. તાલુકાના 118 ગામો પૈકી 60 થી વધુ ગામોમાં બસ સ્ટેન્ડની હાલત એવી છે કે ત્યાં બેસવું એટલે જીવ હથેળીમાં મૂકવો!

તાલુકાના અડધાથી વધુ ગામોમાં બસ સ્ટેન્ડ માત્ર નામ પૂરતા જ ઉભા છે. કાળઝાળ ગરમીમાં મુસાફરોને છાંયડો આપવાના બદલે આ બસ સ્ટેશનો જોખમી સાબિત થઈ રહ્યા છે. છત પરથી સિમેન્ટના પોપડા સતત ઉખડી રહ્યા છે અને ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાય તેવી ભીતિ છે.

ગંદકીના ગંજ: જાળવણીના અભાવે બસ સ્ટેન્ડમાં કચરો અને ગંદકીના ગંજ જામ્યા છે.




• નવી બસો તો આવી, પણ ઉભા રહેવાના ઠેકાણા ક્યાં?

સ્થાનિકોનો રોષ છે કે એસ.ટી. નિગમ 'નવી હાઈટેક બસો'ના ગુણગાન ગાય છે, પણ જ્યાંથી મુસાફરોને બસ પકડવાની છે તે બસ સ્ટેન્ડની મરામત માટે તંત્ર પાસે બજેટ નથી કે દાનત નથી? અધિકારીઓની આ એરકન્ડિશન્ડ ઓફિસોમાં બેસીને લેવાયેલા નિર્ણયો ગ્રામીણ જનતાના પરસેવા અને ટેક્સના પૈસાનું અપમાન કરી રહ્યા છે.

ચોમાસું માથે છે: હવે તો જાગો તંત્રના બહેરા કાન!

અત્યારે તો બિચારો મુસાફર ઝાડ નીચે કે આસપાસ ઉભો રહીને ગરમી વેઠી લે છે, પણ ચોમાસું ટૂંક સમયમાં દસ્તક દેવાનું છે. જો વરસાદ પહેલા આ ડેપો અને શેડનું રિપેરિંગ નહીં થાય, તો હજારો મુસાફરોએ વરસાદમાં પલળતા પલળતા એસ.ટી.ની રાહ જોવી પડશે.

બનાસની 'દીકરી' અપમાનિત થતા પાલનપુર ગજવ્યું

# જગદીશ વિશ્વકર્માની ટિપ્પણી સામે જનસેલાબ ઉમટ્યો, કલેક્ટર કચેરીમાં ગાજ્યો વિરોધનો સૂર!

પાલનપુર, (પાક્કો ગુજરાત ડેસ્ક)

બનાસકાંઠાના રાજકારણમાં અત્યારે મર્યાદાની સીમાઓ ઓળંગાઈ રહી હોય તેવું ચિત્ર સર્જાયું છે. ભાજપના પ્રદેશ પ્રમુખ (સંગઠન/મંત્રી) જગદીશ વિશ્વકર્મા દ્વારા બનાસકાંઠાના લોકપ્રિય સાંસદ ગેનીબેન ઠાકોર વિશે કરવામાં આવેલી અભદ્ર અને અપમાનજનક ટિપ્પણીએ મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આ ટિપ્પણીના વિરોધમાં આજે પાલનપુરની સડકો પર જનમેદની ઉમટી પડી હતી અને ભાજપ વિરુદ્ધ ઉગ્ર સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

પાલનપુર ખાતે યોજાયેલી આ વિરોધ રેલીમાં માત્ર કોંગ્રેસના કાર્યકરો જ નહીં, પરંતુ સર્વ સમાજના આગેવાનો, મોટી સંખ્યામાં યુવાનો અને મહિલાઓ જોડાયા હતા. રેલીમાં જોડાયેલા લોકોનો એક જ સૂર હતો કે, 'રાજકીય મતભેદ હોઈ શકે, પણ કોઈ મહિલા જનપ્રતિનિધિ માટે આવી હીન કક્ષાની ભાષા વાપરવી એ ગુજરાતની સંસ્કૃતિ નથી.'

વિશાળ રેલી સ્વરૂપે કલેક્ટર કચેરી પહોંચેલા આગેવાનોએ આવેદનપત્ર પાઠવીને જગદીશ વિશ્વકર્મા સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. પ્રદર્શનકારીઓએ ચેતવણી આપી છે કે જો જાહેર જીવનમાં રહેલા નેતાઓ પોતાની જીભ પર કાબૂ નહીં રાખે, તો આવનારા દિવસોમાં આ આંદોલન વધુ ઉગ્ર બનશે.




ગેનીબેન ઠાકોર બનાસકાંઠાના એક લડાયક નેતા ગણાય છે અને તેમની લોકપ્રિયતા છેવાડાના માનવી સુધી છે. ત્યારે ભાજપના નેતાનું આ નિવેદન ભાજપ માટે જ ગળાનું હાડકું બની શકે છે. કોંગ્રેસે આ મુદ્દાને હવે મહિલા સન્માન સાથે જોડીને રાજ્યવ્યાપી બનાવવાની તૈયારી કરી લીધી છે.

• **સવાલો જે જનતા પૂછી રહી છે:**

1. સત્તાનો નશો કે સંસ્કારની ખામી? શું સત્તામાં હોવાનો અર્થ એ છે કે તમે કોઈ પણ મહિલા વિશે ગમે તે બોલી શકો?
2. ભાજપ હાઈકમાન્ડ મૌન કેમ? મહિલા સશક્તિકરણની વાતો કરતી પાર્ટી પોતાના નેતાની અભદ્ર ટિપ્પણી પર એક્શન ક્યારે લેશે?
3. શું બનાસની જનતા આનો જવાબ આપશે? લોકશાહીમાં સૌથી મોટો જવાબ મતપેટી આપે છે, શું ભાજપને આ મોંઘું પડશે?

• **પાક્કો ગુજરાતનો દ્રષ્ટિકોણ:**

રાજકારણમાં ટીકા-ટિપ્પણી થવી જોઈએ, પણ તે મુદ્દા આધારિત હોવી જોઈએ, વ્યક્તિગત કે અભદ્ર નહીં. ગેનીબેન ઠાકોર બનાસકાંઠાના ચૂંટાયેલા પ્રતિનિધિ છે અને તેમનું અપમાન એ તેમને મત આપનાર હજારો મતદારોનું અપમાન છે.


મોરબીમાં રૂઢિચુસ્ત પરંપરાઓ તૂટી

# 6 દીકરીઓએ માતાની અર્થીને કાંધ આપી અંતિમ વિદાય આપી

દીકરી વહાલનો દરિયો જ નહીં, પરિવારની મક્કમ ઢાલ પણ છે: મોરબીના પરિવારે સમાજને આપ્યો પ્રેરણાદાયી સંદેશ

મોરબી

કહેવાય છે કે દીકરી એટલે વહાલનો દરિયો, પણ મોરબીમાં આજે આ વ્યાખ્યામાં એક નવું અને ગૌરવશાળી પ્રકરણ ઉમેરાયું છે. મોરબીમાં આજે એક એવી ઘટના બની જેણે સમાજની વર્ષો જૂની માન્યતાઓને તોડીને નવી રાહ ચીંધી છે. એક માતાના અવસાન બાદ તેમની ૬ દીકરીઓએ દીકરાનો પર્યાય બની માતાની અર્થીને કાંધ આપી હતી.



સામાન્ય રીતે સમાજમાં એવી માન્યતા હોય છે કે અગ્નિસંસ્કાર કે અર્થીને કાંધ આપવાનું કામ માત્ર પુરુષો જ કરી શકે. પરંતુ મોરબીના આ પરિવારે સાબિત કરી દીધું કે સંતાન એ સંતાન છે, પછી તે દીકરો હોય કે દીકરી. માતાના અવસાન બાદ પિતરાઈ ભાઈઓ કે અન્ય પુરુષ સંબંધીઓની રાહ જોવાને બદલે ૬ બહાદુર દીકરીઓ પોતે આગળ આવી હતી અને પોતાની જનેતાના નશ્વર દેહને કાંધ આપી સ્મશાન સુધી લઈ ગઈ હતી.

જ્યારે આ ૬ દીકરીઓએ માતાની અર્થીને ખભે ઉપાડી ત્યારે સ્મશાનયાત્રામાં જોડાયેલા સૌ કોઈ સ્તબ્ધ રહી ગયા હતા. દીકરીઓનો આ સાહસ અને માતા પ્રત્યેની અતૂટ ભક્તિ જોઈને હાજર રહેલા તમામ લોકોની આંખો ભીની થઈ ગઈ હતી. લોકોએ મુક્ત કંઠે આ દીકરીઓના નિર્ણયને બિરદાવ્યો હતો. આ પ્રસંગે દીકરીઓએ જણાવ્યું હતું કે, 'જે માતાએ અમને આંગળી પકડીને ચાલતા શીખવ્યું, જેણે અમને આ દુનિયામાં લાવ્યા, તેમને અંતિમ વિદાય આપવાનો પ્રથમ હક અમારો જ છે. દીકરો નથી એવો અફસોસ અમને નથી, કારણ કે અમે પોતે જ અમારી માતાના દીકરા છીએ.'

મોરબીની આ ઘટના માત્ર એક સમાચાર નથી, પણ સમાજ પરિવર્તનનું એક મોટું ડગલું છે. દીકરીઓને 'પારકી થાપણ' માનનારા લોકો માટે આ આંખ ઉઘાડનારો કિસ્સો છે. સમાજમાં દીકરીઓનું સ્થાન કેટલું ઊંચું છે અને તેઓ મુશ્કેલીના સમયે કેવી રીતે પરિવારની મક્કમ ઢાલ બની શકે છે, તેનું આ જીવંત ઉદાહરણ છે.



કિયારાએ સોશિયલ મીડિયા પર આવી જ પોસ્ટને રી-શેર કરતા લખ્યું, "બિલકુલ બકવાસ"

## 'ટોક્સિક' ફિલ્મને લઈ ચર્ચાઓએ જોર પકડ્યું

# કિયારાએ યશ સાથેના બોલ્ડ રોમેન્ટિક સીન્સ હટાવવાની માંગ કરી?

મુંબઈ


KGF સ્ટાર યશની આગામી ફિલ્મ 'ટોક્સિક'માં બોલિવૂડ એક્ટ્રેસ કિયારા અડવાણી મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. તાજેતરમાં ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે, કિયારાએ યશ સાથેના કેટલાક રોમેન્ટિક અને બોલ્ડ સીન્સને ટૂંકા કરવા અથવા દૂર કરવાની માંગ કરી છે. આ ચર્ચાઓએ જોર પકડતા એક્ટ્રેસે સ્પષ્ટતા કરી છે.

તેણે આ ચર્ચાઓને ખોટી ગણાવીને છે. બોલ્ડ સિન જોઈને કિયારા અસ્વસ્થ થઈ ગઈ હોવાનો દાવો એવો પણ દાવો કરવામાં આવી રહ્યો હતો કે, કિયારાએ યશ સાથે એક 'બોલ્ડ રોમેન્ટિક સિક્વન્સ' શૂટ કર્યો હતો. ફાઈનલ આઉટપુટ જોયા પછી, કિયારા અસ્વસ્થ થઈ ગઈ અને તેણે મેકર્સને તેને ટ્રિમ કરવાની વિનંતી કરી. હવે કિયારાએ સોશિયલ મીડિયા પર આવી જ પોસ્ટને રી-શેર કરતા લખ્યું, 'બિલકુલ બકવાસ'. તેણે આ પ્રકારના તમામ સમાચારોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.

ફિલ્મમાં યશનો ડબલ રોલ ગીતુ મોહનદાસના ડિરેક્શનમાં બની રહેલી આ ફિલ્મમાં યશ 'રાયા' અને 'ટિકટ' નામના બે અલગ-અલગ પાત્રો (ડબલ રોલ) માં જોવા મળશે. ફિલ્મમાં કિયારા અડવાણીના પાત્રનું નામ 'નાદિયા' છે.

આ ગેંગસ્ટર ડ્રામામાં નયનતારા, હુમા કુરેશી, તારા સુતારિયા અને રુક્મિણી વસંત જેવા સ્ટાર્સ પણ મહત્વની ભૂમિકાઓમાં છે. ફિલ્મની રિલીઝ ડેટ વારંવાર ટળી રહી છે રિલીઝની વાત કરીએ તો 'ટોક્સિક'ના દર્શકોને લાંબી રાહ જોવી પડી રહી છે. ફિલ્મ પહેલા 10 એપ્રિલ 2025 ના રોજ રિલીઝ થવાની હતી, પરંતુ તેને વધારીને 2026 કરી દેવામાં આવી. ત્યારબાદ 19 માર્ચ 2026 ની તારીખ સામે આવી, જેને પશ્ચિમ એશિયાની પરિસ્થિતિઓ અને ફિલ્મ 'ધુરંધર 2' સાથેના ક્લેશથી બચવા માટે ફરીથી ટાળી દેવામાં આવી. લેટેસ્ટ અપડેટ મુજબ, ફિલ્મ હવે 4 જૂન 2026 ના રોજ પણ રિલીઝ થઈ રહી નથી. મેકર્સ ટૂંક સમયમાં નવી ફાઈનલ ડેટની જાહેરાત કરી શકે છે.

# સિને જગતમાં શોક: દિગ્ગજ નિર્માતા આર.બી. ચૌધરીનું માર્ગ અકસ્માતમાં નિધન



## દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગનો સ્તંભ ધરાશાયી: રજનીકાંત, ચિરંજીવી અને વેંકટેશ સહિતના સ્ટાર્સે પાઠવી શ્રદ્ધાંજલિ

મનોરંજન ડેસ્ક, પાક્કો ગુજરાત

દક્ષિણ ભારતીય ફિલ્મ ઉદ્યોગ માટે 6 મેનો દિવસ અત્યંત કાળો અને દુખદ સાબિત થયો છે. જાણીતા તમિલ ફિલ્મ નિર્માતા અને 'સુપર ગુડ ફિલ્મ્સ'ના સ્થાપક આર.બી. ચૌધરી (RB Choudary) નું એક માર્ગ અકસ્માતમાં નિધન થયું છે. આ સમાચાર વાયુવેગે ફેલાતા સમગ્ર ભારતીય સિને જગતમાં શોકની લહેર ફરી વળી છે.

**અકસ્માતમાં ગુમાવ્યો જીવ**

મળતી વિગતો અનુસાર, એક ભયાનક માર્ગ અકસ્માતમાં આર.બી. ચૌધરીનું નિધન થયું છે. તેમના નિધનના સમાચારથી તમિલ, તેલુગુ અને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના કલાકારો અને ટેકનિશિયનો સ્તબ્ધ થઈ ગયા છે. તેમના પરિવારમાં તેમના 4 પુત્રો છે, જેમાં સુરેશ ચૌધરી તેમના હોમ પ્રોડક્શન 'સુપર ગુડ ફિલ્મ્સ' સંભાળી રહ્યા છે.

**દિગ્ગજ સિતારાઓએ વ્યક્ત કરી સંવેદના**

- સુપરસ્ટાર રજનીકાંત: 'આ ખબર સાંભળીને મને ગહેરો સદમો અને દુખ થયું છે. ચૌધરી એક શાનદાર માણસ અને યુવા નિર્દેશકો માટે સાચા માર્ગદર્શક હતા.'

- મેગાસ્ટાર ચિરંજીવી: 'મારું દિલ તૂટી ગયું છે. ફિલ્મ 'ગોડ ફાધર' દરમિયાન અમે સાથે અદભૂત કામ કર્યું હતું. ભારતીય સિનેમામાં તેમનું યોગદાન અજોડ અને અવિસ્મરણીય રહેશે.'

- અભિનેતા વેંકટેશ: 'ચૌધરી સાથે મારો વર્ષો જૂનો સંબંધ હતો. 'સૂર્યવંશમ', 'રાજા', 'સીનુ' અને 'સંક્રાંતિ' જેવી બ્લોકબસ્ટર ફિલ્મોની યાદો હંમેશા મારી સાથે રહેશે.'

**ફિલ્મ જગતમાં અપાર યોગદાન**

આર.બી. ચૌધરીએ તેમની કારકિર્દીમાં અનેક સુપરહિટ ફિલ્મો આપી છે. તેમણે માત્ર ફિલ્મો જ નથી બનાવી, પરંતુ અનેક નવા કલાકારો અને દિગ્દર્શકોને મંચ પૂરું પાડ્યું હતું. તેમની વિદાયથી ફિલ્મ ઉદ્યોગે એક સાચો 'ગોડફાધર' ગુમાવ્યો છે.

# રિતેશ દેશમુખની 'રાજા શિવાજી'નો બોક્સ ઓફિસ પર દબદબો

## ₹50 કરોડથી વધુ કમાણી કરી ટોપ-5 મરાઠી ફિલ્મોમાં સામેલ; મહારાષ્ટ્રમાં ટેક્સ-ફ્રી કરવા માંગ



મુંબઈ

રિતેશ દેશમુખના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ 'રાજા શિવાજી'એ બોક્સ ઓફિસ પર 50 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. છત્રપતિ શિવાજી મહારાજના જીવન પર આધારિત આ ફિલ્મને મરાઠી અને હિન્દી, બંને ભાષાઓમાં રિલીઝ કરવામાં આવી હતી. મરાઠી ભાષામાં 30.5 કરોડ કમાયા જોકે, રિલીઝના પાંચમા દિવસે (મંગળવારે) ફિલ્મના કલેક્શનમાં થોડો ઘટાડો જોવા મળ્યો. સેકનિલ્ક (ટ્રેડ એનાલિસિસ વેબસાઈટ)ના રિપોર્ટ અનુસાર, મંગળવારે ફિલ્મે મરાઠી વર્ઝનમાં લગભગ 3.35 કરોડ રૂપિયાનું નેટ કલેક્શન કર્યું. આ સોમવારની સરખામણીમાં લગભગ 20.4% ઓછું છે. ફિલ્મના અત્યાર સુધીના કુલ નેટ કલેક્શનની વાત કરીએ તો, તે 44 કરોડ રૂપિયા થઈ ગયું છે. આમાં મરાઠી વર્ઝનનું યોગદાન સૌથી વધુ 30.5 કરોડ રૂપિયા છે. વર્ડ-ઓફ-માઉથનો મળી રહ્યો છે ફાયદો ફિલ્મનું ઈન્ડિયા ગ્રોસ કલેક્શન હવે 52.68 કરોડ રૂપિયાને પાર પહોંચી ગયું છે. હિન્દી વર્ઝનની શરૂઆત મરાઠીની સરખામણીમાં થોડી ધીમી રહી હતી, પરંતુ રિવ્યુ અને વર્ડ-ઓફ-માઉથને કારણે હિન્દી બેલ્ટમાં પણ ફિલ્મની કમાણી વધી રહી છે. આ કલેક્શન સાથે જ 'રાજા શિવાજી' અત્યાર સુધીની સૌથી વધુ કમાણી કરનારી ટોપ-5 મરાઠી ફિલ્મોની યાદીમાં સામેલ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં ટેક્સ-ફ્રી કરવાની માંગ ફિલ્મની સફળતા વચ્ચે શિવસેના (UBT) નેતા અંબાદાસ દાનવેએ તેને મહારાષ્ટ્રમાં ટેક્સ-ફ્રી કરવાની માંગ ઉઠાવી છે. દાનવેએ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને કહ્યું છે કે, 'આ ફિલ્મ શિવાજી મહારાજના મહાન કાર્યોને યુવાનો અને જનતા સુધી પહોંચાડે છે.' તેમણે માંગ કરી કે, 'ફિલ્મને ટેક્સ-ફ્રી કરવામાં આવે, જેથી ટિકિટ સસ્તી થાય અને વધુને વધુ લોકો તેને સિનેમાઘરોમાં જઈને જોઈ શકે.' ફિલ્મમાં મોટી સ્ટારકાસ્ટ 1 મેના રોજ રિલીઝ થયેલી આ ફિલ્મમાં રિતેશ દેશમુખે માત્ર મુખ્ય ભૂમિકા જ નથી ભજવી, પરંતુ તેનું ડિરેક્શન પણ પોતે જ કર્યું છે.

# 3 ઈડિયટની સીકવલ માટે હવે વિક્કી કૌશલનું નામ ચર્ચામાં

## સીકવલમાં ત્રણને બદલે ચાર હિરો હશે: જોકે વિક્કી કૌશલ આગામી દોઢ વર્ષ મહાવતારનાં શૂટિંગમાં વ્યસ્ત રહેવાનો છે

મુંબઈ

ભારતીય સિનેમાના ઈતિહાસની સૌથી યાદગાર અને બ્લોકબસ્ટર ફિલ્મ '3 ઈડિયટ્સ' (2009)ના ફેન્સ માટે એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષોની રાહ જોયા બાદ આખરે આ ફિલ્મના સીક્વલની તૈયારીઓ તેજ થઈ ગઈ છે, અને તેમાં એક નવો જ વળાંક જોવા મળી રહ્યો છે. અહેવાલો અનુસાર, ફિલ્મના ચોથા 'ઈડિયટ' તરીકે બોલિવૂડ સુપરસ્ટાર વિક્કી કૌશલનું નામ ચર્ચામાં છે. '4 ઈડિયટ્સ'માં વિક્કી કૌશલની એન્ટ્રી! રિપોર્ટ્સ મુજબ, ડિરેક્ટર રાજકુમાર હિરાણી આ સીક્વલ માટે વિક્કી કૌશલ સાથે વાતચીત કરી રહ્યા છે. જો બધું બરાબર રહ્યું, તો વિક્કી કૌશલ આ ફિલ્મમાં આમીર ખાન, આર. માધવન અને શરમન જોશીની ત્રિપુટી સાથે ચોથા મિત્ર તરીકે જોડાશે. વિક્કીએ પણ આ પ્રોજેક્ટમાં ઘણો રસ દાખવ્યો છે. તે અગાઉ હિરાણી સાથે 'સંજુ' અને 'ડંકી'માં કામ કરી ચૂક્યો છે, તેથી આ જોડી ફરી એકવાર જાદુ કરવા તૈયાર છે. શું હશે ફિલ્મની સ્ટોરી? ખુદ આમીર ખાને તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં આ પ્રોજેક્ટની પુષ્ટિ કરી છે. આમીરના જણાવ્યા અનુસાર- આ ફિલ્મ '3 ઈડિયટ્સ' જ્યાં પૂરી થઈ હતી ત્યાંથી 10 વર્ષ આગળની વાર્તા બતાવશે. દાયકાઓ પછી આ પાત્રોના જીવનમાં શું બદલાવ આવ્યા, તે કેવી નવી મુસીબતો અને પડકારોનો સામનો કરી રહ્યા છે, તે આ ફિલ્મનું મુખ્ય આકર્ષણ હશે. વિક્કી કૌશલનું પાત્ર વાર્તામાં એક નવો ઈમોશનલ ફેક્ટર અને ફ્રેશ કેમિસ્ટ્રી ઉમેરશે તેવી આશા છે. શૂટિંગ ક્યારે શરૂ થશે? વિક્કી કૌશલ હાલમાં તેના આગામી પ્રોજેક્ટ 'મહાવતાર'ના શૂટિંગમાં વ્યસ્ત છે. તે પૂર્ણ કર્યા પછી જ '4 ઈડિયટ્સ'નું કામ શરૂ થશે. બીજી તરફ, આમીર ખાન પણ આ સીક્વલ શરૂ કરતા પહેલા પોતાની એક અન્ય ફિલ્મ પૂર્ણ કરી લેવા માંગે છે જેથી તમામ કલાકારોના શિડ્યુલ યોગ્ય રીતે સેટ થઈ શકે. રાજકુમાર હિરાણીની '3 ઈડિયટ્સ' માત્ર ફિલ્મ નહીં પણ એક ઈમોશન હતી. એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સ પર શિક્ષણ પ્રણાલીનું દબાણ, દોસ્તી અને સપનાઓની આ વાર્તાએ આખા વિશ્વમાં ધૂમ મચાવી હતી. કરીના કપૂર, બોમન ઈરાની અને મોના સિંહ જેવા કલાકારોએ પણ ફિલ્મમાં જીવ રેડ્યો હતો. હવે '4 ઈડિયટ્સ' સાથે આ વાર્તા કેવી રીતે આગળ વધશે તે જોવું રસપ્રદ રહેશે.





# પૂજા હેગડેએ કરી હતી થલાપતિ વિજયના 'વિજય'ની ભવિષ્યવાણી

## 'જન નાયકન'ના શૂટિંગમાં જ સાઉથસ્ટારની જીત પર ભરોસો જતાવ્યો હતો

મુંબઈ

થલાપતિ વિજય આ દિવસોમાં તમિલનાડુ ચૂંટણીમાં પોતાની મોટી જીતને લઈને ચર્ચામાં છે. આ દરમિયાન વિજયની છેલ્લી ફિલ્મ 'જન નાયકન'ની લીડ એક્ટ્રેસ પૂજા હેગડેએ સોશિયલ મીડિયા પર એક જૂનો વીડિયો શેર કર્યો છે. ફિલ્મ 'જન નાયકન'ના શૂટિંગ દરમિયાન પૂજાએ વિજયની જીતની ભવિષ્યવાણી કરી હતી, જે હવે સાચી સાબિત થઈ ગઈ છે. પૂજાએ જૂનો વીડિયો શેર કર્યો વીડિયોમાં એક વ્હાઈટબોર્ડ દેખાઈ રહ્યું છે, જેના પર લખેલું છે, 'ચૂંટણી કોણ જીતશે?' (Who Will Win the Election?) પૂજા હેગડે પહેલા બોર્ડ પર લખેલો આ પ્રશ્ન બતાવે છે અને પછી ધીમેથી કેમેરા પાછળ ઊભેલા વિજય તરફ ફેરવે છે.


કેમેરા જોતા જ વિજય શરમાઈ જાય છે અને હસતા હસતા પોતાનો ચહેરો છુપાવી લે છે. 4 મેના રોજ આવેલા ચૂંટણી પરિણામોમાં પહેલીવાર ચૂંટણી લડનાર વિજયની પાર્ટી TVK એ 108 બેઠકો જીતી છે. બહુમતી માટે 118 બેઠકો જોઈએ. TVK ને સરકાર બનાવવા માટે 10 બેઠકોની જરૂર છે. પૂજાએ લખ્યું- 'થાય તે પહેલાં જ કહી દીધું હતું' આ જૂના વીડિયોને શેર કરતાં પૂજાએ કેપ્શનમાં લખ્યું, 'કદાચ મેં તે થાય તે પહેલાં જ કહી દીધું હતું? સપનાને હકીકતમાં બદલવા બદલ અભિનંદન, વિજય સર.' પૂજાના આ પોઝિટિવ મેસેજની લોકો ખૂબ પ્રશંસા કરી રહ્યા છે.

ચાહકોનું કહેવું છે કે બંને વચ્ચેની કેમેસ્ટ્રી ઓન-સ્ક્રીન તેમજ ઓફ-સ્ક્રીન પણ ખૂબ જ શાનદાર છે. 'બીસ્ટ' પછી ફરી જામી જોડી પૂજા હેગડે અને થલાપતિ વિજય આ પહેલા ફિલ્મ 'બીસ્ટ'માં સાથે કામ કરી ચૂક્યા છે. ફિલ્મ 'જન નાયકન' તેમની સાથેની બીજી મોટી ફિલ્મ છે. સોશિયલ મીડિયા પર ફેન્સ આ થ્રોબેક વીડિયોને વિજયની નવી સફર સાથે જોડીને જોઈ રહ્યા છે. સાઉથથી લઈને બોલિવૂડ સ્ટાર્સ આપી રહ્યા છે અભિનંદન વિજયની આ નવી ઈનિંગ્સ અને સફળતા પર ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ઘણા દિગ્ગજો તેમને અભિનંદન આપી રહ્યા છે. તેમાં રજનીકાંત, કમલ હાસન, સૂર્યા, સિલમ્બરાસન, લોકેશ કનગરાજ, ચિરંજીવી અને રામ ચરણ જેવા મોટા નામ સામેલ છે. સોશિયલ મીડિયા પર હેશટેગ ★ThalapathyVijay સતત ટ્રેન્ડ કરી રહ્યુ છે.

# સલમાન-કરીનાની જોડી ફરી મચાવશે ધૂમ? બજરંગી ભાઈજાન બાદ સુપરહીરો ફિલ્મમાં જોવા મળશે આ ફેવરિટ જોડી...

મુંબઈ

સલમાન ખાન હાલમાં ડાયરેક્ટર વામશી પેડિપલ્લી અને પ્રોડ્યુસર દિલ રાજુ સાથે એક એક્શન-ડ્રામા ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે, જે ઈદ 2027 પર રિલીઝ થવાની છે. આ દરમિયાન સલમાન ખાન અને કરીના કપૂરની જોડી ફરી એકવાર મોટા પડદા પર સાથે જોવા મળી શકે છે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું છે. સલમાન ખાન 'ધ ફેમિલી મેન' ફેમ રાજ એન્ડ ડીકેની આગામી સુપરહીરો ફિલ્મમાં જોવા મળવાનો છે. અગાઉ આ ફિલ્મમાં સમન્થા રૂથ પ્રભુનું નામ ચર્ચામાં હતું, પરંતુ હવે લેટેસ્ટ રિપોર્ટ્સ અનુસાર કરીના કપૂર આ ફિલ્મમાં મુખ્ય અભિનેત્રી તરીકે જોવા મળી શકે છે. મેકર્સ સાથે કરીનાની વાતચીત એડવાન્સ સ્ટેજ પર છે અને તેને આ પ્રોજેક્ટમાં રસ પણ દાખવ્યો છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે સલમાને પોતે કરીનાનો સંપર્ક કર્યો છે. જો કરીના આ ફિલ્મ સાઈન કરશે, તો વર્ષ 2015માં આવેલી બ્લોકબસ્ટર ફિલ્મ 'બજરંગી ભાઈજાન' પછી આ જોડી ફરી સાથે જોવા મળશે. 'બજરંગી ભાઈજાન' સલમાન ખાનના કરિયરની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ છે, જેણે 733 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. આ સિવાય બંને કલાકારો 'બોડીગાર્ડ', 'ક્યોંકી' અને 'મૈં ઔર મિસીસ ખન્ના' જેવી ફિલ્મોમાં સાથે કામ કરી ચૂક્યા છે. હાલમાં આ સુપરહીરો ફિલ્મ પ્રી-પ્રોડક્શન સ્ટેજમાં છે અને તેનું નામ હજુ નક્કી થયું નથી. આ ઉપરાંત, સલમાન ખાનના ફેન્સ અપૂર્વ લાખિયાના ડાયરેક્શનમાં બનેલી ફિલ્મ 'માતૃભૂમિ'ની પણ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જે આ જ વર્ષે રિલીઝ થવાની શક્યતા છે. જોકે, હજુ સુધી આ ફિલ્મની સત્તાવાર રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી નથી. રાજ અને ડીકે દ્વારા બનાવાઈ રહેલી સુપર હિરોનો કન્સેપ્ટ ધરાવતી ફિલ્મમાં સલમાન સાથે હિરોઈન તરીકે કરીના કપૂરને ઓફર અપાઈ હોવાનું કહેવાય છે. કરીનાએ આ રોલ માટે મૌખિક સંમતિ આપી હોવાનો દાવો પણ થઈ રહ્યો છે. કરીના ખરેખર આ ભૂમિકા ભજવશે તો બંનેની જોડીની આ પાંચમી ફિલ્મ બનશે. બન્નેએ છેલ્લે ૨૦૨૧૫માં 'બજરંગી ભાઈજાન'માં સાથે કામ કર્યું હતું.




## વિવાદના લીધે બેંગલુરુથી મોદી સ્ટેડિયમમાં શિફ્ટ કરાઈ, ધર્મશાલા-ચંદીગઢમાં રમાશે નોકઆઉટ; 31મી મેએ ફાઇનલ

# બેંગલુરુ નહીં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે IPL ફાઇનલ

નવી દિલ્હી

ઇન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026ના પ્લેઓફ મુકાબલાઓનું શેડ્યૂલ જાહેર થઈ ગયું છે. તેની શરૂઆત 26 મેના રોજ ક્વોલિફાયર-1 મુકાબલાથી થશે. ટુર્નામેન્ટની ફાઇનલ 31 મેના રોજ અમદાવાદમાં રમાશે. ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI) એ મંગળવારે પ્લેઓફ મુકાબલાઓની વિગતો જાહેર કરી. IPL 2026માં 5 મે સુધીમાં 48 મેચ રમાઈ ચૂકી છે. પ્લેઓફ મુકાબલાઓ 70 મેચ પછી રમાશે. અમદાવાદમાં સતત બીજા વર્ષે ફાઇનલ મુકાબલો સીઝનનો ગ્રાન્ડ ફિનાલે 31 મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. મોદી સ્ટેડિયમ સતત બીજા વર્ષે ખિતાબી મુકાબલાની મેજબાની કરશે. IPL 2025ની ફાઇનલ પણ અહીં જ રમાઈ હતી, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) એ પંજાબ કિંગ્સને હરાવીને ટ્રોફી જીતી હતી. આ પહેલાં 2022 અને 2023માં પણ IPL ફાઇનલ અમદાવાદમાં રમાઈ હતી. આમ આ ચોથી વખત IPL ફાઇનલ અમદાવાદમાં રમાઈ રહી છે. આ વર્ષે પ્લેઓફ માટે ત્રણ અલગ-અલગ સ્થળો



પસંદ કરવામાં આવ્યા છે. પહેલા ફાઇનલની યજમાની બેંગલુરુને આપવામાં આવી હતી. જોકે, સ્થાનિક એસોસિએશન અને અધિકારીઓની કેટલીક એવી માંગણીઓ હતી જે BCCIના પ્રોટોકોલ અને ગાઇડલાઇન્સના દાયરાની બહાર હતી. આ જ કારણે સ્થળ બદલવું પડ્યું અને અમદાવાદને ફાઇનલની જવાબદારી સોંપવામાં આવી. બેંગલુરુ આ રેસમાં સૌથી આગળ હોવા છતાં છેલ્લી ઘડીએ યજમાની ગુમાવવાનું મુખ્ય કારણ ટિકિટ વિવાદ હોવાનું માનવામાં આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તાજેતરમાં થયેલા ટિકિટ વિવાદને કારણે આખું સમીકરણ બદલાઈ ગયું છે. ટિકિટોના વેચાણ અને તેનાથી સંબંધિત મેનેજમેન્ટ ઈશ્યુઝને ધ્યાનમાં રાખીને BCCI એ સ્થળ બદલવાનો નિર્ણય લીધો છે. IPL 2026ની ખિતાબી જંગ એટલે કે ગ્રાન્ડ ફાઈનલ 31 મેના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં આ મેગા ફિનાલેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ બેંગલુરુને ફાઈનલની યજમાની સોંપવામાં આવી હતી, પરંતુ સ્થાનિક ઍસોસિએશન અને સત્તાવાળાઓની કેટલીક એવી માંગણીઓ હતી, જે BCCIના નિર્ધારિત પ્રોટોકોલની બહાર હોવાથી ફાઈનલનું સ્થળ બદલીને અમદાવાદ કરવામાં આવ્યું છે. ઓપરેશનલ અને લોજિસ્ટિકલ કારણોસર આ સિઝનમાં ખાસ કિસ્સામાં પ્લેઑફની મેચો ત્રણ અલગ-અલગ સ્થળોએ આયોજિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## સતત બે જીત બાદ ચેન્નઈની પ્લેઓફની આશા જીવંત

ચેન્નઈ

ચેન્નઈ સુપર કિંગ્સે IPLમાં મંગળવારે દિલ્હી કેપિટલ્સને 8 વિકેટે હરાવી. ટીમે સિઝનમાં સતત બીજી જીત નોંધાવી. આ જીતથી સુપર કિંગ્સે પ્લેઓફની આશાઓ જીવંત રાખી છે. દિલ્હી પાસે પણ પ્લેઓફમાં પહોંચવાની તક છે. શરત એ છે કે ટીમે બાકીની તમામ મેચ જીતવી પડશે. મેચ પછી પોઈન્ટ્સ ટેબલમાં કોઈ ફેરફાર થયો નથી.

જીત પછી ચેન્નઈની ટીમ છઠ્ઠા સ્થાને છે, જ્યારે દિલ્હી 7મા સ્થાને છે. બંને પાસે પ્લેઓફમાં સ્થાન બનાવવાની તક છે. ઋતુરાજ ગાયકવાડની ટીમ 10 મેચમાં 10 પોઈન્ટ્સ સાથે છઠ્ઠા સ્થાને છે. તેણે અત્યાર સુધીમાં 5 મેચ જ ગુમાવી છે. અક્ષર પટેલની ટીમ 8 પોઈન્ટ્સ સાથે 7મા સ્થાને છે.

ટીમે 4 મેચ જીતી છે, સાથે જ 6 મેચ ગુમાવી છે. હૈદરાબાદ પાસે ટેબલ ટોપર બનવાની તક પેટ કમિન્સની ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ત્રીજા સ્થાને છે. તેની પાસે 10 મેચમાં 6 જીત સાથે 12 પોઈન્ટ્સ છે. આજે સનરાઈઝર્સ પાસે પોઈન્ટ્સ ટેબલના ટોપ પર પહોંચવાની તક છે. ટીમને છેલ્લી મેચમાં કોલકાતા સામે હારનો સામનો કરવો પડ્યો હતો. હવે તેને 2 હોમ અને 2 અવે મેચ રમવાની છે. અહીંથી ટીમ દરેક જીત સાથે પ્લેઓફની નજીક પહોંચતી જશે.

મેચ પછી દિલ્હીના કેએલ રાહુલ સિઝનના ટોપ સ્કોરર બની ગયા છે. તેઓ 10 મેચમાં 445 રન બનાવી ચૂક્યા છે. તેમણે હૈદરાબાદના અભિષેક શર્મા (440 રન)ને પાછળ છોડ્યા. હૈદરાબાદના જ હેનરિક ક્લાસન 425 રન સાથે ત્રીજા સ્થાને છે. આજે અભિષેક શર્મા ટોપ પર આવી શકે છે. મેચ પછી ટોપ વિકેટ ટેકર્સની યાદીમાં કોઈ ફેરફાર થયો નથી. બેંગલુરુના ભુવનેશ્વર કુમાર અને ચેન્નઈના અંશુલ કંબોજ સમાન 17-17 વિકેટ સાથે પહેલા અને બીજા સ્થાને છે. ગુજરાતના કગિસો રબાડા 16 વિકેટ લઈને નંબર-3 પર છે.

## ક્રિકેટમાં નવો વિવાદ, નીતિશ રાણાની વિકેટે સૌને ચોંકાવ્યા

મુંબઈ

આઈપીએલ 2026માં ગત મંગળવારે (5 મે) દિલ્હી કેપિટલ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ (DC vs CSK) વચ્ચે રમાયેલી મેચમાં એક મોટો વિવાદ સામે આવ્યો છે. દિલ્હીના બેટ્સમેન નીતીશ રાણા જે રીતે આઉટ થયો, તેને લઈને સોશિયલ મીડિયા પર ફેન્સ બે ભાગમાં વહેંચાઈ ગયા છે. કેટલાક લોકો આ નિર્ણયને ખોટો ગણાવી રહ્યા છે, તો કેટલાક તેને નિયમ મુજબ સાચો માની રહ્યા છે. શું હતી સમગ્ર ઘટના? મેચની 10મી ઓવરમાં જ્યારે નૂર અહેમદ બોલિંગ કરી રહ્યો હતો, ત્યારે નીતીશ રાણાએ બેકવર્ડ સ્ક્વેર લેગ તરફ શોટ રમ્યો હતો. આ શોટ સીધો ફિલ્ડર કાર્તિક શર્માના હાથમાં ગયો અને રાણાને પેવેલિયન ભેગા થવું પડ્યું.



જ્યારે રાણાએ શોટ રમ્યો, તે પહેલા જ સ્ટમ્પ પરની બેલ્સ (ગિલ્લીઓ) નીચે પડી ગઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ વીડિયો જોઈને લોકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે જો બેલ્સ પહેલેથી જ પડી ગઈ હોય, તો બેટ્સમેનને કેચ આઉટ કેવી રીતે આપી શકાય? અમ્પાયરનો નિર્ણય અને વાસ્તવિકતા વીડિયોના ઊંડાણપૂર્વકના વિશ્લેષણ મુજબ, બેલ્સ વિકેટકીપરના હાથ અડવાથી નહીં, પરંતુ તેજ પવન અથવા કોઈ વાઈબ્રેશનને કારણે પડી હતી. આથી અમ્પાયરે ફિલ્ડિંગ ટીમની અપીલ માન્ય રાખી અને બેટ્સમેનને આઉટ જાહેર કર્યો. ક્રિકેટનો નિયમ શું કહે છે? ક્રિકેટના નિયમો બનાવતી સંસ્થા MCC (Marylebone Cricket Club) ના નિયમ મુજબ જો વિકેટકીપરના કોઈ પણ પ્રકારના હસ્તક્ષેપ વગર (જેમ કે પવનથી) બેલ્સ પડી જાય, અને તે દરમિયાન બેટ્સમેન શોટ રમે અને તેનો કેચ પકડાય, તો તેને આઉટ ગણવામાં આવે છે. નીતીશ રાણાના કિસ્સામાં પણ એવું જ થયું. જ્યારે રાણાએ શોટ રમ્યો ત્યારે વિકેટકીપર સંજુ સેમસને સ્ટમ્પ સાથે કોઈ છેડછાડ કરી ન હતી અને કાર્તિકે ક્લીન કેચ પકડ્યો હતો. આથી તે નિયમ મુજબ આઉટ છે.

## ખેલાડીઓએ ફ્રેન્ચ ઓપન બહિષ્કાર કરવાની ચેતવણી આપી

### સબાલેન્કાએ કહ્યું- ઇનામી રકમ વધારો નહીંતર ટુર્નામેન્ટ છોડી દેશું; રેવન્યુમાં 22% હિસ્સાની માંગ



સિડની

મહિલા વર્લ્ડ નંબર-1 આર્યના સબાલેન્કાએ મંગળવારે જણાવ્યું હતું કે જો ફ્રેન્ચ ઓપનમાં પ્રાઈઝ મની વધારવામાં નહીં આવે તો ખેલાડીઓ ટુર્નામેન્ટનો બહિષ્કાર કરી શકે છે. અમેરિકી સ્ટાર કોકો ગૉફે પણ આનું સમર્થન કર્યું હતું. પુરુષ વર્ગના નંબર-1 ખેલાડી જૈનિક સિનર અને ટોપ-10ના અન્ય ઘણા ખેલાડીઓએ પણ ઈનામી રકમને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સબાલેન્કાનું નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે આયોજકો અને ખેલાડીઓ વચ્ચે કમાણીના વિતરણને લઈને વિવાદ વધી ગયો છે. આ વર્ષે ફ્રેન્ચ ઓપનની પ્રાઈઝ મની 9.5% વધીને 61.7 મિલિયન યુરો (686 કરોડ રૂપિયા) થઈ ગઈ છે, પરંતુ ખેલાડીઓ તેને ઓછી માને છે.

ખેલાડીઓએ સોમવારે દાવો કર્યો હતો કે ટુર્નામેન્ટ રેવન્યુમાં તેમનો હિસ્સો 2024ના 15.5% થી ઘટીને 2026 સુધીમાં 14.9% થઈ શકે છે. ખેલાડીઓ રેવન્યુમાં 22% હિસ્સો ઈચ્છે છે, જે ATP અને WTAના 1000 લેવલ ટુર્નામેન્ટ્સ બરાબર છે. ઈટાલિયન ઓપન દરમિયાન 28મો જન્મદિવસ ઉજવી રહેલી આર્યના સબાલેન્કાએ કહ્યું, 'અમારા વિના કોઈ ટુર્નામેન્ટ નહીં હોય અને ન તો કોઈ મનોરંજન. મને લાગે છે કે અમે ચોક્કસપણે રેવન્યુનો વધુ ટકા મેળવવાના હકદાર છીએ.' તેણે કહ્યું, 'એક સમય એવો આવશે જ્યારે અમે તેનો બહિષ્કાર કરીશું. મને લાગે છે કે પોતાના અધિકારો માટે લડવાનો આ એકમાત્ર રસ્તો બાકી છે. ખેલાડીઓ માત્ર ઈનામી રકમ જ નહીં, પરંતુ ચારેય ગ્રાન્ડ સ્લેમ-ઓસ્ટ્રેલિયન ઓપન, ફ્રેન્ચ ઓપન, વિમ્બલ્ડન ચેમ્પિયનશિપ અને યુએસ ઓપન તરફથી વધુ સારા પ્રતિનિધિત્વ, સ્વાસ્થ્ય સુવિધાઓ અને પેન્શનની પણ માંગ કરી રહ્યા છે. તેનું કહેવું છે કે ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ કરોડોનો નફો કમાય છે, પરંતુ એથ્લેટ્સને તેની મહેનતના પ્રમાણમાં લાભ મળતો નથી. મૌન આયોજકો, વિવાદ વધવાની શક્યતા ખેલાડીઓના સખત વિરોધ અને સંયુક્ત નિવેદન પર ફ્રેન્ચ ઓપન આયોજકોએ હાલમાં કોઈ પ્રતિક્રિયા આપી નથી. ટેનિસમાં આવા મતભેદો પહેલા પણ થયા છે, પરંતુ મહિલા અને પુરુષ વર્ગના બંને નંબર-1 ખેલાડીઓનું એકસાથે આવવું ટુર્નામેન્ટની છબી પર અસર કરી શકે છે.

**મહિલા અને પુરુષ વર્ગના બંને નંબર-1 ખેલાડીઓનું એકસાથે આવવું ટુર્નામેન્ટની છબી પર અસર કરી શકે છે.**

## બિઝનેસ

### ફાર્મા અને સરકારી બેન્કિંગ શેર્સ સૌથી વધુ વધ્યા

# સેન્સેક્સ 941 અંક વધીને 77,959ના સ્તરે બંધ

મુંબઈ

ભારતીય શેરબજારમાં આજે એટલે કે બુધવાર, 6 મેના રોજ તેજી જોવા મળી. સેન્સેક્સ 941 પોઈન્ટના ઉછાળા સાથે 77,959 ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 298 પોઈન્ટનો ઉછાળો રહ્યો, તે 24,331 પર બંધ થયો. સેન્સેક્સના 30 શેરોમાંથી 21માં તેજી અને 9માં ઘટાડો જોવા મળ્યો.

ઓટો, ફાઈનાન્સિયલ સર્વિસિસ, ફાર્મા, બેન્કિંગ અને રિયલ્ટી શેરોમાં 2% થી વધુનો વધારો રહ્યો. શેરબજારમાં તેજીના ત્રણ મોટા કારણો મિડલ-ઈસ્ટમાં શાંતિની આશા: અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામને લઈને સકારાત્મક સમાચાર આવી રહ્યા છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પ દ્વારા શાંતિ સમજૂતીના સંકેત આપવાથી



રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે.

ક્રૂડ ઓઈલના ભાવમાં ઘટાડો: તણાવ ઓછો થવાની આશા અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી જહાજોની અવરજવર શરૂ કરવાના પ્રોજેક્ટ ફ્રીડમની જાહેરાતથી ક્રૂડ ઓઈલના ભાવ 110 ડોલરથી નીચે આવી ગયા છે, જે ભારત જેવા તેલ આયાતકાર દેશ માટે મોટી રાહત છે.

વૈશ્વિક બજારોમાં મજબૂતી: અમેરિકી બજારો (S&P 500 અને Nasdaq) રેકોર્ડ હાઈ પર બંધ થવા અને એશિયન બજારો જેવા કે - કોસ્પી (સાઉથ કોરિયા), નિક્કેઈ (જાપાન) અને હેંગસેંગ (હોંગકોંગ) માં તેજીની અસર ભારતીય બજાર પર પણ જોવા મળી છે.

મંગળવાર, 5 મેના રોજ સેન્સેક્સ 251 પોઈન્ટ (0.33%)ના ઘટાડા સાથે 77,017 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 86 પોઈન્ટ (0.36%) ઘટીને 24,032ના સ્તરે બંધ થયો હતો. આજના કારોબારમાં ઓટો અને FMCG શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી હતી, જ્યારે રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચાણ જોવા મળ્યું હતું.

### સોનાના વાયદામાં રૂ.2788 અને ચાંદીના વાયદામાં રૂ.9990નો ઉછાળો


# ક્રૂડ તેલના વાયદામાં રૂ.1139નો કડાકો

### કોમોડિટી વાયદાઓમાં રૂ.43951.32 કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.216088.04 કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 26780.60 કરોડનાં કામકાજ: બુલિયન ઇન્ડેક્સ બુલડેક્સ વાયદો 36834 પોઇન્ટના સ્તરે

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.260039.79 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.43951.32 કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.216088.04 કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો 36834 પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.5470.36 કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. 26780.60 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.152000ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.152889 અને નીચામાં રૂ.151653ના સ્તરને સ્પર્શી, રૂ.149753ના આગલા બંધ સામે રૂ.2788ના ઉછાળા સાથે રૂ.152541ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો 8 ગ્રામદીઠ રૂ.1834 વધી રૂ.122662 થયો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો 1 ગ્રામદીઠ રૂ.220 વધી રૂ.15368ના ભાવે બોલાયો હતો. સોનું-મિની જૂન વાયદો 10 ગ્રામદીઠ રૂ.2728ની તેજી સાથે રૂ.152478 થયો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો 10 ગ્રામદીઠ રૂ.150949ના




ભાવે ખૂલી, ઉપરમાં રૂ.153000 અને નીચામાં રૂ.150949ના મથાળે અથડાઈ, રૂ.150097ના આગલા બંધ સામે રૂ.2578 વધી રૂ.152675ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.249316ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.255409 અને નીચામાં રૂ.249316ના મથાળે અથડાઈ, રૂ.244316ના આગલા બંધ સામે રૂ.9990ના ઉછાળા સાથે રૂ.254306ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.9117 ઊછળી રૂ.257170ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.9064ની તેજી સાથે રૂ.257173ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. 4742.35 કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.23.65 વધી રૂ.1311.2ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.1.9 વધી રૂ.347.55ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.6.3 ઘટી રૂ.368.2ના સ્તરે પહોંચ્યો હતો. સીસું મે વાયદો 85 પૈસા વધી રૂ.201 થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. 12036.73 કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.4574ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.4650 અને નીચામાં રૂ.4445ના મથાળે અથડાઈ, રૂ.59 વધી રૂ.4592ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ મે વાયદો બેરલદીઠ રૂ.9610ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.9644 અને નીચામાં રૂ.8380ના સ્તરને સ્પર્શી, રૂ.9698ના આગલા બંધ સામે રૂ.1139ના ભાવઘટાડા સાથે રૂ.8559ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ-મિની મે વાયદો રૂ.1142 ઘટી રૂ.8557 થયો હતો. નેચરલ ગેસ મે વાયદો એમએમબીટીયુદીઠ રૂ.10.2 ઘટી રૂ.256.8 થયો હતો. નેચરલ ગેસ-મિની મે વાયદો રૂ.9.8 ઘટી રૂ.257.2 થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.989.9ના ભાવે ખૂલી, 70 પૈસા ઘટી રૂ.986.5 થયો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.2743ના ભાવે ખૂલી, રૂ.40 ઘટી રૂ.2802ના સ્તરે પહોંચ્યો હતો.

### ભારતમાં સૌથી વધુ લોકોની નોકરી જશે

# આઈટી સેક્ટરની મોટી કંપની કોગ્નિઝેન્ટ 15 હજાર જેટલા કર્મચારીઓને છૂટા કરાશે

મુંબઈ

આઈટી સેક્ટરની મોટી કંપની કોગ્નિઝેન્ટ પોતાના વર્કફોર્સમાં મોટો ઘટાડો કરવા જઈ રહી છે, જેનાથી દુનિયાભરમાં 15,000થી વધુ કર્મચારીઓ પર અસર પડી શકે છે. મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, આ છટણીમાં ભારતમાં સૌથી વધુ કર્મચારીઓની નોકરીઓ જશે, જે ઓરેકલ અને એમેઝોન પછી આ વર્ષની સૌથી મોટી ટેક છટણી માનવામાં આવી રહી છે. કોગ્નિઝેન્ટના કુલ 3.57 લાખથી વધુ કર્મચારીઓમાંથી 2.50 લાખ કર્મચારીઓ ભારતમાં કામ કરે છે. જોકે, કંપનીએ છટણીની ચોક્કસ સંખ્યાની હજુ જાહેરાત કરી નથી, પરંતુ રિપોર્ટ અનુસાર, 12,000 થી 15,000 ની વચ્ચે નોકરીઓ જઈ શકે છે.

ભારત કંપનીનું સૌથી મોટું વર્કફોર્સ હબ છે, તેથી અહીં અસર પણ સૌથી વધુ થવાની સંભાવના છે.




સેવરન્સ પર 320 મિલિયન ડોલર ખર્ચ કરશે કંપની.

કંપનીએ છટણીનો અંદાજ 'પ્રોજેક્ટ લીપ' હેઠળ નિર્ધારિત બજેટના આધારે લગાવ્યો છે.

29 એપ્રિલે ત્રિમાસિક પરિણામોની જાહેરાત દરમિયાન, કોગ્નિઝન્ટે જણાવ્યું હતું કે તે સેવરન્સ કોસ્ટ (કર્મચારીઓને દૂર કરતી વખતે આપવામાં આવતું વળતર) પર 230 મિલિયન ડોલરથી 320 મિલિયન ડોલર ખર્ચ કરવાની અપેક્ષા રાખે છે. આમાં કર્મચારીઓને આપવામાં આવતું વળતર અને અન્ય લાભો શામેલ છે. ભારતમાં કર્મચારીઓની સરેરાશ વાર્ષિક સેલરી લગભગ 15 લાખ રૂપિયા છે. જો છટણીમાં કાઢી મૂકવામાં આવેલા કર્મચારીઓને 6 મહિનાની સેલરી બરાબર સેવરન્સ પે આપવામાં આવે, તો દરેક કર્મચારીને લગભગ 7.5 લાખ રૂપિયા મળશે.

# સેમસંગ-ઇલેક્ટ્રોનિક્સની માર્કેટ વેલ્યુ 1 ટ્રિલિયન ડોલર પાર થઈ

- **1 ટ્રિલિયન ડોલર પાર કરનારી એશિયાની બીજી કંપની બની**

મુંબઈ

સાઉથ કોરિયાની દિગ્ગજ કંપની સેમસંગ ઈલેક્ટ્રોનિક્સની માર્કેટ વેલ્યુ 1 ટ્રિલિયન ડોલર એટલે કે લગભગ 95.08 લાખ કરોડ રૂપિયાને પાર થઈ ગઈ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ચિપ્સની વધતી માંગને કારણે દુનિયાની આ સૌથી મોટી મેમરી ચિપ મેકર કંપનીના શેરોમાં છેલ્લા એક વર્ષમાં લગભગ 400%નો ઉછાળો આવ્યો છે. બુધવારે કારોબાર દરમિયાન સેમસંગના શેરોમાં 15%નો ઉછાળો આવ્યો છે. આ સાથે જ તાઈવાનની TSMC પછી સેમસંગ આ મુકામ મેળવનારી એશિયાની બીજી કંપની




બની ગઈ છે. કોરિયન બજારમાં તેજી, કોસ્પી ઈન્ડેક્સ 7,400ને પાર સેમસંગના શેરોમાં આવેલી આ તેજીની અસર સાઉથ કોરિયાના બેન્ચમાર્ક ઈન્ડેક્સ કોસ્પી (Kospi) પર પણ જોવા મળી, તે 7,400ના સ્તરને પાર થઈ ગયો. સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં દબદબો અને ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વધતા રોકાણે રોકાણકારોને ચિપમેકર્સ તરફ આકર્ષિત કર્યા છે. આ જ ટ્રેન્ડને કારણે ટેકનોલોજી સ્ટોક્સમાં ભારે તેજી જોવા મળી રહી છે. છેલ્લા એક મહિનામાં SK હાઈનિક્સના શેરોમાં 81%થી વધુ અને TSMCમાં 21.77%નો વધારો નોંધાયો છે. આ પહેલા માર્ચ ક્વાર્ટરમાં સેમસંગના સેમિકન્ડક્ટર ડિવિઝનના નફામાં વાર્ષિક ધોરણે 48 ગણી મોટી ગ્રોથ જોવા મળ્યો હતો. AI-આધારિત ડેટા સેન્ટર્સમાંથી મળી રહેલી મજબૂત માંગ અને વધુ સારા માર્જિને કંપનીની કમાણીને નવી ઊંચાઈઓ પર પહોંચાડી દીધી છે.

### સેવન્થ ડે સ્કૂલની માન્યતાને લઈ સવાલ ઉઠ્યા

# જન આક્રોશ વાલી સંઘર્ષ સમિતિનો જનજાગૃતિ અભિયાન : વાલીઓને તપાસ કરી પ્રવેશ લેવા અપીલ



■ જનાક્રોશ વાલી સંઘર્ષ સમિતિએ શાળાના સત્તાધીશો પાસે જવાબ માંગ્યા

અમદાવાદ

અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી વિવાદાસ્પદ સેવન્થ ડે સ્કૂલનો વહીવટ કામચલાઉ ધોરણે શાળાને સોંપવામાં આવ્યો છે. ત્યારે જનઆક્રોશ વાલી સંઘર્ષ સમિતિ દ્વારા આજે 6 મેના રોજ સેવનથ ડે સ્કૂલની બહાર ભેગા થઈને સ્કૂલમાં એડમિશન લેવાને લઈ વાલીઓને જાગૃત કરવામાં આવ્યા હતા કે આ સ્કૂલમાં પૂરતા પુરાવા છે અને તેની માન્યતા છે નહીં એ એકવાર તપાસી લેવા બાદમાં એડમિશન લેવા એવી રજૂઆત કરી હતી. સેવેન્થ ડે સ્કૂલનું રજીસ્ટ્રેશન રદ થવાની ભીતિને લઈ વાલીઓ અસમંજસમાં મુકાયા છે. જનાક્રોશ વાલી સંઘર્ષ સમિતિએ શાળાના સત્તાધીશો પાસે જવાબ માંગ્યા હતાં. નવા એડમિશન લેનારા વાલીઓને મોટી રકમની ફી ગુમાવવાનું જોખમ ઊભું થઈ શકે છે. શાળા રજીસ્ટ્રેશન રદ નહિ થાય તેવી ખાતરી સાથે એડમિશન આપવાની માંગ કરી છે.

ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં વિધાર્થીના મોત બાદ સરકાર હસ્તક શાળા લેવામાં આવી હતી. સ્કૂલના પુરાવા માન્યતા વગેરે માંગવામાં આવી હતી જે રજૂ કર્યા બાદ સ્કૂલને ફરીથી તમામ વહીવટ પરત આપી દેવામાં આવ્યો છે.

જોકે નવું સત્ર શરૂ થતા પહેલા તમામ વહીવટ શાળાને કામ ચલાઉ ધોરણે સોંપાયો હોવાને લઈને જન આક્રોશ વાલી સંઘર્ષ સમિતિ દ્વારા આજે સ્કૂલના સત્તાધીશો સમક્ષ રજૂઆત કરી હતી. રાકેશ માખીજા નામના વાલીએ જણાવ્યું હતું કે, નયનની હત્યા બાદ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા સ્કૂલને અવારનવાર નોટિસ આપવામાં આવી પછી અને પુરાવા સહિત વગેરે બાબતો રજૂ કરવા જણાવ્યું હતું પરંતુ તેમના દ્વારા સહયોગ આપવામાં આવ્યો નહોતો. રાજ્ય સરકાર દ્વારા સ્કૂલને સરકાર હસ્તગત લેવામાં આવી હતી.

સ્કૂલ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં પિટિશન કરવામાં આવી હતી. સ્કૂલને ફરીથી સાંભળવા માટે સૂચન કરાવ્યું હતું અને જેને માન્ય રાખી અને સરકાર દ્વારા સ્કૂલને ફરી સાંભળવાનો ઠરાવ રદ કરવામાં આવ્યો જેથી એવું ન કહી શકાય કે શાળાની ત્રુટીઓ પૂરી થઈ ગઈ છે. AMC દ્વારા પણ નોટિસ આપવામાં આવી હતી જેમાં પણ હજી સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. વાલીઓને અમે વિનંતી કરીએ છીએ કે સ્કૂલમાં પ્રવેશ મેળવતા પહેલા તમામ બાબતની તપાસ કરી લે જેથી આપણા બાળકનું ભવિષ્ય જોખમાઈ નહીં.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે સ્કૂલને માત્રને માત્ર વહીવટ સોંપવામાં આવ્યો છે. સ્કૂલ દ્વારા નવા એડમિશન લેવાની શરૂઆત કરવામાં આવી છે ત્યારે સવાલ એ છે કે એટલી બધી કેમ ઉતાવળ સ્કૂલ દ્વારા કરવામાં આવી છે. સ્કૂલ દ્વારા પોતાના દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવતા નથી. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરારમાં જે કરાર ભંગ થયો છે તેને પરિપૂર્ણ કરી શકતી નથી. માત્ર એડમિશન લેવા અને વ્યવસાય કરવો જે યોગ્ય નથી.

### ડોક્ટરોના ખુલાસાથી તંત્ર દોડતું થયું

# ચાંદખેડા 'ખીરા કેસ'માં મેડિકલ રિપોર્ટ બાદ નવો વળાંક આવ્યો

અમદાવાદ

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ચકચાર જગાવનાર 'ખીરા કેસ'માં દરરોજ નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. માસૂમ બાળકીઓ સાથે બનેલી આ કથિત ઘટનામાં હવે તબીબી તપાસના અહેવાલો (Medical Reports) આવી પહોંચ્યા છે. આ રિપોર્ટ્સ જોઈને ડોક્ટરોએ જે અવલોકન કર્યું છે તેનાથી કેસની દિશા બદલાઈ શકે તેમ છે.

બાળકીઓની શારીરિક તપાસ કરનાર નિષ્ણાત ડોક્ટરોના જણાવ્યા અનુસાર, પ્રાથમિક અહેવાલોમાં કેટલીક ગંભીર વિગતો નોંધાઈ છે. ડોક્ટરે સ્પષ્ટ કર્યું છે કે:

બાળકીઓના શરીર પર મળેલા નિશાન અને તેમની તબીબી સ્થિતિ ચોક્કસ દિશામાં ઈશારો કરે છે.

રિપોર્ટમાં કેટલીક એવી બાબતો છે જે પોલીસ ફરિયાદમાં નોંધાયેલી હકીકતોને સમર્થન આપે છે.

બાળકીઓની માનસિક સ્થિતિ અને તેમના વર્તનને ધ્યાનમાં રાખીને સાયકોલોજિકલ કાઉન્સેલિંગની પણ સલાહ આપવામાં આવી છે.



મેડિકલ રિપોર્ટના આધારે ચાંદખેડા પોલીસ હવે આ કેસમાં વધુ કડક કલમો ઉમેરી શકે છે.

તપાસનીશ અધિકારીઓના જણાવ્યા મુજબ, ડોક્ટરોનો અભિપ્રાય આ કેસમાં સૌથી મહત્વનો પુરાવો સાબિત થશે. આરોપીઓ સામેના પુરાવા મજબૂત કરવા માટે એફએસએલ (FSL) ની મદદ પણ લેવામાં આવી રહી છે.

સ્થાનિકોમાં રોષ: કડક સજાની માંગ

આ કેસમાં જેમ જેમ વિગતો બહાર આવી રહી છે તેમ તેમ સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લોકોની એક જ માંગ છે કે માસૂમ બાળકીઓ સાથે આવું કૃત્ય કરનાર સામે દાખલારૂપ કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ આવું હિંમત ન કરે.

બાળકીઓની સુરક્ષા અને ન્યાય માટે અમારું અખબાર આ કેસ પર સતત નજર રાખી રહ્યું છે. મેડિકલ રિપોર્ટના આધારે હવે આગળની કાનૂની પ્રક્રિયા કેવી રીતે આગળ વધે છે, તે જોવું મહત્વનું રહેશે.

### અમદાવાદના નરોડા વોર્ડમાં ચૂંટણી વિવાદ

# "ડૉ." ટાઇટલ પર સવાલ, કોંગ્રેસે ઉઠાવી ગંભીર ફરિયાદ

અમદાવાદ

શહેરના નરોડા વોર્ડમાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ એક ગંભીર વિવાદ સામે આવ્યો છે. કોંગ્રેસ દ્વારા સત્તાવાર રીતે જિલ્લા પ્રશાસન અને પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી છે, જેમાં ચૂંટાયેલા સભ્ય ડો. ચંદાબેન વિઠ્ઠલભાઈ પટેલની શૈક્ષણિક લાયકાત અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

ફરિયાદ અનુસાર, ડો. ચંદાબેન પટેલે પોતાના ચૂંટણી એફિડેવિટમાં શૈક્ષણિક લાયકાત અંગે ખોટી અને ભ્રામક માહિતી આપી હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે. કોંગ્રેસના નરોડા વોર્ડના ઉમેદવાર જીગર સૂર્યકાંતભાઈ વ્યાસે આ મામલે લેખિત રજૂઆત કરી છે.

મુખ્ય આક્ષેપો મુજબ, ઉમેદવારે પોતાને "Doctor (Dr.)" તરીકે રજૂ કરીને મતદારોમાં વિશ્વાસ પેદા કરવાનો પ્રયાસ કર્યો હતો. વધુમાં, બેલેટ પેપર પર પણ તેમનું નામ "Dr." તરીકે દર્શાવવામાં આવ્યું હતું. પ્રાથમિક માહિતી પ્રમાણે, દર્શાવેલ ડિગ્રી માન્ય સત્તાધિકૃત સંસ્થા દ્વારા આપવામાં આવેલી નથી અથવા તે



શંકાસ્પદ હોવાનું કહેવાઈ રહ્યું છે.

કોંગ્રેસનું માનવું છે કે જો આ આક્ષેપો સાચા સાબિત થાય તો તે મતદારોને ગેરમાર્ગે દોરવાનો અને ચૂંટણી પ્રક્રિયા પ્રભાવિત કરવાનો ગંભીર પ્રયાસ ગણાશે, જે લોકશાહી મૂલ્યોના વિરુદ્ધ છે.

શહેર કોંગ્રેસે સ્પષ્ટ કર્યું છે કે લોકશાહી પ્રણાલીનું મૂળ તત્વ પારદર્શિતા અને મતદારોનો વિશ્વાસ છે, અને આ વિશ્વાસને ભંગ કરતી કોઈપણ પ્રવૃત્તિ સહન કરવામાં આવશે નહીં.

પ્રદેશ પ્રવક્તા અને મીડિયા કોર્ડિનેટર હેમાંગ મહિપતરામ રાવલે જણાવ્યું કે, "આ મુદ્દે કાયદેસરની લડત ચાલુ રહેશે અને સત્ય બહાર લાવવા માટે કોંગ્રેસ પ્રતિબદ્ધ છે."

# RTE પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ થયો પૂર્ણ, 13,622 વિધાર્થીઓને સીટ ફાળવાઈ

### 'હું શાળાઓને પણ સ્પષ્ટ કરવા માંગુ છું કે વિધાર્થીઓના એડમિટ કાર્ડમાં જે ડોક્યુમેન્ટ્સ લખેલા છે, તમારે માત્ર તે જ જોવાના છે : DEO

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે રાઈટ ટુ એજ્યુકેશન એટલે કે, RTE હેઠળની પ્રવેશ પ્રક્રિયાનો પ્રથમ રાઉન્ડ પૂર્ણ થઈ ગયો છે. આ વર્ષે અમદાવાદમાં કુલ 38,334 જેટલા ફોર્મ મંજૂર કરવામાં આવ્યા હતા, જેમાંથી 13,622 જેટલાં વિદ્યાર્થીઓને શાળાઓમાં સીટ ફાળવવામાં આવી છે. સીટ મેળવનાર આ તમામ વિદ્યાર્થીઓએ આગામી 12 તારીખ સુધીમાં પ્રવેશ લેવાનો રહેશે. ત્યારબાદ 12 તારીખ પછી ખાલી રહેલી સીટો પર બીજા રાઉન્ડની શરૂઆત કરવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓએ ફરીથી ફોર્મ ભરવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે, પ્રવેશ પ્રક્રિયાને લઈને વાલીઓ તરફથી એવી ફરિયાદો મળી રહી છે કે શાળાઓ દ્વારા વધારાના ડોક્યુમેન્ટ માંગવામાં આવે છે. આ અંગે તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે શાળાઓએ માત્ર ફોર્મમાં ભરેલી વિગતો જ ચકાસવાની રહેશે અને કોઈ વધારાના ડોક્યુમેન્ટ માંગવાના નથી. જો શાળાઓ વધારાના ડોક્યુમેન્ટ માંગીને એડમિશન આપવામાં કોઈ પણ પ્રકારની કચાશ રાખશે, તો તે બિલકુલ ચલાવી લેવામાં આવશે નહીં. વધુમાં, જો કોઈ શાળાને વાલીની આવક મર્યાદા વધુ હોવાની શંકા જણાય, તો તેમણે તે અંગે નક્કી કરેલી ચોક્કસ પદ્ધતિ મુજબ જ કાર્યવાહી કરવાની રહેશે.

આ અંગે અમદાવાદ સિટીના DEO રોહિત ચૌધરીએ જણાવ્યું કે, 'અમદાવાદ શહેરમાં 38,333 જેટલા ફોર્મ એપ્રુવ થયા હતા, જે પૈકી 14,200 બેઠકોની સામે અમે પ્રથમ રાઉન્ડમાં 13,622 વિદ્યાર્થીઓને બેઠકો ફાળવી છે. આ એલોટ થયેલા વિદ્યાર્થીઓએ 12 તારીખ સુધીમાં પોતાનો પ્રવેશ મેળવી લેવાનો રહેશે તેવી સૂચના આપવામાં આવી છે. 14,200માંથી બાકી રહેલી બેઠકો અને જે વિદ્યાર્થીઓ એડમિશન નહીં લે તેમની બેઠકો ભેગી કરીને, સરકાર અને પ્રાથમિક શિક્ષણ નિયામકની સૂચના મળે તે પ્રમાણે 12 તારીખ પછી અમે બીજો રાઉન્ડ જાહેર કરીશું.'

DEOએ કહ્યું કે, 'હું શાળાઓને પણ સ્પષ્ટ કરવા માંગુ છું કે વિદ્યાર્થીઓના એડમિટ કાર્ડમાં જે ડોક્યુમેન્ટ્સ લખેલા છે, તમારે માત્ર તે જ જોવાના છે. અમને ક્યાંકને ક્યાંક એવી ફરિયાદો મળી છે કે શાળાઓ પાનકાર્ડ કે ઈન્કમ ટેક્સ રિટર્ન જેવા વધારાના ડોક્યુમેન્ટ્સ માગે છે, પરંતુ અત્યારે આવા કોઈ જ ડોક્યુમેન્ટ માગવાના નથી. 12 તારીખ સુધીમાં વાલી ડોક્યુમેન્ટ લઈને આવે એટલે તમામ બાળકોને પ્રવેશ આપવો એ શાળાની ફરજ છે અને તેમાં કોઈ પણ પ્રકારનો વિલંબ સહેજ પણ સાંખી લેવામાં નહીં આવે.

# વટવાના બીબી તળાવ રોડ પર પડ્યો ભૂવો, બાઈક સવાર ગાડી સાથે ભુવામાં ખાબક્યો..!

■ અચાનક જ જમીન ફાટી હોય તેમ મોટો ભુવો પડ્યો અને અંકિત બાઈક સાથે અંદર ગરકાવ થઈ ગયો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓ વચ્ચે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ની ગંભીર બેદરકારી સામે આવી છે. વટવા વિસ્તારના બીબી તળાવ રોડ પર ગત 5મી મેની રાત્રે એકાએક રસ્તો બેસી જતાં સર્જાયેલા વિશાળ ભુવામાં એક નિર્દોષ બાઈક સવાર યુવક ખાબક્યો હતો. તંત્રની આ લાલિયાવાડીને કારણે મોડી રાત્રે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, વટવાના વ્યસ્ત માર્ગ પરથી અંકિત યાદવ નામનો યુવક પોતાની બાઈક લઈને પસાર થઈ રહ્યો હતો. તે સમયે અચાનક જ જમીન ફાટી હોય તેમ મોટો ભુવો પડ્યો અને અંકિત બાઈક સાથે અંદર ગરકાવ થઈ ગયો. આ અણધારી દુર્ઘટના જોઈને આસપાસના લોકો સ્તબ્ધ થઈ ગયા હતા. લોકોએ તુરંત સાવચેતી વાપરી ભુવાની આસપાસ બેરિકેડ્સ ગોઠવી દીધા જેથી અન્ય કોઈ વાહન તેમાં ન ખાબકે.

ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ દોરડાની મદદથી પેલા ઊંડા ખાડામાં ફસાયેલા અંકિતને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ તેની બાઈકને પણ બહાર કાઢવામાં આવી હતી. ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સદનસીબે આ દુર્ઘટનામાં યુવકનો જીવ બચી ગયો છે, પરંતુ તંત્રની બેદરકારીએ અનેક સવાલો ઉભા કર્યા છે. સૌથી ચોંકાવનારી બાબત એ છે કે, આ દુર્ઘટના અટકાવી શકાઈ હોત. સ્થાનિક નાગરિકોએ ગત 27મી એપ્રિલના રોજ જ લેખિતમાં ડેપ્યુટી સિટી એન્જિનિયરને રજૂઆત કરી હતી કે, આ માર્ગ પર ભુવો પડવાની પૂરી શક્યતા છે. તેમ છતાં, દક્ષિણ ઝોનના એન્જિનિયર વિભાગે આ રજૂઆતને કચરાપેટીમાં નાખી દીધી અને કોઈ જ તપાસ કે સમારકામ કર્યું નહીં. તંત્રના આ બેજવાબદાર વલણને કારણે આજે એક નાગરિક હોસ્પિટલના બિછાને છે. શું AMC હવે જાગશે કે પછી કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોશે?



### ઉબેર દ્વારા રાણીપ પહોંચ્યા, બાદમાં મૂળ વતનમાં સંતાયા

# જીવરાજ બ્રિજ હત્યા હત્યા કરનાર ચાર પૈકી ત્રણ મુખ્ય આરોપીઓને પોલીસે બનાસકાંઠામાંથી ઝડપ્યા

અમદાવાદ

અમદાવાદમાં જીવરાજ બ્રિજ નીચે દીકરાના પ્રેમલગ્નના કૌટુંબિક વિવાદ અને અંગત અદાવતમાં 52 વર્ષીય નટુભાઈ પરમારની લાકડી અને લોખંડની પાઈપના ફટકા મારીને હત્યા કરનાર ચાર પૈકી ત્રણ મુખ્ય આરોપીઓને પોલીસે બનાસકાંઠાના દાંતીવાડામાંથી ઝડપી પાડ્યા છે. હત્યાને અંજામ આપ્યા બાદ ઓળખ છુપાવીને રાજસ્થાન ભાગી જવાની ફિરાકમાં રહેલા આ આરોપીઓને પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને ડિજિટલ ફૂટપ્રિન્ટના આધારે ટ્રેસ કરી લીધા હતા અને લોકલ LCBની મદદથી રાજ્ય છોડે તે પહેલા જ દબોચી લીધા છે, જ્યારે ફરાર ચોથા આરોપીને પકડવા માટે તપાસ હાથ ધરી છે. આ અંગે DCP ઝોન 7એ જણાવ્યું કે, ગત તારીખ 2 મેના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં જીવરાજ બ્રિજ નીચે બાપા સીતારામ મોબાઈલ સ્ટોર આગળ નટુભાઈ પરમાર નામના એક શખ્સની ચાર લોકોએ લોખંડની પાઈપ અને લાકડીથી માર મારીને હત્યા કરી દીધી હતી. આ બનાવની ફરિયાદ નોંધાયા બાદ, અમારી ટીમે ઓળખ અને ડિટેક્શન માટે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. અમે આરોપીઓનું લોકેશન ટ્રેસ કર્યું અને બનાસકાંઠા લોકલ પોલીસની મદદથી દાંતીવાડામાંથી ચારમાંથી ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. જેમાં મુખ્ય આરોપી હસમુખ વાઘેલા છે, જ્યારે કાંતિભાઈ ઉર્ફે લેલીવાળા અને ભાવેશ પરમાર અન્ય બે આરોપીઓ છે, ચોથા આરોપી કેતનને પકડવાની અમારી કાર્યવાહી હજુ ચાલુ છે.



પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આ હત્યાનું મૂળ કારણ લગ્નજીવનનો કૌટુંબિક વિવાદ છે. મૃતક નટુભાઈના દીકરા કૌશિકના પાંચ વર્ષ પહેલાં માલવિકા સાથે પ્રેમલગ્ન થયા હતા. છેલ્લા છ મહિનાથી પતિ-પત્ની વચ્ચે મનદુઃખ ચાલતું હતું અને છ મહિના અગાઉ એક મિસકેરેજનો બનાવ પણ બન્યો હતો, જેને લઈને સમાધાનના પ્રયત્નો ચાલુ હતા. આ જ બાબતે માલવિકાની માતા વર્ષાબેનના કૌટુંબિક ભાઈ (મુખ્ય આરોપી) હસમુખે વચ્ચે પડીને ગત 28મી તારીખે કૌશિક અને તેના પિતા નટુભાઈ સાથે ઝઘડો કર્યો હતો. આ ઝઘડાની અદાવત રાખીને જ હસમુખે તેના મિત્રો અને સગા સાથે મળીને બીજી તારીખે નટુભાઈ પર જીવલેણ હુમલો કર્યો હતો. હત્યા કર્યા પછી આ આરોપીઓ બાઈક લઈને અને પછી ઉબેર દ્વારા રાણીપ વિસ્તારમાં પહોંચ્યા હતા, અને ત્યાંથી બસ કે અન્ય માધ્યમથી તેમના મૂળ ગામ બનાસકાંઠા ભાગી ગયા હતા.

# EVM હેક નથી થતું, પણ શું પ્રોગ્રામ થઈ શકે? જાણો EVMની અંદરનું અદ્રશ્ય વિજ્ઞાન!

અમદાવાદ, (પાક્કો ગુજરાત ડેસ્ક)

ચૂંટણી આવે એટલે EVM પર સવાલો ઉઠે અને ચૂંટણી પંચ એક જ જવાબ આપે: 'EVM એક સાદું કેલ્ક્યુલેટર છે, તે ઈન્ટરનેટથી જોડાયેલું નથી એટલે હેક ન થઈ શકે.' પરંતુ, શું ખરેખર સુરક્ષા આટલી જ મજબૂત છે? આજે 'પાક્કો ગુજરાત' તમને કોઈ ગપ્પા કે રાજકીય બકવાસ નહીં, પણ શુદ્ધ ટેકનિકલ તર્ક અને ગણિત સાથે EVM ની અંદરની દુનિયા સમજાવશે.

૧. OTP ચિપ: સુરક્ષા કે છટકબારી?

ચૂંટણી પંચ કહે છે કે EVM માં 'વન ટાઈમ પ્રોગ્રામેબલ' (OTP) ચિપ છે, જે એકવાર લખાયા પછી બદલી શકાતી નથી. વાત સાચી, પણ અડધી છે. આઈટીની ભાષામાં જેને 'Supply Chain Attack' કહેવાય છે તે મુજબ, જો ચિપ બનાવતી વખતે જ ફેક્ટરીના પ્રોગ્રામર દ્વારા મૂળ કોડમાં કોઈ 'દૂષિત કોડ' (Malicious Code) નાખી દેવામાં આવે, તો આ જ OTP ફીચર એ ગરબડને કાયમ માટે લોક કરી દેશે! સોર્સ કોડ ગુપ્ત હોવાથી તેને બહારની કોઈ વ્યક્તિ ચકાસી શકતી નથી.



૨. 'ઈફ-થેન' (If-Then) લોજિક: મોક પોલની મર્યાદા

ચૂંટણી પહેલા ઉમેદવારોના એજન્ટોની હાજરીમાં 'મોક પોલ' થાય છે. પણ કોમ્પ્યુટર પ્રોગ્રામિંગમાં Internal Counter નામની ચીજ હોય છે. મશીન આરામથી સમજી શકે છે કે પહેલા ૨૦૦-૫૦૦ વોટ (મોક પોલ) માં સાચું પરિણામ બતાવવું, પણ જ્યારે વોટિંગ ૧૦૦૦ થી વધે ત્યારે અસલ ખેલ શરૂ કરવો!

* ઉદાહરણ: જો મશીનમાં એવો કોડ હોય કે દર ૫ માંથી ૧ વોટ અમુક ખાસ ચિહ્નને જાય, તો તે મોક પોલમાં પકડાશે જ નહીં કારણ કે ત્યારે વોટની સંખ્યા ઓછી હોય છે.

૩. કેલ્ક્યુલેટરનું ઉદાહરણ: 'હિડન ટ્રિગર'નો ખેલ

ધારો કે એક કેલ્ક્યુલેટરમાં એવો છુપો કોડ છે કે જ્યાં સુધી તમે સામાન્ય ગણતરી કરો ત્યાં સુધી તે સાચો જવાબ આપે (૨+૨=૪). પણ જો કોઈ ચોક્કસ 'સીક્રેટ કી' (દા.ત. 999 +) દબાવે, તો મશીન 'મેનિપ્યુલેશન મોડ'માં આવી જાય અને પરિણામ બદલવા લાગે. EVM માં પણ કોઈ બટનનું ચોક્કસ કોમ્બિનેશન દબાવવાથી આવું 'ટ્રિગર' એક્ટિવેટ થઈ શકે છે, જે સામાન્ય તપાસમાં ક્યારેય પકડાય નહીં.

૪. VVPAT: શું આંખે દેખાય તે જ સત્ય છે?

VVPAT માં ૭ સેકન્ડ માટે કાચ પાછળ દેખાતી સ્લિપ એ માત્ર વિઝ્યુઅલ સંતોષ છે, તે 'ક્રિપ્ટોગ્રાફિક વેરિફિકેશન' નથી. જ્યાં સુધી મતદાર એ કાગળ જાતે હાથમાં લઈને પેટીમાં ન નાખે, ત્યાં સુધી મશીને જે છાપ્યું છે તે જ પેટીમાં પડ્યું છે તેની ૧૦૦% ગેરેન્ટી તકનીકી રીતે આપી શકાય નહીં.

૫. ગણિતનું ગણિત: રેન્ડમ ચેકિંગમાં ચોરી પકડાય?

જો ૧૦૦ માંથી માત્ર ૫ બૂથ પર જ ગરબડવાળા મશીન હોય અને હાર-જીતનો તફાવત માત્ર ૨% થી ૩% જ બદલવાનો હોય, તો રેન્ડમ રીતે થતા VVPAT ઓડિટમાં આ ચોરી પકડાવાની શક્યતા નહિવત્ છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI